॥ શ્રી ગોપાલપ્રભુ વિજયતે ॥
॥ શ્રી ગોવર્ધનનાથપ્રભુ વિજયતે ॥

## પુષ્ટિમાર્ગીય

# સેવા શૃંગાર

**પ્રેરક એવં માર્ગદર્શક**

**અનંતશ્રી વિભૂષિત જગદ્‌ગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્ય પીઠાધીશ્વર**

**વૈષ્ણવાચાર્ય શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રી**

(કડી – અમદાવાદ)

**સંયોજક**

**વૈષ્ણવાચાર્ય ગોસ્વામી શ્રી યદુનાથજી મહોદયશ્રી**

**વૈષ્ણવાચાર્ય ગોસ્વામી શ્રી દ્વારકેશલાલજી મહોદયશ્રી**

**વૈષ્ણવાચાર્ય ગોસ્વામી શ્રી જયદેવલાલજી મહોદયશ્રી**


-: પ્રકાશક :-

**શ્રી પુષ્ટિ સેવા ટ્રસ્ટ**

'વ્રજધામ', વ્રજધામ માર્ગ, સીમા હોલ પાસે, શ્યામલ 100' રોડ,
સેટેલાઈટ, અમદાવાદ - 15.


(A)


પ્રકાશક : **શ્રી પુષ્ટિ સેવા ટ્રસ્ટ**

આવૃત્તિ : **પ્રથમ**

પ્રતઃ : **૫૦૦૦**

પ્રકાશન સહાય :

ટાઈપ સેટીંગ મુદ્રક : **નિલકંઠ એન્ટરપ્રાઈઝ (હેમાંગભાઈ)**
1158/5, બેંક ઓફ ઈન્ડિયા બિલ્ડીંગ,
સાંકડી શેરીના નાકે, માણેકચોક, અમદાવાદ-1.
(મો.) 98242 60183


**પ્રાપ્તિસ્થાન**

(B)

॥ શ્રી ગોપાલપ્રભુ વિજયતે ॥
॥ શ્રી ગોવર્ધનનાથપ્રભુ વિજયતે ॥



## વૈષ્ણવાચાર્ય શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રી

(કડી – અમદાવાદ)

**'વ્રજધામ'**ના પંચમ્ પાટોત્સવના શુભ અવસરે પુષ્ટિમાર્ગીય **'સેવા શૃંગાર'** પુસ્તિકાનું પ્રકાશન **'શ્રી પુષ્ટિ સેવા ટ્રસ્ટ'** દ્વારા થઈ રહ્યું છે. તે પ્રસંગે સર્વે વૈષ્ણવ સૃષ્ટિને શુભકામના એવં શુભાશીર્વાદ સાથે એવી મંગલભાવના રાખીએ છીએ કે આ પુસ્તિકા આપ સર્વેજનોને ખૂબ જ ઉપયોગી અને સેવામાં સહાયક થશે.

**'કૃષ્ણ સેવા સદા કાર્યા'** શ્રી વલ્લભની આ ઉક્તિ સમગ્ર પુષ્ટિ સૃષ્ટિ માટેની સનાતન આજ્ઞા છે. દરેક બ્રહ્મસંબંધી જીવના ઘરે ભગવદ્ સ્વરૂપ બીરાજવું જોઈએ અને શ્રી વલ્લભપ્રભુની પ્રણાલિકા અનુસાર તેમની સેવા કરવી એ દરેક પુષ્ટિજીવનું કર્તવ્ય છે.

આપ સર્વે વૈષ્ણવજનો આ પુસ્તિકાનો લાભ લઈ, સેવા શૃંગારનું જ્ઞાન મેળવી પ્રભુને વિવિધ પ્રકારે લાડ લડાવશો એમાંજ આ પુસ્તિકાની સાર્થકતા સિદ્ધ થશે.

શુભમ્
ગો. શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રી



# નિત્ય દર્શન સમય

## શીતકાલ (દશેરાથી)

| દર્શન | સમય |
|---|---|
| મંગળા | સવારે ૦૭–૦૦ થી ૦૮–૦૦ |
| શૃંગાર | સવારે ૦૯–૧૫ થી ૦૯–૩૦ |
| રાજભોગ | સવારે ૧૦–૩૦ થી ૧૧–૩૦ |
| ઉત્થાપન | સાંય ૦૪–૩૦ થી ૦૪–૪૫ |
| સંધ્યા આરતી | સાંય ૦૫–૧૫ થી ૦૫–૩૦ |
| શયન | સાંય ૦૬–૪૫ થી ૦૭–૪૫ |

## ઉષ્ણકાલ (રામનવમીથી)

| દર્શન | સમય |
|---|---|
| મંગળા | સવારે ૦૭–૧૫ થી ૦૮–૧૫ |
| શૃંગાર | સવારે ૦૯–૧૫ થી ૦૯–૩૦ |
| રાજભોગ | સવારે ૧૦–૩૦ થી ૧૧–૩૦ |
| ઉત્થાપન | સાંય ૦૪–૪૫ થી ૦૫–૦૦ |
| સંધ્યા આરતી | સાંય ૦૫–૩૦ થી ૦૫–૪૫ |
| શયન | સાંય ૦૭–૦૦ થી ૦૮–૦૦ |

પ્રકાશક

**શ્રી પુષ્ટિ સેવા ટ્રસ્ટ**

"વ્રજધામ", અમદાવાદ. ફોન : (૦૭૯) ૩૨૯૨૧૩૦૦

# સેવા શા માટે?

શ્રી મહાપ્રભુજીના સઘળા ગ્રંથોનો અભ્યાસ કરતાં એક વાત ખૂબ સ્પષ્ટ રીતે સમજાય છે કે પુષ્ટિમાર્ગીય જીવોનું કર્તવ્ય પ્રભુની સેવા કરવાનું છે. આવી ભગવદ્‌સેવા વિષે શ્રીમહાપ્રભુજી ખૂબજ આગ્રહ રાખે છે તેના કારણો નીચે મુજબ છે.

૧. જીવ જે ભગવાનનો અંશ છે તે ભગવાનથી હજારો વર્ષો પૂર્વે વિખૂટો પડેલો છે. આવા વિખૂટા પડેલા જીવને ભગવાનને ફરીથી મેળવવા માટે સેવા સિવાય બીજો કોઈ ઉપાય કામમાં આવે તેમ નથી.

૨. જીવ ભૂલી ગયો છે કે ભગવાન તેના સ્વામી છે અને તે ભગવાનનો સેવક–દાસ છે, પરંતુ દુનિયામાં જન્મ લેતાં જ તે પોતાને સ્વામી માને છે, ને દુનિયાની સર્વ વસ્તુઓ તેની પોતાની છે એવી મમતા રાખે છે. જ્યારે જીવની આવા પ્રકારની અહંતા અને મમતા છૂટી જાય અને તે સર્વ પ્રભુને સમર્પીને દીનતા અને પ્રેમથી પ્રભુની સેવા કરે ત્યારે જ પ્રભુ પ્રસન્ન થાય.

૩. જીવે બ્રહ્મસંબંધ લીધા પછી પોતાનું બધું પ્રભુને સોંપી દઈ, તેમના દાસ બની રહેવાની પ્રતિજ્ઞા કરી છે. પુષ્ટિ જીવ પ્રભુને અન્ય કરતાં વધુ પ્રિય છે. પ્રભુનાં શ્રીઅંગમાંથી આ જીવ પ્રગટ થયો છે તેથી તેનાં સર્વ કાર્યો પ્રભુની સેવા અને પ્રસન્નતા માટે જ હોવા જોઈએ.

૪. જીવ આવું સેવામય જીવન ગાળે તો જીવનનાં સર્વ દુઃખો તેને સ્પર્શી શકતાં નથી. બીજી બાજુએ પ્રભુનો સાચો આનંદ તેને પ્રાપ્ત થતાં તેનું જીવન ઉર્ધ્વગામી બને છે. આથી જ શ્રી મહાપ્રભુજીનો આગ્રહ છે કે પુષ્ટિમાર્ગીય જીવે હંમેશા ખૂબ પ્રેમપૂર્વક યશોદાજીના લાલ શ્રીકૃષ્ણની સેવા કરવી જોઈએ.

❊ ❊ ❊ ❊ ❊



પ.ભ. ઉદયભાઈ શાહ (યુ.એસ.એ.)ના જય શ્રીકૃષ્ણ

# સેવા એટલે શું?

જગતમાં મોટા ભાગનાં લોકો જુદા જુદા દેવોની પૂજા – ઉપાસના કરે છે. વેદ આદિ ધર્મ શાસ્ત્રોમાં પૂજાનો માર્ગ બતાવવામાં આવ્યો છે. શ્રીમહાપ્રભુજીએ આપણને પૂજાના માર્ગથી તદ્દન જુદો એવો સેવાનો માર્ગ બતાવ્યો છે. 'સેવા'નો અર્થ થાય છે. ખૂબ પ્રેમપૂર્વક પ્રભુનું સેવન કરવું. સેવામાં પ્રેમ સહુથી અગત્યનો છે. સેવાની સર્વ રીતે કરવામાં આવે, પણ તેમાં પ્રેમ નહિં હોય તો તે એકડા વિનાના મીંડા જેવી છે.

"**ચેતસ્તત્ પ્રવણં સેવા**" ચિત્ત પ્રભુમાં પરોવાય તેનું નામ "**સેવા**". કોઈપણ કાર્યમાં રસ પડે ત્યારે જ તેમાં ચિત્ત પરોવાય છે. પ્રભુમાં પ્રેમ જાગે તો જ પ્રભુમાં ચિત્ત પરોવાય. દા.ત., જેમ સોયમાં દોરો પરોવવામાં એક સરખું ચિત્ત રાખીએ તો જ સોયમાં દોરો પરોવાય તેમ શ્રીપ્રભુની સેવામાં એકાગ્ર ચિત્તથી મન લગાડીને સેવા કરીએ તો જ તે સેવા સાચી કહેવાય. સેવા કરતી વેળાએ લૌકિકનો વિચાર પણ મનમાં આવો જોઈએ નહીં.

શ્રીમદ્ પ્રભુચરણ શ્રીગુસાંઈજી, સેવાનું સ્વરૂપ સમજાવતાં આજ્ઞા કરે છે કે, આપણા પોતાના શરીરથી અને ધનથી આપણા માથે બિરાજતા પ્રભુની આપણે પોતે સેવા કરીએ તેજ સાચી સેવા. શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી છે કે આપણા માર્ગમાં સેવા બે ભાવથી થાય છે. એક તો નંદાલયના ભાવની સેવા અને બીજી ગોપીજનોની નિકુંજના ભાવની. પોતાના પ્રાણપ્રિય પ્રભુને જે પ્રેમભાવથી લાડ લડાવી સેવા કરે તે ભાવના સેવા. પુષ્ટિમાર્ગીય વૈષ્ણવે પોતાના ગુરૂ દેવ દ્વારા ભગવદ્ સ્વરૂપ (પુષ્ટ) સેવ્ય કરાવી, સેવાની આજ્ઞા લઈ, પોતાના ઘરે પધરાવી, પોતાના તન મન ધનથી તેમની સેવા કરવી જોઈએ.

❊ ❊ ❊ ❊ ❊



પ.ભ. નિરીનભાઈ ઈન્દ્રવદન ચોકસી (અમદાવાદ)ના જય શ્રીકૃષ્ણ

# સેવા કરવાની રીત

શ્રી મહાપ્રભુજીએ સેવાની રીત અંગે આજ્ઞા કરી છે કે જેવી રીતે આપણા દેહને સુખ થાય તેમ બધા કાર્યો કરીએ છીએ તેવી જ રીતે પ્રભુને પણ સુખ થાય તેમ સેવા કરવી જોઈએ. સેવામાં પ્રભુના સુખનો ખૂબજ વિચાર કરવો. એક બાળકનું લાલન–પાલન કરીએ તેમ બાલભાવથી, ખૂબ પ્રેમથી તત્ સુખનો પૂરતો ખ્યાલ રાખી અને સેવામાં પુષ્કળ સાવધાન રહી સેવા કરવી.

ઋતુ અનુસાર પ્રભુને વસ્ત્ર આભૂષણ અને સામગ્રી ધરવી જોઈએ, કારણ કે સેવા પ્રભુના સુખ માટે અને પ્રભુની પ્રસન્નતા માટે છે.

સેવામાં બીજી મહત્ત્વની બાબત એ છે કે, સુંદર અને ઉત્તમ વસ્તુઓ પ્રભુને અંગીકાર કરાવવી જોઈએ. પ્રભુ ઉત્તમ વસ્તુના ભોક્તા છે તે ધ્યાનમાં રાખવું જોઈએ, (અર્ધભુક્ત એટલે કે આપણે વાપરેલી વસ્તુઓ પ્રભુને ધરવી જોઈએ નહિં. પ્રભુને ધરાવ્યા પછી જ સર્વ વસ્તુઓનો પ્રસાદ તરીકે ઉપયોગ કરવો જોઈએ) સેવા કરતી વખતે શરીર અને મનના આચારોની શુદ્ધિ જરૂરી છે. શરીર અને મન શુદ્ધ નહિ હોય તો સેવામાં એકાગ્રતા થઈ શકે નહીં. સેવા દરમ્યાન ખૂબ શાંતિ રાખવી જોઈએ. ક્રોધ અને ઉદ્વેગ પ્રભુને જરાપણ પસંદ નથી. સેવા અત્યંત પ્રસન્નતાથી પ્રભુ પ્રેરણા કરે તેમ કરવી. પ્રભુની સામે રડવું જોઈએ નહીં. પ્રભુ પાસે કોઈપણ વસ્તુની માંગણી પણ કરવી ન જોઈએ. સેવા શક્ય તેટલા સમય પર્યન્ત કરવી જોઈએ. જો સખડી ભોગ ધરાવવાની અનુકૂળતા હોય તો સહુથી ઉત્તમ છે. તે શક્ય ન હોય તો જે કંઈ પ્રકારે શક્યતા હોય તે રીતે ગુરૂદેવની આજ્ઞા લઈ આગ્રહપૂર્વક સેવા કરવી જોઈએ. કેવળ મિશ્રી ભોગ ધરીને પણ સેવા અવશ્ય કરવી જોઈએ. પ્રભુ વસ્તુના ભૂખ્યા નથી પણ ભાવનાથી જે વસ્તુ પ્રભુને





સમર્પીએ તે પ્રભુ આરોગે છે. પદ્મનાભદાસના છોલામાં પ્રભુને એટલો બધો સ્વાદ આવતો હતો કે તે પ્રભુ મન દઈને આરોગ્યા માટે જે ભાવથી થાય તે જ ઉત્તમ છે. દેખાદેખી કરવી નહીં. પુષ્ટિમાર્ગમાં સેવામાં ઓછામાં ઓછા બે જણની ચોક્કસ જરૂરિયાત છે.

❊❊❊❊❊

# સેવા કોણે કરવી?

ઉપર બતાવી તેવી દૈનિક અને વર્ષભરના ઉત્સવોની સેવા જેણે બ્રહ્મસંબંધ લીધું છે તેવા દરેક પુષ્ટિમાર્ગીય જીવે અવશ્ય કરવી જોઈએ. ઘરમાં એક વ્યક્તિ સેવા કરે તે પૂરતું નથી. સેવામાં બધાએ જોડાવું જોઈએ અને જે કંઈ બની શકે તે સેવા નિયમપૂર્વક, આગ્રહ રાખીને દીનતા અને પ્રેમથી કરવી જોઈએ, ઘરના બધા બ્રહ્મસંબંધી બાળકોને પણ સેવામાં જોડવા જોઈએ. ખૂબ પ્રેમથી નાના બાળકોને હાથ ખાસા કરાવી તેમના દ્વારા યોગ્ય સેવા કરાવવી. ખાસ તો બાળકને રોજ પ્રભુને દંડવત્ કરાવવા માટેનો આગ્રહ રાખવો. સેવા કેટલા પ્રમાણમાં કરવામાં આવે છે તે બહુ મહત્ત્વનું નથી પણ કેટલી દીનતા અને કેટલા પ્રેમથી કરવામાં આવે છે તેજ મહત્ત્વનું છે. ખૂબ મેડ–આચાર રાખીએ પણ ભાવ જ ન હોય તો સેવા એક જડ ક્રિયાવત્ બની જાય છે. વિચારપૂર્વક આચાર રાખવો જોઈએ. અત્યાચાર કરવાની પણ જરૂર નથી અને અનાચાર પણ ન કરવો. જ્યાં સુધી શરીર ચાલે ત્યાં સુધી બીજા પાસે સેવા કરાવવી ન જોઈએ. મુખ્યાજી વગેરે પાસે પણ કરાવવાનો આગ્રહ ન રાખવો જોઈએ. સામગ્રી પણ જે પોતાનાથી બને તે જ કરવી પણ બીજા પાસે કરાવવી નહીં.

❊❊❊❊❊

## સેવા કરતાં કેવી ભાવના રાખવી?

સેવા યંત્રવત્ ન બની જાય તે માટે ભાવનાપૂર્વક સેવા કરવી જોઈએ એવી શ્રી મહાપ્રભુજીની આજ્ઞા છે. ભાવના કરવાથી ધીરે ધીરે પ્રભુમાં ભાવ સ્નેહ વધે છે. આપણા માર્ગમાં ત્રણ પ્રકારની ભાવના બતાવવામાં આવી છે. (૧) સ્વરૂપ ભાવના (૨) ભાવ ભાવના (૩) લીલા ભાવના. આપણા માથે બિરાજતું સ્વરૂપ શું છે? કઈ લીલાનું છે તેનું સતત સ્મરણ થવું જોઈએ. દા.ત., શ્રીબાલકૃષ્ણલાલજી યશોદાજીની ગોદમાં ખેલતું છ દિવસની વયનું બાલસ્વરૂપ છે. ગોપીજનોને બાલસ્વરૂપ દ્વારા કિશોરભાવનો આનંદ આપનારૂં સ્વરૂપ છે, આવો ભાવ વિચારીને એ સ્વરૂપની સેવા અત્યંત બાલભાવથી કરવી જોઈએ. આપણા ઘરમાં બિરાજતું સ્વરૂપ સાક્ષાત્ પ્રભુનું જ સ્વરૂપ બિરાજે છે એમ મનમાં દ્રઢ વિશ્વાસ રાખી સાવધાનીથી સેવા કરવી.

સેવામાં વપરાતા બધા પદાર્થો, સામગ્રીઓમાં આપણે ભગવદ્સ્વરૂપની ભાવના કરવી તે જડ નથી પણ અલૌકિક સ્વરૂપ છે ને જુદા જુદા વ્રજભક્તોના ભાવાત્મક સ્વરૂપ છે એ ભાવથી દરેક પદાર્થનો સેવામાં વિનિયોગ કરવો જોઈએ. દા.ત., શય્યા મંદિરના દ્વારા એ સ્વામિનીજીના નેત્રોની પાંપણો છે, આવો ભાવ વિચારી શય્યામંદિર ખોલીએ તો શય્યા મંદિરના દ્વારા ખૂબ જ હળવેથી ખોલવા જોઈએ અને તે ખોલતાં અત્યંત રોમાંચ થઈ આવશે. આમ પ્રત્યેક સેવામાં વપરાતા પદાર્થોના અલૌકિક સ્વરૂપને સમજવું જરૂરી છે તો જ સેવાનો સાચો આનંદ આવી શકે.

વર્ષ ભરના જુદા જુદા ઉત્સવોની લીલા ભાવના પણ જણાવી જરૂરી છે. દરેક ઉત્સવની લીલા ભાવના સમજવી જોઈએ. તો જ તે દિવસે અમુક વસ્ત્રો અને શૃંગાર કેમ ધરાય છે. અમુક સામગ્રી





કેમ ધરાય છે તે સમજી શકાય. દા.ત., બીજા ઉત્સવોમાં રાજભોગમાં પ્રભુને તિલક થાય છે જ્યારે જન્માષ્ટમીના દિવસે પ્રભુને શૃંગારમાં તિલક થાય છે કારણ કે જન્માષ્ટમીના દિવસે પ્રભુએ ભૂતલ પર પધારવા વિજય તિલક કર્યું હતું. આ ભાવથી શૃંગારમાં તિલક થાય છે.

વર્ષોત્સવની લીલા ભાવનાની જેમ દરરોજની અષ્ટ સમયની સેવાની લીલા ભાવના વિચારીને સેવા કરવી જોઈએ. મંગળભોગ, રાજભોગ આદિ સમયોમાં કોના ભાવથી પ્રભુ કેવી રીતે આરોગે છે તેની લીલા ભાવના વિચારીને ભોગ ધરવામાં આવે તો તેનો આનંદ જુદો જ હોય છે.

આમ સ્વરૂપભાવના અને લીલા ભાવના વિચારીને દરરોજ આગ્રહપૂર્વક સેવા કરવી જોઈએ.

❊ ❊ ❊ ❊ ❊

## સેવા કરતાં રાખવાની સાવધાનતા

સેવામાં નીચેની બાબતો અંગે પૂરેપૂરી સાવધાનતા રાખવી જોઈએ.

૧. સેવા દરમ્યાન આપણા થુકનો છાંટો કોઈપણ સામગ્રી પદાર્થ કે પ્રભુ ઉપર ન ઉડે એની કાળજી રાખવી.
૨. સેવા કરતા ખૂબ જરૂરી હોય તો જ અને તેટલું જ બોલવું.
૩. સેવા દરમ્યાન કોઈપણ પ્રકારનો શોક, કલેશ, દુઃખ કરવા નહિં.
૪. સેવામાં શક્ય તેટલી બહારની અને મનની શુદ્ધિ રાખવી.
૫. સેવા દરમ્યાન પ્રભુ સિવાયના બીજા વિચાર આવે તો કાળજી રાખીને તેમાંથી મન હટાવવું અને પ્રભુમાં જોડાવું.

૬. આપણી વાપરેલી વસ્તુ પ્રભુના ઉપયોગમાં ન આવવી જોઇએ તેનું ધ્યાન રાખવું. અર્ધભુક્ત વસ્તુ કદાપિ વાપરવી નહિં. દા.ત., આપણા માટે કપડું લાવ્યા ને તેમાંથી વધ્યું માટે પ્રભુના વસ્ત્ર કરવાં એ પુષ્ટિમાર્ગની રીત નથી.

૭. ખૂબ દીનતાથી અને દાસભાવથી સેવા કરવી. દીનતા જ પ્રભુને પ્રસન્ન કરવાનું સાધન છે તે સતત મનમાં વિચારવું.

૮. પ્રભુ પાસે કાંઈપણ યાચના કરવી નહીં અથવા કશુંક મેળવવાની ઈચ્છાથી સેવા કરવી નહીં.

૯. શક્ય હોય ત્યાં સુધી એકાંતમાં કુટુંબ સિવાયના બીજાઓથી બચીને સેવા કરવી. આપણા પ્રભુ અથવા આપણી સેવા એ બીજાને બતાવવા માટે પ્રદર્શનની વસ્તુ નથી તેનું સદાય ધ્યાન રાખવું.

૧૦. ઉત્તમમાં ઉત્તમ વસ્તુ પ્રભુને અંગીકાર કરાવવાનો આગ્રહ રાખવો.

૧૧. બને તેટલી શુદ્ધિ જાળવવાનો આગ્રહ રાખવો.

૧૨. તેવી જ રીતે જે વસ્તુમાંથી ઘરની રસોઈ વગેરે કરતાં હોઈએ તેમાંથી જ લઈ ઠાકોરજીની સામગ્રી કરવી નહીં. દા.ત., લીલો મેવો લાવ્યા હોઈએ તો ઘરનાઓ મન ફાવે ત્યારે ખાય અને તેમાંથી જ ઠાકોરજીને પણ ભોગ માટે સિદ્ધ કરવામાં આવે તે ખોટું છે.

જેમ કે લોટ, ઘીના ડબ્બામાંથી યા મસાલામાંથી ઘરનાઓ માટે પણ રસોઈ થાય અને સામગ્રી પણ બનાવીએ તો તે 'અર્ધભુક્ત' કહેવાય અર્થાત્ અર્ધી ભોગવેલી કહેવાય. લાવેલી વસ્તુઓ તમામ ઠાકોરજીને ધરીને લેવી તે ઉત્તમ છે. જો તેમ ન શક્ય હોય તો ઠાકોરજી માટે વાપરવાની વસ્તુ અલગ રાખવી. ઠાકોરજી માટે લાવેલા મેવા આદિમાં કે સિદ્ધ થતી સામગ્રીમાં લાલસા રાખવી નહીં.



પ.ભ. વર્ષાબેન ગિરિષચંદ્ર મરચન્ટ (અમદાવાદ)ના જય શ્રીકૃષ્ણ

૧૩. સેવામાં અનાચાર ન થાય તે અંગે ધ્યાન રાખવું. ઘણીવાર જગ્યા ચોખ્ખી હોય પણ પીધેલા દૂધ પાણીના ગ્લાસ મૂકાતા હોય ત્યાં જ પ્રભુને ધરવાનો સૂકો લીલો મેવો, કાચી સામગ્રી વગેરે મૂકી દઈએ છીએ તેથી તે તે સામગ્રી જૂઠણ થઈ જાય છે. સેવામાં બીજો અનાચાર પણ ન થાય તેનો ખ્યાલ રાખવો. સર્વ પ્રથમ આપણા શરીરની પવિત્રતા યા કપડાનો વિચાર કરીએ તો નાહીને સેવા કરવી – સેવાનાં કપડાં પણ અલગ રાખવાં. સંડાસ જઈ આવીને નાહ્યા વગર સેવા કરવી નહીં કે ન તો સંડાસવાળાને અડકેલાં કપડાં સેવામાં પહેરવાં, સેવાના કપડાં અલગ રાખવાં. બહેનો હોય તો રજસ્વલાના ચાર દિવસ દરમિયાન સેવા ન થાય. ચોથે દિવસે માથાની ચીકાશ કાઢી શુદ્ધતાથી સ્નાન કરવું. પછી ઘરમાં બધે અડકાય પણ સેવા થાય નહીં કે સામગ્રી બનાવાય નહીં. પાઠ ઈત્યાદિ થઈ શકે. પાંચમે દિવસે માથાબોળ સ્નાન કરી સેવા કરવી. સૂતકમાં સેવા થતી નથી. એટલા દિવસ ઠાકોરજીને બીજા વૈષ્ણવને ત્યાં પધરાવવા.

બહારગામ જઈએ તો ઠાકોરજી સાથે પધરાવી જવા, એકલા છોડવા નહીં. ઘણા વૈષ્ણવો પ્રશ્ન કરે છે, કે ઠાકોરજી પાસે બંટાગોળી મૂકી દઈએ ને પછી બહારગામ જઈએ તો ચાલે? મારો સામો પ્રશ્ન છે, શું છોકરાને ઘરમાં મૂકી પાસે ખાવાનું મૂકી બહારગામ જાઓ છો ખરા? આપણે ત્યાં તો 'વાત્સલ્ય ભાવ'ની સેવા છે ને તેનો ક્ષણે ક્ષણે ખ્યાલ રાખવો.

૧૪. સેવાના સ્વરૂપને સેવાની ભાવનાને સમજવા માટે શ્રીમહાપ્રભુજીનાં ગ્રંથોનો અને ભગવદીયનો સત્સંગ અવશ્ય કરવો.

૧૫. ઘરમાં સહુ વૈષ્ણવો સાથે હળી–મળીને સેવા કરવી. સહુના ઉપર મન પ્રસન્ન રાખવું. કોઈને કડવા શબ્દો કહેવા નહીં.



પ.ભ. દિલીપભાઈ કે. શાહ (અમદાવાદ)ના જય શ્રીકૃષ્ણ

૧૬. કોઈ કુટુંબીજન સેવામાં રસ ન લે તેવી પ્રતિકૂળતા હોય તો ભગવદ્ ઈચ્છા માની જાતે સેવા કરવી. અને આપણાથી જે બને તે પ્રેમપૂર્વક સેવા કરવી. પ્રભુ તો ખરા હૃદયની ભાવનાના ભૂખ્યા છે. આવા પ્રસંગો ૮૪–૨૫૨ની વાર્તામાં અનેક મળે છે.

૧૭. ઘરે આવેલા વૈષ્ણવનું ભગવદ્સ્મરણ અને પ્રસાદ લેવડાવી સન્માન કરવું.

૧૮. આપણે શ્રીમહાપ્રભુજીના સેવક છીએ. સેવા કરવાનો આપણને અધિકાર મળ્યો છે. એનું સતત સ્મરણ રાખી અષ્ટપ્રકારની સુખડીભોગની સેવા ક્યારે બની આવશે તેનો તાપભાવ સદાય હૃદયમાં રાખવો.

૧૯. એક પણ દિવસ સેવામાં આળસ કરવી નહીં.

❊❊❊❊❊

## સેવાનો દૈનિક ક્રમ

આપણા ઘરમાં હવા અને અજવાળું આવે તેવા સુંદર સ્થાનમાં પ્રભુને પધરાવવા જોઈએ. પ્રભુને માટે ઘરની અનુકૂળતા પ્રમાણે નાનકડું કબાટ અથવા મંદિર કરાવવું જેમાં પુષ્ટિમાર્ગની પ્રણાલી મુજબની બધી જ સગવડો હોય.

દરરોજ સવારે પ્રાતઃકર્મ કરી શુદ્ધ જળથી સ્નાન કરવું જોઈએ. સ્નાન કરતાં મનમાં શ્રીયમુનાજીનું સ્મરણ કરવું. સ્નાન કરીને ધોયેલા સ્વચ્છ વસ્ત્રો પહેરવાં જોઈએ. મેલા કે ગંદા કપડાં પહેરવા ન જોઈએ. પ્રભુ પાસૈ સ્વચ્છતાથી પુરૂષોએ ધોતી અને વૈષ્ણવી બંડી પહેરીને જ સેવા કરવાનો આગ્રહ રાખવો જરૂરી છે. સેવા માટે તે ઉત્તમ પોષાક છે. તે પહેરવાથી શારીરિક અને માનસિક રીતે સેવા માટે સજ્જ બનીએ છીએ.



પ.ભ. રેખાબેન પ્રકાશભાઈ ખત્રી (ધોળકાવાળા)ના જય શ્રીકૃષ્ણ

આમ સેવા માટે તૈયાર થયા પછી પ્રભુના મંદિર પાસે જઈ દંડવત્ કરવા. શુદ્ધ જળથી હાથ ધોઈ મંદિર ખોલી, પ્રભુને બિરાજવા માટેના સિંહાસન ઉપરના ગાદી તકિયા ખંખેરી ફરીથી બિછાવવા. ગાદીની બન્ને બાજુ (બગલ તકિયા અને પાછળનો તકિયો) એમ ત્રણ તકિયા ગડી વાળીને ધરવા. જમણી બાજુના તકિયા ઉપર મુખવસ્ત્ર અને મંગળ ભોગમાં શક્ય હોય તે સામગ્રી ધરવી. દૂધ, દહીં, મલાઈ, માખણ, દળેલી મિસરી, સંધાણુ (અથાણું) વગેરે સામગ્રી ધરી શકાય. દૂધ, દહીં, શીતકાળ હોય તો સૌભાગ્ય સૂંઠ ધરાવાય. કંઈ ન બને તો દૂધ અને તે પણ ન બને તો મિસરી ધરી ઉપર લખેલી સર્વ સામગ્રી ધરીએ છીએ તેવી ભાવના અવશ્ય કરવી. ઝારી તબકડી વગેરે બરાબર માંજી, નેવરાં સરખાં કરી ઝારી ભરી રાખવી. ઝારી ભરવાની અનુકૂળતા ન હોય તો ઝારીમાં મિસરી ભરવી ને જલની ભાવના કરવી.

❊❊❊❊❊

## શ્રી ઠાકોરજીને જગાડવાની વિધિ

શ્રી ઠાકોરજીને જગાડવા ત્રણવાર ઘંટાનાદ કરી (ઘંટી વગાડી) અથવા ત્રણ તાળી પાડી પ્રભુને જગાડવા વિનંતી કરવી. શ્રીમહાપ્રભુજીનું સ્મરણ કરવું અને વિજ્ઞપ્તિ કરવી : **"જય જય મંગલરૂપ જાગિયે ગોકુળ કે નાયક, શ્રીમહાપ્રભુજીનાં અંતઃકરણના ભૂષણ, શ્રીગુસાંઈજીના લાડીલા, શ્રીયશોદોત્સંગ લાલિત, શરણાગત વત્સલં, જય જય જય"** એટલું બોલતાં પ્રભુનાં મુખારવિન્દ ઉપરથી બહુ કાળજીથી ચાદર લઈ, પ્રભુને સિંહાસનની ગાદી ઉપર પધરાવવા. ઋતુ અનુસાર વસ્ત્ર ધરાવવા. લાલન હોય તો મસ્તક ઉપર ટોપી (ઉષ્ણકાલમાં) અથવા ટોપો (શીતકાલમાં) ધરાવવો તથા હસ્તમાં મોતીની લડ યા કડા ધરાવવા. તૈયાર કરેલો મંગલભોગ ધરી, ઝારી પધરાવવી. શ્રીમહાપ્રભુજીની કાનીથી આરોગવા વિનંતી કરી ટેરો લેવો.

❊❊❊❊❊



પ.ભ. મફતલાલ નગીનદાસ મોદી (અમદાવાદ)ના જય શ્રીકૃષ્ણ

## શ્રીમહાપ્રભુજીની કાની

"શ્રી આચાર્ય મહાપ્રભુજી, શ્રી ગુસાંઈજી, શ્રીગુરુદેવ, અષ્ટ સખા, ચોર્યાસી બસો બાવન વૈષ્ણવની કાનીથી ભોગ આરોગજો."

પુષ્ટિમાર્ગમાં શ્રીઠાકોરજી શ્રીમહાપ્રભુજીની તથા શ્રીગુસાંઈજી વગેરેની આડીથી સેવા અંગીકાર કરે છે માટે ભોગ ધરતી વખતે આ પ્રકારે વિનંતી કરવામાં આવે તેને કાની કહેવાય.

મંગળભોગનો સમય આપણી અનુકૂળતા મુજબનો રાખી શકાય.

સમય થયે ટેરો ખસેડી. આચમન મુખવસ્ત્ર કરી ભોગ સરાવવા, ફરી ઝારી ભરી બાજુની તબકડીમાં બીડાનાં ભાવથી બે બીડી ધરાવવી પછી મંગળાના દર્શનની ભાવના કરવી.

❊ ❊ ❊ ❊ ❊

## સ્નાન – શૃંગાર માટે તૈયારી

પ્રભુને ઋતુ અનુસાર વસ્ત્ર આભૂષણ ધરાવવામાં આવે છે. જે દિવસે જે વસ્ત્ર આભૂષણ ધરાવવાનાં હોય તે તૈયાર કરી રાખવાં. સ્નાન કરાવવા ઋતુ અનુસાર ગરમ ઠંડુ જળ રાખવું. અંગવસ્ત્ર શ્રીઅંગ પોછવાનું વસ્ત્ર તૈયાર રાખવું. આ વસ્ત્ર સફેદ મલમલનું ચારે બાજુ ઓટેલું હોય છે. અભ્યંગ કરાવવું હોય તો તેની પણ સામગ્રી (આમળાં–ચંદન–ફુલેલ) તૈયાર રાખવા.

શીતકાળમાં પંદર દિવસે એકવાર, ઉષ્ણકાળમાં અઠવાડિયે બે વાર અને બાકીના દિવસોમાં અઠવાડિયે એકવાર અભ્યંગ કરાવવું. નજીકમાં ઉત્સવ હોય તો ઉત્સવને દિવસે કરાવવું. પ્રથમ શ્રીઅંગ પર ફુલેલ સમર્પી, ત્યારબાદ તૈયાર કરેલા આમળાં તથા ચંદન અથવા ઉબટનો લગાડી પાણીથી સ્નાન કરાવવું. ચિત્રજી





હોય તો પ્રથમ રૂથી સહેજ ફુલેલ સમર્પી, ત્યારબાદ અત્તર સમર્પી અભ્યંગની ભાવના કરવી. ચિત્રજીને રોજ સ્નાનના ભાવથી ભીનું અંગવસ્ત્ર પોછવું. પછી કોરા અંગવસ્ત્રથી પોંછવું.

❊ ❊ ❊ ❊ ❊

## શૃંગાર

સ્નાન કરાવી ઋતુ અનુસાર પ્રભુને શૃંગાર કરાવવા, શિયાળામાં જડાવ શૃંગાર, હોળીના દિવસોમાં (વસંત પંચમીથી ડોલ સુધી) સોનાનાં, ઉનાળામાં મોતીના તથા છીપનાં, વર્ષાઋતુમાં જડાવ તથા મોતીના આભૂષણો ધરાય છે. બીજા કોઈ આભૂષણો ધરાવવાની અનુકૂળતા ન હોય તો ઓછામાં ઓછી એક ગુંજામાળા અવશ્ય ધરવી. ગુંજામાળા ધરીએ ત્યારે જ શૃંગાર પૂરો થાય છે. શૃંગાર ધરતી વખતે ગાદીની બાજુમાં સૂકામેવાની કટોરી અથવા મિસરીની કટોરી ધરવી, ઝારી પણ પાસે રહે. શૃંગાર કરી, ફૂલની માળા ધરવી. તે અનુકૂળતા ન હોય તો વ્રજ કાઢીને ગાદી ઉપર ફૂલો જ ધરવા. પ્રભુને સિંહાસનની ગાદી પધરાવવી વેણું ધરી, દર્પણ બતાવવું. પછી ચરણસ્પર્શ કરી દંડવત્ કરવા. પ્રસાદી જલનું ચરણામૃત લઈ હાથ ધોઈને વેણુજી વડા કરવાં ને પાસે પધરાવવાં. પ્રભુને પલના ઝુલાવવાની ભાવનાથી રમકડાં (ચકરડી, ઘુઘરા વગેરે)થી ખેલાવવા, ત્યારપછી ફૂલની માળા વડી કરી રાજભોગ ધરવો.

❊ ❊ ❊ ❊ ❊

## રાજભોગ

રાજભોગમાં જે બની આવે તે સામગ્રી ધરવી. સખડીની આજ્ઞા હોય તો તે, નહીં તો જો શક્ય હોય તો પૂરી (દૂધમાં બાંધેલી) શાક, મઠડી, મગજ, સખડી, સંધાણું, લુણની કટોરી,

દહીં, લીંબુ, આંબા હળદર (ઉષ્ણકાળમાં તેને બદલે કાચી કેરીની ફાંક) જે કંઈપણ સામગ્રી બની આવે તે ધરવી. ઉત્સવમાં શ્રીખંડ, બાસુંદી, પેંડા, બરફી, મેસુર, તળેલા સુકામેવા વિવિધ જાતની ખીર, ભુંજાના સેવ, ગાંઠિયા, થપડી, ખાજાપૂરી વિગેરેમાંથી જે બની શકે તે ભોગ ધરવો.

અનુકૂળતા ન હોય તો રાજભોગમાં દૂધ, દહીં, લીલો મેવો ને મગજની ૧-૨ ગોટી ધરવી. તે પણ ન બની શકે તો મિસરીની એક કટોરી પણ ઓછામાં ઓછી ધરવી પરંતુ ભાવના સર્વ સામગ્રીઓની કરવી ઝારી ભરી પધરાવવી.

દૂધઘર, અનસખડી અથવા સખડી જે કંઈપણ સામગ્રી રાજભોગમાં ધરતા હોઈએ તે સામગ્રીમાં પંચાક્ષર અથવા અષ્ટાક્ષર બોલી તુલસી પધરાવવાં. (રાજભોગ સિવાય બીજા કોઈપણ ભોગમાં તુલસી પધરાવવાં નહીં.) પ્રભુના ચરણારવિન્દમાં પણ આ મંત્ર ત્રણવાર બોલી તુલસી સમર્પવા. ભોગને હાથ લગાડી શ્રીમહાપ્રભુજીની કાનીથી આરોગવા વિનંતી કરી ટેરો લેવો. રાજભોગનો સમય અનુકૂળતા પ્રમાણે રાખવો. સમય થયે ભોગ સરાવી આચમન મુખવસ્ત્ર કરી, બીડી આરોગાવી ફરી ઝારી ભરીને ધરવી, ખંડપાટ બિછાવી તેના પર ખિલોના ગોઠવી ગેંદછડી સિંહાસન આગળ પ્રભુની જમણી બાજુએ ધરી રાજભોગની ભાવના કરવી. બંસીધરી દર્પણ (આરસી) દેખાડવું. બંસી વડી કરી 'કૃષ્ણાશ્રય સ્તોત્ર'નો પાઠ કરી અનોસર કરવા.

❊❊❊❊❊

## ઉત્થાપનથી શયન સુધીનો સેવાક્રમ

સાંજનો સેવાક્રમ બને તો રાખવો, જો તેમ શક્ય ન હોય તો તે જ સવારે રાજભોગ પછી પહોંચી શકાય.





અનુકૂળતા પ્રમાણે અનોસર રાખી, ફરી તાળી પાડી બારણું ખોલવું, ફરી ઝારી ભરી ધરવી. ઉત્થાપનની ભાવના કરવી. લીલો મેવો સમારી ભોગ ધરવો. અનુકૂળતા હોય તો શીતકાળમાં શેરડીનો રસ તથા બટાકા, રતાળું, શક્કરિયાં, કંદ વગેરેમાં કાંઈપણ શેકીને ધરવું. ઉષ્ણકાળમાં ભીંજાયેલી કાચી ચણાની તથા મગની દાળ વારાફરતી (અક્ષયતૃતિયાથી સ્નાનયાત્રા – ગંગાદશમી સુધી) અને મગની અંકુરી (ફણગાવેલા મગ) સ્નાનયાત્રાથી રથયાત્રા સુધી ધરવી, ઉષ્ણકાળમાં ખાંડનો તથા સક્કરટેટી, કેરી વગેરેનો પનો ધરાય, શ્રીમહાપ્રભુજીની કાની આપી ટેરો લેવો. સમય થયે ભોગ સરાવી આચમન મુખવસ્ત્ર કરાવી, શૃંગાર વડા કરવા, પછી ફરી ઝારી ભરી, શયન ભોગ ધરવો સખડી અથવા અનસખડી ધરતા હોઈએ તો તેમાંથી જે બને તે અને તે ન બને તો દૂધની કટોરી શયન ભોગના ભાવથી ભોગ ધરવી. સમય થયે ભોગ સરાવી બીડી આરોગાવી શયનનાં દર્શનની ભાવના કરવી, પછી પ્રભુને શૈયાજીમાં પોઢારતાં પહેલાં તકિયા, ચાદર વગેરે પર અત્તર સમર્પવું. પોઢાડતી વખતે શ્રી ઠાકોરજી પર શ્રીકંઠની માળા (કંઠાભરણ) સિવાય કાંઈપણ ન રાખવું. લાલન હોય તો મસ્તક ઉપર કિનારી વગેરેની એકદમ સુંવાળી ટોપી પોઢતી વખતે ધરાવવી. બંસીજી શૈયાજીમાં તકિયાની નીચે પધરાવી ધીમેથી ચાદર ઓઢાડવી. મુખારવિંદ ઢંકાઈ જાય એ રીતે ચાદર ઓઢાડવી. શૈયાજી પાસે ઝારી, બંટો (મિસરી અથવા મગજ અથવા સૂકામેવો ભરેલો) માળા, પાનબીડી, વગેરે પડઘા ઉપર પધરાવવા. ઉષ્ણકાળ હોય તો માટીનો કુંજો કરવો તથા ઝારી ધરવી અને શક્ય હોય તો ચંદનની બરણી પણ પાસે ધરવી. ઉષ્ણકાળમાં બે ચાર મિનિટ પંખો કરી, આસ્તેથી બહાર આવવું.

❊❊❊❊❊

## શૈયાજીની સમજ

ઉષ્ણકાળમાં શૈયાજી ઉપર બે ચાદર ગાદી ઉપર બિછાવવી ને શીતકાળમાં એક જ. આ ચાદર સફેદ, મુલાયમ અને ચારે બાજુથી ઓટેલી હોવી જોઈએ. ઉપર ઓઢાડવામાં પણ ઉષ્ણકાળ હોય તો કેવળ સફેદ, મલમલની ચાદર ઓઢાડવી. શીતકાળમાં ઠંડી પ્રમાણે ચાદર ઉપર એક અથવા બે રજાઈ ઓઢાડવી. તકિયાઓ ઉપર પણ મુલાયમ સફેદ ખોલી ચઢાવવી. ગાદી ઉપર બે લંબચોરસ તકિયા ઉપર તથા નીચે ધરવા. ઉપરના ભાગમાં લાંબા તકિયા નીચે બીજો એક નાનો સુંવાળો તકિયો તથા આજુબાજુ બે ગોળ તકિયા, આ પ્રમાણે ગોઠવવું. શૈયાજીની ચાદર વગેરે નિત્ય ખંખેરી, સુંદર રીતે બિછાવી અને બધા ઉપર અત્તર લગાવવું.

ઉપર લખેલા આખા દિવસની સેવાનો ક્રમ બની શકે તો પહોંચવો. જો ઉપર લખેલો આખો સેવાક્રમ પહોંચવો અનુકૂળ ન હોય તો રાજભોગ પછી પહોંચી શકાય.

❁❁❁❁❁

## નિત્ય સેવા

૧. શ્રીચિત્રજી–લાલનને જગાડીને દિવસની ઋતુ અનુસાર વસ્ત્ર ધરાવી, યથાશક્તિ મંગળ ભોગ ધરવો. ઝારી ભરીને ધરવી. કાની આપવી. ૧૦–૧૫ મિનિટ ભોગ રાખી સરાવી આચમન મુખવસ્ત્ર કરાવવું. પાંચેક મિનિટ મંગળાનાં દર્શનનો ભાવ કરવો. બને તો એકાદ કીર્તન કરવું. ઋતુ પ્રમાણે શીતોષ્ણ જળ લઈ સ્નાન કરાવવું. પછી અંગવસ્ત્રથી શ્રીઅંગ પોંછવું. ચિત્ર સેવા હોય તો ઋતુ પ્રમાણેના જળમાં મુલાયમ વસ્ત્ર બોળી સહેજ નીચોવી પોંછવું. ત્યારબાદ ફરીથી કોરા વસ્ત્રથી પોંછવું. ઉત્સવો પર લાલન ને અભ્યંગ કરાવવું.



પ.ભ. શરદભાઈ વનમાળીદાસ પારેખ (અમદાવાદ)ના જય શ્રીકૃષ્ણ

હવે શૃંગાર કરવા તિલક અલકાવલી, કડા, નુપૂર માળા, ગુંજામાળા તથા મસ્તક પર પણ ચંદ્રિકાના પ્રકારમાંથી ધરાવવું. ચિત્ર સેવા હોય તો પણ ઠાડા સ્વરૂપનાં વસ્ત્રો ધરાવવાં અથવા સાદું વસ્ત્ર ધરાવવું. યથેચ્છ અનુકૂળતા પ્રમાણે શૃંગાર કરવો, માળા ધરી, ચિત્રજીનાં હસ્તમાં વેણું ધરી દર્પણ દેખાડવું. લાલન હોય તો વેણું જમણી બાજુ શૃંગાર ઉપર હસ્તની બાજુમાં રહે, દર્પણ દેખાડવું. ચિત્રજીની જેમ વેણુ હસ્તમાં ધરવું નહીં.

હવે માળા વડી કરી, રાજભોગ ધરવો, સામગ્રી પાછળ લખી તેમ યથાશક્તિ અનુકૂળતા પ્રમાણે ધરવી, કાની આપી લગભગ ૨૪ મિનિટનો ભોગ રાખી, સરાવી, આચમન મુખવસ્ત્ર કરી, પાનની બીડી પાસે ધરવી, તે ન બને તો સોપારી (સમારેલી), ઈલાયચી વગેરેમાંથી જે શક્ય હોય તે ધરવું. ઝારી ફરી ભરી ધરવી. માળા ધરાવવી, પાટ પર ખિલૌના ઠીક કરવા, ગેંદગોગાન માંડવા. હસ્તમાં વેણું ધરી વેણુવેત્ર નીચે ઊભું ધરી, દર્પણ દેખાડવું. વેણુવેત્ર વડા કરવા, રાજભોગનું એકાદ લીલા તથા ઋતુ અનુસાર પદ બોલી પછી માળા, શૃંગાર, બધું વડું કરી શ્રીઠાકોરજીને પોઢાડી દેવા. શૈયાજીનાં વસ્ત્રો પર ઋતુ અનુસાર અત્તર સમર્પવું. શૈયાજી પાસે બંટો ઝારી માળા બીડી અથવા સુગંધી યથાક્રમ પધરાવવાં. અનોસર કરી દંડવત્ કરવા.

૨. ઉપરનો રાજભોગ ધરવા સુધીનો બધો ક્રમ રાખી રાજભોગમાં જે ઉત્થાપન શયન સુધીની ભાવનાથી જે બને તે ધરી દેવું.

૩. એટલું પણ ન બને તો મંગળભોગની ભાવનાથી દૂધ ધરી સ્નાન અંગવસ્ત્ર કરી, જે બને તે ઓછો શૃંગાર કરી બધા જ ભોગની ભાવનાથી લીલો મેવો, પેંડા, દહીં, દૂધ વગેરે જે કંઈ શક્ય હોય તે ધરવું પછી ભોગ ધરાવી બધા જ દર્શનની ભાવના કરી પોઢાડી દેવા.



પ.ભ. મધુબેન મનહરભાઈ પટેલ (અમદાવાદ)ના જય શ્રીકૃષ્ણ

૪. સેવામાં દૂધ, મેવો વગેરે પણ ન બને, અને ઘરમાં બીજી પ્રતિકૂળતા હોય તો કમસેકમ રોજ ફક્ત દશ મિનિટ પણ ચિત્ર સેવા અવશ્ય કરવી. જો ચિત્ર સેવા પણ ન બને તો વસ્ત્ર સેવા પણ કરવી, પ્રભુને જગાડી વસ્ત્ર ધરાવી મિસરી ધરી, મિસરીની ઝારી ભરી પ્રત્યેક ભોગ અને દર્શનની ભાવના કરી કૃષ્ણાશ્રય સ્તોત્ર બોલી પ્રભુને પોઢાડી દેવા. બ્રહ્મસંબંધ લીધા પછી 'સેવા' વગર ન રહેવું એટલો આગ્રહ પ્રત્યેક વૈષ્ણવે અવશ્ય રાખવો જોઈએ. આમ કરવામાં સ્વરૂપ એકાગ્રતા થાય છે.

❊ ❊ ❊ ❊ ❊

## વસ્ત્રો

ચિત્રજી હોય તો ઠાડા સ્વરૂપના વસ્ત્રો ઘેરદાર, ચાકદાર, સૂથન પટુકા વગેરે ધરી શકાય. લાલન હોય તો ભીતરનો વાઘો તથા ઓઢણી ધરે. ઓઢણી બહુ ટૂંકી નહીં એવી કરાવવી. પાછળથી એક પાટલીની ગડી વાળી શકાય તેમ ધરાવવી. શીતકાળમાં દેવ પ્રબોધિનીથી ડોલ પર્યંત આત્મસુખ (ભીતરનું રૂવાળું વસ્ત્ર) ફરગુલ, ગદ્દલ (રૂવાળી બંડી) વગેરે ધરે, વસંત પંચમી સુધી સાર્ટીનનાં રંગ–બેરંગી વસ્ત્ર ધરે.

વસંત પંચમીથી ડોલ પર્યંત સફેદ મલમલ દોરીયા તથા રંગીન વાસંતી વસ્ત્રો ધરે. સાજ સફેદ શયનો, પોપલિન વગેરેનો હોય.

**ચૈત્ર મહિનામાં** : બસમા (ખડીના છાપનાં) ચૂંદડી, લહેરિયા તથા રંગીન મલમલના કિનારીવાળા વસ્ત્રો આવે.

**અક્ષય તૃતિયાથી રથયાત્રા સુધી** : કિનારી વગરના સફેદ તથા ખૂબ આછા રંગના મલમલનાં કેસર તથા ચોવાના છાપેલા તથા સાદી લેસવાળા વસ્ત્રો આવે.



**હિંડોળાના દિવસોમાં વસ્ત્ર** : મલમલનાં રંગીન તથા ચૂંદડી, લહેરિયા વગેરેનાં કિનારાવાળા આવે.

**નવરાત્રિથી શરદપૂનમ સુધી** : બસમાનાં (છાપાનાં) વસ્ત્રો આવે.

**જરીના વસ્ત્રો** : આસો વદ નોમથી દેવદિવાળી સુધી – પોષ વદ અમાસથી મહાસુદ – ડોલ પછી ફાગળ વદ બીજથી ફાગણ વદ છઠ સુધી આવે. (લાલ, લીલી, પીળી, શ્યામ અને સફેદ આટલા રંગના જરીના વસ્ત્ર કરાવવા જોઈએ.)

ઉત્સવના દિવસે કેસરી મલમલનાં કિનારીવાળાં વસ્ત્રો આવે.

❊ ❊ ❊ ❊ ❊

## શૃંગાર

**મસ્તક ઉપર** : પાગ, ફેંટા, ગ્વાલપગો, દુમાલો, ટીપારો, ગોટીપગો, કુલ્હો, મુગટ, કિરીટ, સહેરો, ટોપો વગેરે ધરે.

❊ ❊ ❊ ❊ ❊

## પાગના પ્રકાર

૧. છજ્જેદાર પાગ (બે બાજુ ખૂંટવાળી)
૨. અર્ધચન્દ્રાકાર પાગ (ખાસ કરીને શીતકાલમાં ધરાય)
૩. ખિડકીની પાગ : આગળથી ચકરડી પાગડીના આકારને મળતી.
૪. ચીરા પાગ : જરીના પાગને ચીરા કહેવાય.

શ્રીમસ્તક ઉપર જ્યારે પાગ, ફેંટો અથવા ગોટીપગો (ગોટી ઉપર એક છોર હોય તેને ગોટીપગો કહેવાય) ધરે ત્યારે તેની સાથે

મસ્તક ઉપર જમણી તથા ચંદ્રિકા (મોરપીંછ, બદલાઈ, રૂપેરી અથવા સોનેરી) ધરે અથવા મોરશિખા અથવા જમણી તરફનો કતરો ધરે.

જ્યારે દુમાલો (પાગને બે બાજુ છોર હોય તેને દુમાલો કહે) ધરે ત્યારે તેની સાથે મસ્તક ઉપર જમણી બાજુ ચંદ્રિકા અથવા મોરશિખા ધરે અને ડાબી બાજુ કતરો ધરે. જ્યારે ટીપારો (ત્રિકોણ આકાર ઉપર ત્રણ છોર) ધરે ત્યારે ટીપારા ઉપર વચ્ચે મોરશિખા ધરે અને આજુબાજુ કતરા ધરો. સેહરો પાગ અથવા દુમાલા પર ધરાવવો. ગોટીપગા પર પણ ધરે છે. સેહરાના શૃંગારમાં ચોટી જમણી બાજુ ધરે. પાગ, ફેંટા તથા ટોપીનાં શૃંગારમાં કર્ણ પર કર્ણફૂલ ધરે. બાકી બીજા બધામાં કર્ણમાં કુંડળ ધરે.

**શૃંગારના નામો** : શૃંગારમાં ખાસ કરીને તિલક, અલકાવલી (તિલકની આજુબાજુ), શિરપેચ (પાગફેંટા – દુમાલા ઉપર), શિશફૂલ (મસ્તક પર ડાબી બાજુ), કલગી, લડ (પાગ તથા શિશફૂલની આજુબાજુ), લૂમ (જમણી તરફ પાગ વગેરેની બહાર) કર્ણફૂલ, કુંડલ (કર્ણમાં), શ્રીકંઠ માળા, પહોંચી, કડા, કટિમેખલા કમરમાં શ્રુદ્રઘંટિકા) ત્રવલ, (ભારે કુલ્હેના શૃંગારમાં મસ્તક પર તથા શ્રીઅંગ પર) હાંસ નુપુર વગેરે શૃંગારો ધરે. ઉપરાંત મોતીની કંઠીઓ, જડાઉ હારો (માણેક, પન્ના હીરા વગેરે) ધરે નકવેસર, ચિબુક (દાઢી ઉપર) ધરે.

**કુંડલ –** મકરાકૃત મત્સ્યાકૃત તથા મયૂરાકૃત ધરે. મત્સ્યાકૃત તથા મકરાકૃત કુંડળમાં પૂંછનો ભાગ ઉપર રહે અને મોઢાનો ભાગ નીચે રહે તેમ ધરાવવા.

વૈષ્ણવોએ શૃંગારમાં વધારે ન બને તોપણ શ્રીકંઠમાં, કંઠાભરણ (શ્રીકંઠમાળા) મસ્તક ઉપર તિલક તથા ટોપી, હસ્તકમાં કડાં, ચરણમાં નૂપુર તથા ગુંજામાળા, આટલું તો અવશ્ય નિત્ય ધરાવવું જોઈએ.



પ.ભ. રીટાબેન પી. શાહ (અમદાવાદ)ના જય શ્રીકૃષ્ણ

ઉત્સવ પર મસ્તક પર કુલ્હે ધરે અને તેના પર પાંચ અથવા સાત ચંદ્રિકાનો જોડ ધરે.

❊ ❊ ❊ ❊ ❊

## કીર્તનની ટૂંકી સમજ

પ્રથમ શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી, શ્રીયમુનાજીના પદ બોલી પછી કીર્તન પ્રણાલી પ્રમાણે ઋતુ અનુસાર જગાવવાના પદ રાગ – રામકલી, ભૈરવ, બિભાસ વગેરે સવારમાં બોલાતા રામાં ગવાય.

**મંગલ ભોગ આવે** : કલેઉના ઋતુ પ્રમાણે બે અગર ચાર પદ રાગ – બિભાસ, ભૈરવ, રામકલી, દેવગંધાર વગેરે.

**મંગલ ભોગ સરે** : દધીમંથનનું એક પદ બોલવું.

**મંગલના દર્શન સન્મુખ** : મંગલ મંગલં વ્રજભુમિ મંગલં વગેરે સન્મુખ ઋતુ અનુસાર દર્શન પ્રણાલી પ્રમાણે.

❊ ❊ ❊ ❊ ❊

## શીતકાલ

મંગલા દર્શનમાં શ્રી યમુનાજીનું એક પદ બોલી પછી કારતક વદ ૧ થી તે માગશર સુદ ૧૫ સુધી વ્રતચર્યા. ઘરના બાળકોનો જન્મ દિવસ હોય તે દિવસે વ્રતચર્યા સુધી બધા સમયમાં જન્મની વધાઈ બોલાઈ.

**શૃંગાર ઔસરા** : અભ્યંગ હોય તે દિવસે (કરમોદક માખન મિશ્રી, તે ભૈરવ રાગમાં ગવાય અને અભ્યંગ ન હોય ત્યારે (ભોગ શૃંગાર યશોદા મૈયા) બિલાવલમાં તે પછી વ્રતચર્યાના દિવસો ન હોય ત્યારે ખંડિતાના પદ ધનુર્માસમાં બોલાય અને રાજભોગ સન્મુખ હીલગનાં પદ બોલાય.



પ.ભ. રામનારાયણ બિસાની (અમદાવાદ)ના જય શ્રીકૃષ્ણ

**રાજભોગ આવે ત્યારે** : ભોજનના પદ રાગટોડી, ધનાશ્રી આશાવરી.

**રાજભોગ સન્મુખ** : હીલગ, પનઘટ વગેરે તે દિવસના શૃંગારની ભાવના પ્રમાણે રાગ – ધનાશ્રી, આશાવરી, રામકલી, બિલાવલ, શીતકાલમાં બિલાવલ સારંગ બંધ હોય.

**ભોગ દર્શન** : ગૌરી રાગ અગર પૂર્વિમાં આવનીના પદ શૃંગારની ભાવના પ્રમાણે.

**સંધ્યા આરતી** : ઘટા પ્રમાણે ગૌરી રાગમાં બોલાય.

**શયન વ્યારૂ સમય** : વ્યારૂના પદ રાગ – કાન્હરો, ઈમનમાં બોલાય. ભોગ સરે પછીનું બીરીનું એક પદ બોલવું. અર્ધ સમયે દુધનું પદ બોલવું. વચ્ચે દૂધ ધૈયાનું પદ પણ બોલાય.

**શયન સન્મુખ** : પદ પ્રણાલી પ્રમાણે રાગ – કાન્હરો, કેદારો, અડાણો, બિહાગ, બિહાગરો, નાયકીમાં બોલાય.

**માન** : અડાણો, કાન્હરો, બિહાગરો રાગ બોલાય.

**પોઢવાના** : પદ બિહાગ વગેરે રાગમાં પ્રણાલી પ્રમાણે છેલ્લે આશરાનું પદ અવશ્ય બોલવું.

**નોંધ :**

૧. શીતકાલ વચમાં શ્રીગુસાંઈજીનો ઉત્સવ તે માગસર સુદ ૯ થી માગસર વદ ૯ સુધી વધાઈ રાજભોગ તથા શયનમાં.

૨. મહા સુદ ૧ થી મહા સુદ ૪ સુધી વસંત આગમન.

૩. મહા સુદ ૫ થી મહા સુદ ૧૫ સુધી વસંત.

૪. મહા સુદ ૧૫થી ડોલોત્સવ સુધી વસંત ધમાર દર્શનના સમય પ્રમાણે જે તે રાગમાં બોલાય.

૫. શીતકાલની ખંડિતામાં રાગ – લલિત, માલકોસ.

ઊષ્ણકાલ – શ્રી મહાપ્રભુજી, શ્રીગુસાંઈજીના પ્રાર્થનાના પદ



ગૌ.વા. મધુકાન્તાબેન રમણીકલાલ શાહ, મીનાબેન શેઠના જય શ્રીકૃષ્ણ

બોલી શ્રીયમુનાજીનું પદ બોલી પછી ઋતુ અનુસાર જગાવવાના બે પદ રાગ : ભૈરવ, રામકલી, બિભાસમાં બોલવા કલેઉના પદ બોલવા.

**ઉષ્ણકાલ ખંડિતા –** મંગલા દર્શનમાં તથા શૃંગારમાં રાગ : ભૈરવ, બિલાવલ, બિભાસ, રામકલીમાં બોલાય.

**શૃંગાર દર્શનમાં –** શૃંગારની ભાવના વિચારીને રાગ – બિલાવલ, સુહા, સુધરાઈ વગેરે સ્નાન યાત્રાથી રથ સુધી.

**રાજભોગ આવે –** છાકના પદ સારંગમાં ગવાય.

**રાજભોગ સરે – સરાવવાનાં –** આચમનના તથા બીરીનાં પદ બોલાય.

**રાજભોગ સન્મુખ –** પનઘટ તથા કુંજની ભાવનાના પદ ફૂલ મંડલી હોય ત્યારે ફૂલ મંડલીના રાગ – સારંગ, સામંત સારંગ, ગૌડ સારંગ, સુધરાઈ, અક્ષય તૃતીયાથી સ્નાન યાત્રા સુધી પછી સ્નાન યાત્રાથી રથયાત્રા સુધી ચંદનના ખસખાનાંની ભાવના પ્રમાણે – સ્નાન યાત્રા સુધી રાજભોગની ખંડિતા પણ બોલાય.

**ભોગના દર્શન –** નટરાગ તથા પૂર્વીમાં શૃંગારની ભાવના પ્રમાણે. અક્ષય તૃતિયાથી સ્નાન યાત્રા સુધી સારંગમાં અને સ્નાન યાત્રાથી રથયાત્રા સુધી સોરઠ રાગમાં રથયાત્રાથી હિંડોળારોપણ થાય ત્યાં સુધી મલ્હાર રાગ બધા ભોગમાં અક્ષય તૃતિયાથી સ્નાન યાત્રા સુધી ફુવારાનાં અને ખસખાનાનાં પદ સારંગ રાગમાં ગવાય.

**શયન ભોગ સમય –** વ્યારૂના પદ કાન્હરા તથા ઈમન રાગમાં ગવાય.

**શયન ભોગ સરે –** બીરીનું એક પદ બોલવું.

**શયન દર્શન –** શયનના કુંજની ભાવનાનાં પદ દ્વિતીયાપાટથી રથયાત્રા સુધી ગાવાં. અક્ષય તૃતિયાથી સ્નાન યાત્રા સુધી ચંદનના પદ બોલાય. ફૂલના શૃંગાર હોય તો તે ભાવનાનાં પદ બોલાય.



ગૌ.વા. જયાબેન પ્રાણલાલ દ્વારા હીનાબેન શશીકાંત ચોકસીના જય શ્રીકૃષ્ણ

પછી એક પદ માનનું અને એક પદ પોઢવાનું બોલી આશરાનું પદ બોલવું.

**નોંધ :** ઉષ્ણકાલમાં શ્રીમહાપ્રભુજીના પ્રાકટ્યની વધાઈ ચૈત્ર સુદ ૧૧ થી ચૈત્ર વદ ૧૧ સુધી જગાવવાથી પોઢાવવા સુધી બધા ભોગમાં વધાઈ જ આવે. માન પોઢવવામાં 'ધન્ય રાની જસુમતી' બોલાય વચ્ચે નિત્ય રોજની ઉત્સવની બીજી કોઈ ભાવનાના પદ ન બોલાય અને ઘરના વિદ્યમાન બિરાજતા બાલકનો જન્મ દિવસ હોય તો મંગલાથી શયન સુધી બધા સમયમાં શ્રીમહાપ્રભુજી શ્રીગુસાંઈજીની વધાઈ જ બોલાય.

❊ ❊ ❊ ❊ ❊

## વર્ષા ઋતુ

જગાવવાથી લઈને મંગલાના દર્શન સુધી પ્રથમ શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજીના પ્રાર્થનાના પદ બોલી શ્રીયમુનાજીનું પદ ક્રમવાર બોલીને જગાવવાથી પોઢાવવા સુધીના બધા પદો મલ્હાર રાગમાં બોલાય. રથયાત્રાથી મલ્હાર શરૂ થાય તે શ્રી ઠકુરાની ત્રીજ સુધી મલ્હારમાં જ ગવાય. વધાઈ હોય તો વધાઈ મલ્હારમાં જ ગાવી. રાજભોગમાં છાકનાં પદો પણ મલ્હારમાં જ ગવાય.

ઠકુરાની ત્રીજ પછી બધા રાગોમાં કીર્તન થાય.

**જન્માષ્ટમીની વધાઈ** – શ્રાવણ સુદ ૮ થી શ્રાવણ વદ ૮ સુધી બધા રાગોમાં બોલાય. શ્રાવણ વદ ૧૦ થી ભાદરવા સુદ ૧ સુધી પ્રભુની બાલ લીલાનાં પદ બોલાય.

**રાધાષ્ટમીની વધાઈ** – ભાદરવા સુદ ૨ થી ભાદરવા સુદ ૮ સુધી અને વચમાં ભાદરવા સુદ ૫ શ્રી ચંદ્રાવલીજીની વધાઈ અને ભાદરવા સુદ ૯ની લલિતાજીની વધાઈ બોલાય.





**દાનના પદ** – ભાદરવા સુદ ૧૧ થી ભાદરવા વદ અમાસ સુધી મંગલાથી શયન સુધી બધા સમયમાં બોલાય.

**સાંઝીના પદ** – ભાદરવા સુદ ૧૫ થી ભાદરવા વદ અમાસ સુધી ભોગનાં દર્શનમાં બોલાય.

**નવ વિલાસ** – આસો સુદ ૧થી આસો સુદ ૯ સુધી શૃંગાર આસાવરામાં બિલાવલમાં તથા માલવ રાગમાં બોલાય.

**મુરલીના પદ** – મંગલા દર્શનમાં તથા શયન દર્શનમાં બોલાય.

**કરખાના પદ** – આસો સુદ ૧ થી આસો સુદ ૧૦ સુધી ભોગના દર્શનમાં ગવાય.

**રાસના પદ** – આસો સુદ ૧૦ (દશેરા)ના દિવસે ઉત્સવ ભોગ આવે ત્યારથી શરૂ થાય તે આસો વદ ૧ સુધી બધા સમયમાં બોલાય.

**ગોવર્ધન લીલા** – આસો વદ બીજથી શરૂ થાય તે કારતક વદ ૧ સુધી અન્નકુટ ભોગના દર્શન સુધી બધા સમયમાં ગવાય. તેમાં સરસ લીલા આસો વદ બીજથી ભોગ સંધ્યાથી શરૂ થાય તે મંગલાથી શયન પર્યંત બધા સમયમાં બોલાય તે આસો વદ ૭ના દિવસે મંગલા દર્શનમાં પૂરી થાય.

**ગાય ખેલાવાના પદ** – આસો વદ ૮ થી રાજભોગના દર્શનમાં અને ભોગના દર્શનમાં ગવાય. તે કારતક સુદ ૧ સુધી અન્નકુટ દર્શન સુધી બોલાય.

**દીપ માલિકાના પદ** – આસો વદ ૧૧થી દિવાળી સુધી શયન દર્શનમાં દીવાળીના દિવસે શયન આરતી પછી બોલાય અને કાન જગાવવાનું પદ કાન જગાવવા પધારે ત્યાંથી પાછા મંદિરે પધારે ત્યાં સુધી બોલાય.

**હટરીના પદ** – આસો વદ ૧૧ થી દિવાળી સુધી શયન સન્મુખ.

**ભાઈબીજના પદ –** કારતક સુદ બીજના દિવસે રાજભોગ આવે ત્યારે.

**ઈંદ્રમાન ભંગ –** કારતક સુદ ત્રીજથી મંગલા દર્શન, શૃંગાર, ઔસરા, રાજભોગના દર્શન, ભોગ સંધ્યા અને શયનમાં પણ બોલાય તે કારતક સુદ ૭ સુધી.

**ગૌચારણના પદ –** કારતક સુદ ૮ મે બધા સમયમાં બોલાય.

**વિવાહ ખેલના પદ –** કારતક સુદ ૯ થી કારતક સુદ ૧૧ સુધી મંગલા શૃંગાર, રાજભોગ, શયનમાં બોલાય.

**દુલ્હે ભાવનાના પદ –** કારતક સુદ ૧૧ થી કારતક સુદ ૧૪ સુધી બધા સમયમાં બોલાય.

**જાગરણના પદ –** કારતક સુદ ૧૧ના દિવસે જાગરણના સમયમાં બોલાય.

**ગનગોરના પદ –** ચૈત્ર સુદ ત્રીજના દિવસે રાજભોગમાં ગવાય.

**રથના પદ –** રથયાત્રાના દિવસે શૃંગારમાં ઔસરામાં, રાજભોગ દર્શનમાં તે રથના ચારે ભોગ સુધી તે રથયાત્રાનાં બીજે દિવસે મંગલા દર્શનમાં પણ બોલાય.

**હિંડોળાના પદ –** અષાઢ વદ ૧ અગર બીજ હિંડોળામાં બિરાજે ત્યારથી શ્રાવણ વદ ૧ કે બીજ જ્યાં સુધી હિંડોળા ઝૂલી ઉતરે ત્યાં સુધી. જે જે રાગમાં ગાવાની પ્રણાલિકા પ્રમાણે ગવાય.

**પવિત્રતાના પદ –** પવિત્રા એકાદશીના દિવસે પવિત્રા ધરતી વખતે અને પવિત્રા પહેરીને એક દિવસ હિંડોળા ઝૂલે ત્યાં સુધી હિંડોળા પવિત્રાના બોલાય.

**રક્ષાના પદ –** રક્ષા બાંધતી વખતે ખાસ કરીને સારંગમાં ગવાય.

❊❊❊❊❊



પ.ભ. જ્યોત્સનાબેન અરૂણભાઈ શાહ (અમદાવાદ)ના જય શ્રીકૃષ્ણ

# રંગ પરિચય

ઠાકુરજીના વસ્ત્રના રંગો માટે જે નામોનો પ્રયોગ થાય છે, તેમનો પરિચય નીચે પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| ૧. સોસની | : | આછો જાંબલી |
| ૨. ગુલેનાર | : | રાણી |
| ૩. હબાસી | : | રાખોડી |
| ૪. ગંધકી | : | લીલાશ પડતો પીળો |
| ૫. ચંપઈ | : | જર્દ પીળો |
| ૬. અરગજાઈ | : | ચંદની |
| ૭. ધાની | : | લીલીદ્રાક્ષ જેવો |
| ૮. કોયલી | : | કોયલના ફૂલ જેવો |
| ૯. નીંબુઆ | : | લીંબુ જેવો પીળો |
| ૧૦. પતંગી | : | ફાલસા જેવો |
| ૧૧. પિરોજી | : | સહેજ લીલાશ પડતો આસમાની |
| ૧૨. મોરગરદાની | : | મોરની ડોક જેવો વાદળી |
| ૧૩. મૂંગીયા | : | મગ જેવો લીલો |
| ૧૪. સુવાપંખી | : | પોપટી |
| ૧૫. અમરસી | : | કેરીના રસ જેવો કેસરી |

પ્રભુના વસ્ત્ર કાપડની જુદી જુદી જાતમાંથી બનાવવામાં આવે છે કાપડની જુદી જુદી જાતોની માહિતી નીચે પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| ૧. મોઠડા | : | લાંબી સળીદાર લહેરીયા |
| ૨. છાપા | : | ચંદન અથવા સોના ચાંદીના છાપા |
| ૩. જામદાની | : | જાળીદાર સુતરાઉ કાપડ |



પ.ભ. દાણી તપસ્વી રતીલાલના જય શ્રીકૃષ્ણ

| | | |
|---|---|---|
| ૪. રાજાસાઈ લહેરીયો | : | અંગ્રેજી અક્ષાર 'વી' ના આવર્તનવાળો લહેરીયો. |
| ૫. કુરુખશાહી જરી | : | જરીના વસ્ત્રમાં બીજા રંગની જરીની બુંટ |
| ૬. તાસ | : | સુતરાઉ કાપડ પર જરીની ચોકડી |
| ૭. ખીનખાબ | : | રેશમી સુતરાઉ કાપડ પર જરીની બુંટ |
| ૮. છીંટ | : | સુતરાઉ કાપડ પર જુદા જુદા પ્રકારની ભાત |
| ૯. જગન્નાથી | : | શ્વેત મુલાયમ મલમલ |
| ૧૦. વસંતી | : | રંગીન સુતરાઉ કાપડ પર બીજા રંગના છાંટા |
| ૧૧. કવાય | : | રૂ ભરેલ વસ્ત્ર |
| ૧૨. ધનક | : | ઈન્દ્રધનુષી રંગનો લહેરીયો |
| ૧૩. ઈકડાલી ચુંદડી | : | રંગીન સુતરાઉ કાપડ પર બીજા રંગની છુટી છુટી એક એક ચોકડીઓ |
| ૧૪. કારચોવ | : | ચોસલાવાળું મલમલ |
| ૧૫. મટર ભાંતજામંદાની | : | વટાણા જેવી ગોળ જાળીવાળું વસ્ત્ર |

❊ ❊ ❊ ❊ ❊



## શું તમે જાણો છો?

શ્રી ઠાકોરજીના શ્રી મસ્તક પર ધરાતા વિવિધ પ્રકારના શૃંગારના નામ :

(૧) પાગ (સાદી પાગ, છજ્જેદાર પાગ)
(૨) ખીડકીની પાગ
(૩) ચીરા
(૪) ગોળ પાગ
(૫) ગોળ ખીડકીની પાગ
(૬) ગોળ ચીરા
(૭) ફેંટો
(૮) ગ્વાલ પગો
(૯) દુમાલા ત્રણ પ્રકારના છે.
 ૧. દુમાલો સાદા ૨. બીચકો દુમાલો ૩. ખૂંટનો દુમાલો
(૧૦) કુલ્કે (વસ્ત્રની જડાવ)
(૧૧) મુગુટ (ત્રણ વસ્તુ ભેગી થાય તેને મુગુટ કહેવાય)
 ૧. મુગુટની ટોપી ૨. ખૂપ ૩. પંખો
 મુગુટ જુદી જુદી જાતના હોય છે. જેમ કે, માણેકના, પન્નાના, હીરાના, મોતીના, સોનાના, મીનાકારી, ડાકના, ફિરોઝાના, મૂંગાના.
(૧૨) ટિયારો (ટિયારા જુદી જુદી જાતના હોય છે. જેમ કે, જડાવ, મોતીના, સોનાના, મીનાકારી, માણેકના, પન્નાના, હીરાના છીપના અને વસ્ત્રના)
(૧૩) કુલ્હે પગા અથવા ગોટી પગો
(૧૪) શહેરો (મોતીના, સોનાના જડાવ)
(૧૫) કિરીટ મુગુટ
(૧૬) ચંદ્રિકા

(૧૭) જોડ (ત્રણની, પાંચની, સાતની, નવની, અગિયારની)
(૧૮) ઘેરો (ખાસ કરીને સોનેરી જ આવે)
(૧૯) ચમકની ચંદ્રિકા (સોનેરી અને રૂપેરી)
(૨૦) બાદલાઈ ચંદ્રિકા
(૨૧) શિખા (ચોટી – મોતીની સોનાની અને જડાવ)
(૨૨) મોરશિખા (મોતીની અને જરીની)
(૨૩) લૂમ
(૨૪) લટકન
(૨૫) લૂમની કલગી
(૨૬) તોરા
(૨૭) સૂર્ય કતરા
(૨૮) ચંદ્ર કતરા
(૨૯) નાગફણીનો કતરો
(૩૦) ગોળ ચંદ્રિકા (મોતીની, જરીની)
(૩૧) પાન
(૩૨) ચંદ્રમા
(૩૩) શિરપેચ
(૩૪) શિશફૂલ
(૩૫) શિશફૂલ પરનો કતરો
(૩૬) છેલકડી
(૩૭) પાગ નીચેની લડ
(૩૮) ઉષ્ણકાલમાં ધરાવાતા વસ્ત્રના જુદા જુદા પ્રકારના કતરા
(૩૯) શિતકાલમાં ધરાવાતા રેશમના જુદા જુદા પ્રકારના કતરા

વૈષ્ણવોએ ઉપર દર્શાવેલા શ્રી મસ્તકના શૃંગારના નામ તથા ધરવાની રીત પણ શ્રી આચાર્ય બાલકો અથવા મુખિયાજી પાસેથી શીખવી જોઈએ.



## શૃંગાર પરિચય




॥ ચંદ્રિકા ॥


॥ ચમકની ચંદ્રિકા ॥


॥ લૂમતુર્રા ॥


॥ કલગી ॥


॥ લૂમની કલગી ॥


॥ જમાવની કલગી ॥


॥ કતરો ॥


॥ મુગટ ॥


॥ ટીપારો ॥


॥ મોરશીખી ॥


॥ ખૂંપ ॥


॥ સહેરો ॥


॥ કિરીટ ॥


॥ પાન ॥


॥ કંઠાભરણ ॥


॥ ચોટી ॥




॥ ગોલપાગ ॥


॥ છજ્જેદાર પાગ ॥


॥ ખીડકીની પાગ ॥


॥ ગ્વાલ પગો ॥


॥ ગોટી પગો ॥


॥ ફેંટો ॥


॥ દુમાલો ॥


॥ કુલ્હે ॥


॥ ચિત્રની કુલ્હે ॥


॥ બીચનો દુમાલો ॥


॥ ખૂંટનો દુમાલો ॥


॥ ફેંટો ॥


॥ ઝાલરદાર ટોપી ॥


॥ કુંજાદાર ટોપી ॥


॥ ટોપો ॥

## ઋતુ પ્રમાણે શૃંગાર પ્રકાર

શીતકાળમાં દરેક પ્રકારના જડાઉ શૃંગાર ધરે. હોળીના દિવસોમાં (વસંત પંચમીથી ડોલ સુધી) સોનાના તથા મીનાના શૃંગાર ધરે.

ઉષ્ણકાળમાં (અક્ષય તૃતિયાથી રથયાત્રા પર્યંત) મોતીનાં, છીપનાં તથા ચંદનનાં શૃંગાર ધરે, બાકીના દિવસોમાં વિવિધ પ્રકારનાં જડાઉ શૃંગાર ધરે.

❊ ❊ ❊ ❊ ❊

## અત્તર સમર્પવાનો ક્રમ

ઋતુ પ્રમાણે શ્રીઠાકોરજીને અત્તર સમર્પવું.

શીતકાળમાં (દેવદિવાળીથી ડોલ પર્યંત) હિનો, કસ્તુરી, કેસ, અંબર.

**ઉષ્ણકાળમાં** – ખસ, જૂઈ, મોગરો, બોરસલી, રાતરાણી, કદંબ

**શીતકાળમાં** – રૂવાળાં વસ્ત્રો ધરવા લાલન હોય તો પ્રથમ વાધો, તેના પર ફરગુલ અને તેના ઉપર ગદલ (રૂનો આત્મસુખ વાધો ધરવો.)

શ્રી ઠાકોરજી પાસે અંગીઠી (સગડી) ધરવી. મંગલભોગમાં સૌભાગ સૂંઠ ધરાવવી. શૈયાજી પર રજાઈ ઓઢાડવી, ચિત્રજીને ઉપરથી રૂવાળું વસ્ત્ર તથા ચિત્રજીને અનુરૂપ ગદલ ધરાવવું. શીતકાળમાં વિવિધ પ્રકારના ફીકુ, દૂધઘર, અન્નસખડી તથા જાતજાતની સખડી આરોગે, સૂંઠવાળો ગોળ ભોગમાં ધરવો.



પ.ભ. શાહ મુકેશભાઈ શંકરલાલ (જેતપુર)ના જય શ્રીકૃષ્ણ

ઉષ્ણકાળમાં લાલનને લગર કિનારીની – છાપેલી અથવા સાદી ઓઢણી જ ધરાવવી. રામનવમીને બીજા દિવસથી નવરાત્રિના આગલા દિવસ સુધી ભીતરનો વાધો ધરે નહીં. મોટા ઉત્સવ જેવા કે જન્માષ્ટમી, રાધાષ્ટમી, શ્રીગોપીનાથજીનો ઉત્સવ, દશેરા, શરદપૂર્ણિમા, શ્રીમહાપ્રભુજીનો ઉત્સવ તથા રથયાત્રા – આ ઉત્સવો પર વાધો ધરે. ચિત્રજી પર ઉષ્ણકાળને અનુરૂપ વસ્ત્રો ધરે. તૃતિયાથી પાસે ચંદનની બરણી ધરવી. ઝારીની આગળ સફેદ લપેટેલો માટીનો કૂંજો ધરવો. પોઢતી વખતે પણ કૂંજો તથા માટીનો કરવો શૈયાજી પાસે ધરવો. કૂંજો રાજભોગ સરાવી પછી ધરવો.

શ્રીયમુનાજીના ભાવથી રાજભોગનાં દર્શનમાં ખંડપાટ ચોકી આગળજલની પરાત ધરી તેમાં નાવ–કાચબા–માછલી વગેરે ચાંદીના ખિલોનાં ધરવા. મોગરો, ગુલાબ વગેરે ફૂલો પધરાવવાં.

અક્ષય તૃતિયાથી જન્માષ્ટમી સુધી ઝૂલાની શૈયા આવે. ઉષ્ણકાળમાં શ્રીઠાકોરજીના બિરાજવાના કબાટ અથવા મંદિરના બારણા પર બપોરે ખસના પડદા લગાવા. તેના ઉપર પાણીનો છીંટકાવ કરવો. આ પડદા રથયાત્રા સુધી આવે.

ઉષ્ણકાળમાં ભોગમાં ખાસ કરીને કાચી કેરીની ફાંક, કેરી તથા તેના ટૂક તથા રસ, સકરટેટી વગેરેના પનો, કાચી ભીંજાવેલી દાળ, છાશ, સખડી, ધરાતી હોય તો દહીં–ભાત, રસ–ભાત, શ્રીખંડ–ભાત, ધોર્યો સતવો વગેરે આવે. પાંચ સાત અથવા નવ આ પ્રકારે માળની જોડ શયનમાં ધરવી. રોહિણી નક્ષત્ર બેઠા પછી ચંદનના વાધા તથા ફૂલના શૃંગાર થાય. ઉષ્ણકાળમાં લાલ ફૂલો માળામાં વાપરવા નહીં.

❊ ❊ ❊ ❊ ❊



પ.ભ. મહેતા વિપુલભાઈ કિરીટભાઈ (અંકલેશ્વર)ના જય શ્રીકૃષ્ણ

## ઉત્સવ

ઉત્સવ હૃદયની સ્વયં સ્ફૂરણા છે, તેમાં શરીર સાથે હૃદય અને આત્માને આનંદ થાય છે. ઉદ (ઉત્)નો અર્થ છે વધારે અને સવનો અર્થ છે ઉત્તેજવું.

હૃદયની પવિત્ર ઉન્નત લાગણી અને ઉત્તમ વિચારોને વધારે ઉત્તેજના આપે અને મન–આત્માને આનંદમાં ડૂબાડી દે તેનું નામ ઉત્સવ. પુષ્ટિમાર્ગના બધાય ઉત્સવો એ દ્રષ્ટિએ જ ઉજવાય છે. ઉત્સવમાં ભાગ લેનાર વૈષ્ણવ, તન, મન અને ધનથી તદાકાર થઈ જાય છે. ઉત્સવ પહેલાં તેની તૈયારીઓ કરવા વૈષ્ણવો બહુ જ મસ્ત બની જાય છે અને ઉત્સવ ઉજવી લીધા પછી તેમના જીવનમાં, વિચારોમાં અને પવિત્રતામાં તેઓ એક પગથિયું આગળ ચઢતું અનુભવે છે.

પ્રભુ કૃપા કરીને ભક્તજનને અનુભવ જણાવે તેને ઉત્સવ કહે છે. વૈષ્ણવે ઉત્સવનો દિવસ ભૂલવો નહીં. કેમકે પ્રભુ બાલક છે. તેની ઉત્સવની રાહ જુએ છે. તેથી વૈષ્ણવે ઉત્સવનો લોપ સર્વથા ન કરવો.

❊ ❊ ❊ ❊ ❊

## ઉત્સવના પ્રકાર

૧. **નિત્યોત્સવ :–** નિત્યની અષ્ટપ્રહરની સેવા, સવારે મંગલાથી લઈને સાંજે શયન પર્યંતની થાય તે નિત્યોત્સવની સેવા, દરરોજ નવા સાજસામગ્રી ઉત્સાહપૂર્વક પ્રભુને અંગીકાર કરાવી કીર્તન દ્વારા ગુણગાન કરવું. વગેરે બાબતો નિત્યોત્સવમાં આવે છે. **"યહ નિતનેમ જસોદાજુ મેરો, તિહારેલાડ લડાવન કો."**



પ.ભ. ઈન્દુબેન સુરેશભાઈ શાહ (અમદાવાદ)ના જય શ્રીકૃષ્ણ

૨. **નૈમિત્તિક ઉત્સવ :–** કોઈક નિમિત્તને લીધે જ ઉત્સવ કરવામાં આવે તેને નૈમિત્તિક ઉત્સવ કહેવામાં આવે છે.

આ ઉત્સવને આચાર્યજી પ્રાગટ્ય, ગોસ્વામી બાલકોના જન્મ દિવસ તથા છપ્પનભોગ, ષડઋતુ, વ્રજકમલ, ઈત્યાદિ ઉત્સવ.

૩. **પાર્વણિકોત્સવ :–** આ ઉત્સવોમાં પર્વ (ત્યોહાર) નક્ષત્ર પ્રધાન લૌકિક ત્યોહાર હોય છે. કુલ ૨૪ પાર્વણિક ઉત્સવ મનાવવામાં આવે છે. જેમાં હોલી, રક્ષા, રથયાત્રા, સ્નાનયાત્રા ઈત્યાદિ.

❊ ❊ ❊ ❊ ❊

## પાટોત્સવ

પાટોત્સવના દિવસે શ્રી ઠાકોરજીને વેદોક્ત રીતિથી પ્રથમ મંદિરમાં સિંહાસન ઉપર પધરાવવામાં આવે છે. જે પ્રથમ દિન પાટોત્સવ દિન–જયંતિ મહોત્સવ તરીકે દર વર્ષે ઉજવવામાં આવે છે. જન્મ મહોત્સવ તો જન્મ દિન હોય ત્યારે મનાય. બાકી તો પાટોત્સવ મનાય. શ્રી ઠાકોરજી જન્મ્યા તો જન્માષ્ટમીને દિવસે, પરંતુ મોટા થાય અને જ્યારે પ્રથમ નિકુંજમાં પધાર્યા ત્યારે ત્યાં પ્રાગટ્યોત્સવના દિવસ હોય છે. વ્રજભક્તોને ઘેર પધાર્યા તે ભાવે પાટોત્સવ મનાય છે.

❊ ❊ ❊ ❊ ❊

## મનોરથ

ભક્ત અનેક પ્રકારની વસ્તુથી પ્રભુની સેવા કરી લાડ લડાવે તેને મનોરથ કહે છે. મનમાંથી ઉદ્દભવે તે મનોરથ અને મનોરથનું ફળ સમજવાનું સ્થાન તે પણ મન. આમ જેની ઉત્પત્તિ અને ફળ શ્રુતિ બન્નેનો સમન્વય એક જ ક્ષેત્રમાં થાય તેનું નામ મન, ધર્મ,



પ.ભ. અમરતભાઈ બી. ત્રાંભડીયા (અમદાવાદ)ના જય શ્રીકૃષ્ણ

અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરૂષાર્થ પૈકી અર્થ નામનો પુરૂષાર્થ સાધવાનું સાધન તે પણ મન, માટે મનના અર્થ જેમાંથી સિદ્ધ થાય તેનું નામ મનોરથ.

દૈવી જીવની ગતિનું સાધન મનોરથ, પુષ્ટિમાર્ગીય જીવનની કૃતિનું સાધન મનોરથ. વૈષ્ણવોના આત્મમંથનનું બીજ મનોરથ, ગુરૂકૃપાનું ચિન્હ મનોરથ અને વલ્લભાધીશના અનુગ્રહનું સાચું સ્વરૂપ તે મનોરથ.

જેમ મર્યાદા માર્ગમાં યજ્ઞ કરે છે એમ ભક્તિ માર્ગમાં પ્રભુને લાડ લડાવવા અને ભક્તને પ્રસન્ન રાખવાના જે યજ્ઞ થાય તેને મનોરથ કહે છે. એ રીતે એમ મર્યાદા ભક્તને પ્રસાદ લેવરાવવાથી યજ્ઞ કર્યો તેમ કહેવાય. ઝાઝા ભક્તને તેડાવી ખૂબ પ્રેમથી એમના ડીલ ચોળી નવરાવીને પ્રસાદ લેવરાવે તો કોટિ યજ્ઞનું ફળ પુષ્ટિમાર્ગના એક વૈષ્ણવને મળે તેવું મહાત્મ્ય છે. એટલે ભાવથી જ ફળ છે એવો ભાવાત્મક માર્ગ શ્રીમહાપ્રભુજીએ પ્રકટ કર્યો છે. આમ પુષ્ટિમાર્ગમાં સેવા પ્રકારનો મનોરથ ઉચ્ચ સિદ્ધાંતોને આધારે રચાયેલો છે.

મનોરથ નિકુંજની લીલાના સુખ માટે છે. મનોરથી બનવા માટે, અલૌકિક મિલનને માટે અને મુખારવિંદ ભક્તિ માટે છે. મનોરથની ભાવના પ્રગટ થવા તેમ જન ઉત્સવોના આનંદનો રસ સમજવા માટે સેવા પ્રકારની ખાસ આવશ્યક્તા ભક્તને રહે છે.

**મહોત્સવ :–** આ મહોત્સવ આનંદને દર્શાવી (અભિવ્યક્ત), પ્રકટ કરીને મનાવાય છે. આમાં બાલકનું પ્રાકટ્ય, વિવાહ વગેરે બધા જ લોકોને એકત્ર કરીને મહોત્સવ રૂપે ઉજવાય છે.

નંદરાયજીને ત્યાં જ્યારે વૃદ્ધાવસ્થામાં પુત્રનું પ્રાગટ્ય થયું ત્યારે વિવિધ પ્રકારની શરણાઈઓ, વાજયંત્રો વગાડ્યા, તેમજ રૂક્ષ્મણીજીને હરણ કરીને દ્વારકા પધરાવ્યા. ત્યાં પ્રભુએ એમની સાથે વિવાહ કર્યો ત્યારે દ્વારકામાં ઘરે ઘરે મહોત્સવ થયો.





**"નંદ મહોત્સવ બટ કીજે,**
**અપને લાલ પર વારી ન્યોછાવર સબ કાહુ દીજે."**

**મહા મહોત્સવ :–** અચાનક શુભ સમાચાર સાંભળીને બધા જ સમાજમાં લોકો આનંદિત થઈ, ઉલ્લાસ હર્ષમાં આવી ચારગણા, આઠગણા, સોળગણા ઉત્સાહમાં આવી જાય એને મહામહોત્સવ કહે છે. જેમ નંદબાવાને ત્યાં વૃદ્ધાવસ્થામાં બાલકનું પ્રાગટ્ય થવાથી આખા ગામમાં ઉત્સાહની લહેર છવાઈ ગઈ. બધા દોડી દોડીને અને બધાય મળીને ઉત્સાહથી "મહા મહોત્સવ" ઉજવ્યો.

❊❊❊❊❊

## પ્રભુનું સુખ તે સેવા

શ્રી મહાપ્રભુજીનાં સેવક સાસુ–વહુ. સાસુનું નામ ગોરજા. વહુનું નામ સમરાઈ. વહુ બહુ ભોળી, પણ પ્રભુમાં તેનો અખૂટ પ્રેમ. બંને હળી મળીને શ્રીદામોદરલાલજીની સેવા કરતાં.

એકવાર બાજુનાં ગામે શ્રીમહાપ્રભુજી પધાર્યા. ગોરજાએ સમરાઈને કહ્યું :– "**તું આપણા પ્રભુને સંભાળજે. પહેલાં હું દર્શન કરી આવું, પછી તું જજે.**" ગોરજા દર્શન કરવા બાજુના ગામે ગયા.

સમરાઈએ ખૂબ જ પ્રેમથી સામગ્રી કરી, શ્રીઠાકોરજીને રાજભોગ ધર્યો. જ્યારે ભોગ સરાવા ગઈ, ત્યારે તેણે જોયું કે ધરેલી બધી સામગ્રી જેમની તેમ છે. તેને લાગ્યું કે તેણીનાથી કંઈ અપરાધ થયો છે, તેથી શ્રીઠાકોરજીએ રાજભોગ આરોગ્યો નથી.

તેણે બધી સામગ્રી ગાયોને ખવડાવી. ફરી નવી સામગ્રી બનાવી, રાજભોગ ધર્યો. મનમાં ખૂબ તાપ હતો. ભોગ સરાવતાં ફરી તે જ અનુભવ. તે રડી પડી. ફરી બધી સામગ્રી ગાયોને ખવડાવી. ત્રીજી વખત તેણે નવી સામગ્રીઓ બનાવી, તે ખૂબ જ વ્યથિત હતી. શું

કરવું તે સમજાતું ન હતું. તેણે ત્રીજી વખત રાજભોગ ધર્યો. તે ટેરો લેવા ગઈ. શ્રીદામોદરલાલે સાક્ષાત્ દર્શન આપી, તેનો હાથ પકડી આજ્ઞા કરી, "સમરાઈ, સામે બેસ. હું આરોગું છું તેની ખાતરી કરી. આજે બે વખત હું રાજભોગ આરોગ્યો છું. હવે ત્રીજી વખત પણ આરોગીશ."

તો પ્રભુ સામગ્રી ઘટતી કેમ નથી?

"**હું આરોગું તે કદી ઘટે નહીં તું ખાતરી કરી લે.**" ત્યારથી શ્રીમહાપ્રભુજીની આજ્ઞાથી સમરાઈ શ્રી ઠાકોરજીના શ્રીઅંગની સેવા કરતી, ગોરજા સેવામાં સહાય કરતાં. સેવા એટલે પ્રભુને રીઝવવા.

❊ ❊ ❊ ❊ ❊

## શુદ્ધભાવ, એજ સેવા

શ્રી ગુસાંઈજીના સેવક પણ આવાં સાસુ–વહુ હતાં. તેમના જીવનમાં પણ કંઈક આવો જ પ્રસંગ બન્યો. વહુ અત્યંત ભોળી. સાસુ તેની પાસે બહારની સેવા કરાવે. શ્રીઅંગની સેવા સાસુ પોતે કરે. વહુ સેવાની રીત જાણે નહિં.

એક વાર સાસુ શ્રી ગુસાંઈજીનાં દર્શને ગયાં. વહુને સેવાની રીત સમજાવી, સેવા સાચવી લેવા કહ્યું.

સાસુએ કહ્યું : એવા સુંદર શણગાર કરજે કે શ્રી ઠાકોરજી હસી ઉઠે.

વહુ શૃંગાર કરવા બેઠી. એની સમજ પ્રમાણે શૃંગાર કર્યા. દર્પણ બતાવ્યો, દર્પણમાં શ્રીમુખ નીરખવા લાગી. શ્રી ઠાકોરજીના હસતા મુખારવિંદના દર્શન ન થયાં. તેને લાગ્યું કે આ શૃંગાર શ્રી ઠાકોરજીને ગમ્યા નથી. તે શ્રી ઠાકોરજીને પૂછવા લાગી : "તમારે ક્યા શૃંગાર ધરવા છે?" પણ શ્રી ઠાકોરજી બોલતા નથી.



બીજી વખત શૃંગાર ધર્યા, પણ શ્રી ઠાકોરજી ન હસ્યા. વહુ મૂંઝાઈ ગઈ. હવે કોને પૂછું? તે રડી પડી. ત્રીજી વખત શૃંગાર ધરતાં વિનંતી કરવા લાગી. "કૃપાનાથ, આપના માટે રાજભોગની સામગ્રી બનાવી છે, તે ઠંડી થાય છે. આપને ભોગ આરોગાવવામાં વિલંબ થાય છે. આજના દિવસ મારા શૃંગાર સ્વીકારો, કાલે તો સાસુજી આવી જશે."

શ્રી ઠાકોરજી હસી ઉઠ્યા, સાક્ષાત્ દર્શન આપીને આજ્ઞા કરી : "પગલી તારા પર હું સદા પ્રસન્ન છું. તું જે શૃંગાર ધરાવે છે, તેનાથી હું રાજી છું." આ સાંભળી વહુના જીવમાં જીવ આવ્યો.

શ્રી ઠાકોરજીની સેવા જે શુદ્ધ ભાવથી કરે છે, તેની સેવા આપ જરૂર અંગીકાર કરે છે.

પુષ્ટિમાર્ગમાં સાધન અને ફલ એક જ છે સેવા. અખંડ પ્રેમપૂર્વક તમે શ્રીકૃષ્ણની સેવા જ કરો. શ્રી વલ્લભનો આ સિદ્ધાંત છે. એ પ્રેમ કેવો હોય, એનો ખ્યાલ આપે છે.

સવારમાં ઉઠ્યા ત્યારથી, સતત સેવાનો જ ઉમંગ મનમાં રહ્યાં કરે. એનો આનંદ હૃદયમાં ભરેલો હોય.

આ માનવ શરીરની ને ઈન્દ્રિયોની અદ્‌ભૂત રચના ભગવાને સેવા માટે જ કરી છે. ખાઈ–પીને મૌજ કરવા માટે નહીં. દૈવી જીવોનો દેહ પ્રભુ સેવા માટે હોય છે. શ્રી વલ્લભનું વચનામૃત : "પ્રભુના સ્વરૂપની સેવા માટે જ દૈવી સૃષ્ટિને પ્રગટ કરી છે, બીજી કોઈપણ હેતુથી નહીં." ને યાદ રાખો.

સેવા કરો, તેમજ વારંવાર શ્રી ઠાકુરજીને પારકે ઘેર ન પધરાવી દેશો. વળી શ્રી વ્રજભક્તોનો ભાવ વિચારીને સેવા કરશો તો એમાં એવો આનંદ આવશે કે પ્રભુને છોડવાનું મન જ નહિં થાય. સેવામાં તો રસરૂપ ફળનો આસ્વાદ રહેલો છે.

સેવામાં ખાસ સાચવવા જેવી બાબતો નીચે પ્રમાણે છે :

આપણું કે કોઈનું અર્ધુ વાપરેલું, અર્ધભુક્ત કંઈપણ પ્રભુને ન ધરાય. શ્રીકૃષ્ણ દેવાધિદેવ છે. પ્રભુ સેવા માટે રાખેલી વસ્તુ માત્ર લૌકિકમાં ન કઢાય. આટલું જરૂર સાચવવું.

આ માર્ગના સિદ્ધાંતનું એ રહસ્ય છે કે વૈષ્ણવે માત્ર પ્રભુને ધર્યા વિનાનું – અસમર્પિત સર્વથા ન લેવું જોઈએ, એનો સ્વાદ છૂટે તો જ પ્રભુ મળે. ભક્ત કવિ દયારામભાઈ તો એને માયા રોગ જેવું ગણાવે છે. "અસમર્પિતને અન્યાશ્રય, બે મહા દુસ્તર રોગ". (ભક્તિપોષણ). આપણે આટલો અસમર્પિત ત્યાગ પણ ન કરી શકીએ અને પુષ્ટિમાર્ગીય ફલની મોટી આશા રાખીએ, એ કેમ બને?

નિત્યની સેવા કરતાં, ઉત્સવને દિવસે કંઈક પણ વિશેષતા કરવી જોઈએ. પ્રભુ એવી અપેક્ષા રાખે છે. ઉત્સવ સાવ ખાલી તો ન જ જવા દેવો. શૃંગાર, સામગ્રીમાં કંઈપણ વિશેષ કરવું.

એક વૈષ્ણવ પ્રવાસમાં હતા અને અન્નકૂટ આવ્યો. એ જ્યાં હતા તે ગામમાં માત્ર જુવાર મળી તો તેની પણ બે ચીજ બનાવી. વૈષ્ણવે પ્રભુના અન્નકૂટની ભાવના કરી લીધી.

સેવામાં એકાગ્રતા જોઈએ. એકાન્ત સ્થળ હોય તો વધુ સારૂં. ઘોંઘાટ સેવાના આનંદને ઓછો કરી નાંખે છે.

પ્રભુને ભોગ ધરતાં ને શૃંગાર કરતાં ટેરો રાખવો. પ્રભુ પરમ સુકોમળ છે માટે એમને શ્રમ ન પડે તે રીતે, સાવધાનતાથી સેવા કરવી.

પ્રભુએ જો ધન આપ્યું હોય તો નિત્ય નવા નવા ભોગ–રાગ–શૃંગારથી પ્રભુને લાડ લડાવવા. એના જેવો ધનનો ઉત્તમ ઉપયોગ બીજો નથી. જીવનની સાર્થકતા એમાં જ છે. પ્રભુનું સુખ વિચારવામાં કંજૂસાઈ ન કરવી. અરે, શરીરથી પણ કાયરતા ન રાખવી.

પ્રભુને બિરાજવાનું સ્થાન, બને તેટલુ સુંદર બનાવવું.



પ.ભ. પટેલ કપિલાબેન શૈલેશભાઈ (અમદાવાદ)ના જય શ્રીકૃષ્ણ

દામોદરદાસ સંભરવાળાએ, હવા–શીલ મંદિર ન બને ત્યાં સુધી અન્નનો ત્યાગ કરવાની પ્રતિજ્ઞા કરેલી. પ્રભુને તાપ લાગતો હતો. કેવી સ્નેહની ભાવના!

જો કોઈ નવી વસ્તુ મળવા લાગે તે સત્વરે પ્રભુ માટે લાવવી જોઈએ. એક વૈષ્ણવે, આ ભાવનાથી તો ગુલાબના ફુલના લાખ રૂપિયા ખર્ચી દીધા છે અને સાક્ષાત્ શ્રીજી એનાથી ઝૂક્યા છે. કોઈ વૈષ્ણવે મોટા મૂલ્યની ટેટી અંગીકાર કરાવી છે. પ્રભુના સુખ આગળ ધનનો શો મોહ!

પુષ્ટિમાર્ગનું પાકશાસ્ત્ર પણ અદ્ભૂત છે. અનેક–વિધ સરસ સામગ્રીઓ પ્રભુને આરોગાવીને સુખ અપાય છે. એમાં છે પ્રભુની પ્રસન્નતા.

ઉષ્ણકાલમાં કેટલાક શીતલ ઉપચારો થાય છે. સુરદાસજીએ ગાયું છે કે "**મહાકી મધરાત જેસે કી દુપહરીયા**" (જેઠ માસની બપોર, જાણે મહા માસની મધરાત જેવી શીતલ બની ગઈ છે.) ઋતુ ઋતુનાં વસ્ત્રો, આભૂષણો, સાજ, શૃંગાર સામગ્રીઓ બધું જ જુદું. રાજા માનસિંહે શ્રીનાથજીનાં દર્શન કરીને કેટલી શીલતા અનુભવેલી!

હવે સેવાનો હેતુ નીચે પ્રમાણે સમજાવે છે :–

પ્રભુના અનંત ઉપકાર આપણી ઉપર છે. બદલામાં આપણે પણ પ્રભુને યથાશક્તિ સુખ આપવું જોઈએ. પ્રભુના આપણે ઋણી છીએ. ઋણીયાને નિરાંતે ઊંઘવાનું ક્યાંથી હોય? એને તો ઋણ ચૂકવવાનો પરિતાપ જ હોયને? આ તો સેવકનો સહેજ ધર્મ છે. તેમાં પ્રભુ ઉપર આપણે ઉપકાર કરતા નથી. નારાયણદાસ બ્રહ્મચારીની વાર્તા જુઓ :– રાજભોગ ધરીને બેસતા ત્યારે રડતા કે મારાથી કશું બરાબર બનતું નથી, પ્રભુ કેમ આરોગતા હશે એમને શ્રમ પડતો હશે.

તમારૂં મન અને ઈન્દ્રિયો તો તમને આળસ કરવાને પ્રેરશે.



પ.ભ. પટેલ ગાયત્રીબેન મુકેશભાઈ (અમદાવાદ)ના જય શ્રીકૃષ્ણ

ચાલોને, કોઈ સેવા કરનાર હોય તો આપણે નિરાંતે બેસીએ, લૌકિક કાર્યો કરીએ, પણ ના, ના, બીજાને ભરોસે પોતાના પ્રભુને છોડશો નહીં. માતા પોતાના લાડીલાને પારકે ઘેર મૂકી આવે છે?

**"સેવા રસમાં મગન રહે, મનમાં ઉમંગ અપાર, પોતાને હાથે કરે, વિવિધ ભોગ સિંગાર."**

વધુમાં વધુ સેવા કાર્ય પોતાને હાથે જ કરવાનો આગ્રહ રહે. મનમાં ઉત્સાહનો પાર નહીં. એક પછી એક સેવા કાર્યની મનમાં ધૂન લાગે. સેવા કરી શીખવે શ્રીહરિ. જેને સેવાનું વ્યસન લાગે છે, તે તો આવા બની જાય છે. અરે, એમના હૃદયમાં પ્રભુના પ્રેમના ટોપલે ટોપલા ઠલવાય છે અને એ પ્રીત એમના જીવનમાં ડગલે ને પગલે પ્રગટ થાય છે.

ભાઈ તમે કહો છો કે, સેવા કરો, પણ હું શું કરૂં કેવી રીતે? મારી પાસે ઘણું ધન નથી. સેવામાં તો ધન જોઈએ. મારા શરીરમાં ઝાઝું બળ નથી. સેવામાં તો બળ જોઈએ. નહિતર થાકી જવાય, ઘરનાં માણસો મદદમાં જોઈએ તે વિના એકલા એકલા થાય પણ કેમ?

અને, ભાઈ સાહેબ, સેવા લઈને બેસુ ને પછી બની, ન બની ત્યારે લોકો હાંસી કરે, કહેશે કે ગયા તો ભાઈ સેવા કરવા, જુઓ ઉપાધિ વ્હોરી. તેથી, સેવા તો ધનવાન લોકો કરે, ગરીબથી તે વળી સેવા થતી હશે? ભાઈ, ખાલી હાથે તો સેવા કેમ થાય? વૈષ્ણવ તરીકેનાં બીજા કર્તવ્યો બતાવો તો તે હું કરૂં. કહો તો ગુણગાન ગાયા કરૂં, ભગવતની કથાઓ સાંભળતો રહું. સત્સંગ પણ કરૂં. શું આ ભક્તિના અંગ નથી? આ બધું પ્રભુને પ્રિય નથી શું?

કહે છે, ભાઈ, તારો પ્રશ્ન સારો છે, પણ એનો ઉત્તર બહુ ઝીણવટ ભર્યો છે. સાંભળ, શ્રવણ-કીર્તન, કથા-વાર્તા, નામ-



સેવા એ ભક્તિના અંગ છે. પણ સ્વરૂપ સેવા તો બધાનાય ફળ રૂપ છે. બીજું બધું ભલે કરો, પણ સ્વરૂપ સેવા વિના અધુરૂં જ રહેશે. સત્સંગ કરીને પણ શીખવાની વસ્તુ તો સેવા જ છે. સેવાને બદલે કથા વાર્તાથી નહીં ચાલી શકે.

હવે સંપત્તિ બાબતમાં સરસ ખુલાસો કરે છે :-

ભાઈ, ધન હોય તો ધનનો વિનિયોગ સેવામાં કરવો જોઈએ, એ ખરૂં પણ ધન એ મુખ્ય નથી. મુખ્ય તો છે હૃદયનો ભાવ. રાજાને ત્યાં મોટી વૈભવી સેવા હોય, મુખીયા ભીતરીયાથી ચાલતી હોય પણ રાજાના હૃદયમાં સેવાભાવ ન હોય તો તે નકામી. અને નિષ્કિંચનતાની છતાં ભાવપૂર્વકની સેવા પ્રભુને ઘણી વ્હાલી લાગે છે. પરમ પ્રેમથી એનો અંગીકાર કરે છે.

ધન ન હોય તો ભાવપૂર્વક જળની લોટી અને મુઠ્ઠીભર ચણા ધરાય તેને પ્રભુ છપ્પન ભોગ માની લે છે. પદ્મનાભદાસજીનાં છોલા (તળેલી ચણાની દાળ)માં વિવિધ પકવાનોનો સ્વાદ આવતો.

શ્રી વલ્લભાષ્ટકતો જે અર્થ લેખના આરંભમાં છે તેમાં શ્રી ગુસાંઈજી એ જ આજ્ઞા કરે છે. શ્રી વલ્લભ પ્રગટિત માર્ગ જ વ્રજપતિનો સેવા માર્ગ છે. જે વૈષ્ણવો પર કૃપા કરવા માટે આ માર્ગ પ્રગટ કર્યો છે, તે વૈષ્ણવો જ અત્યારે એ સેવાથી વિમુખ બની ગયા છે. કેવો આશ્ચર્ય?

એક પટેલ મા-દીકરી શ્રી ગુસાંઈજીને શરણે આવ્યા. "કૃપાનાથ હવે અમારૂં શું કર્તવ્ય?" એમણે પૂછ્યું.

શ્રી ગુસાંઈજીએ આજ્ઞા કરી "ભગવત્સ્વરૂપ પધરાવીને સેવા કરો."

પેલાં કહે : મહારાજ, અમારા પાસે કંઈ નથી, ખેતરમાં મજૂરી કરીને નિર્વાહ કરીએ છીએ.

આપશ્રી કહે : તો પણ સેવા તો કરી શકાશે. પ્રભુને બાજરીનો રોટલો જ ધરજો. ઉત્થાપન ભોગ ને બંટામાં ભીંજવેલી બાજરી ચાલશે. તમારી ચોળી માટે કાપડ લાવો ત્યારે એક વાધો બનાવજો. બારે માસ એ જ ધરાશે. ધાતુ પાત્રો જરૂરી નથી. માટીના વાસણો જ બધે ચાલશે. મંદિર નથી તો ઘરના ગોખલામાં પ્રભુને પધરાવજો. પણ સેવા તો ન જ ચાલે. આ રીતે તેઓ સેવા કરવા લાગ્યા. પ્રભુ અતિ પ્રસન્નતાથી અંગીકાર કરે. સાનુભાવ બતાવે. પછી શ્રી ગુસાંઈજી એજ ગામમાં પધાર્યા ત્યારે વૈષ્ણવોએ વાત કરી.

મહારાજ, પેલાં મા–દીકરી પ્રભુને બહુ પરિશ્રમ આપે છે, આચાર–વિચારનું યે ઠેકાણું નથી. શ્રી ગુસાંઈજી એમને ઘેર પધાર્યા. શ્રી ઠાકુરજી માટીના કોડિયામાં ધરેલી, ભીંજવેલી બાજરી, શ્રી હસ્તમાં લઈ, હસી હસીને આરોગી રહ્યા હતા. શ્રી ગુસાંઈજી આ દર્શન કરીને ગદ્ગદીત થયા. ભોગ સરાવી. એમાંથી પોતે બાજરી આરોગ્યા. વૈષ્ણવોએ પણ માંગી માંગીને લીધી. આવી છે એ નિષ્કિંચનતાની સેવા.

કોઈ મદદમાં ન આવે તો એકલાથી આનંદપૂર્વક જેવી થાય તેવી સેવા કરવી.

પ્રભુને સખડી ભોગ ધરીને સેવા ન કરવામાં આવે તો અસમર્પિત પણ કેમ છૂટે? પ્રભુને ધર્યા વિનાના ખાનપાનથી, મનમાં આસૂરભાવ ઉત્પન્ન થાય છે, હૃદય અશુદ્ધ બને છે. એવા હૃદયમાં પ્રભુ કેમ બિરાજે?

જેઓ આદરભાવથી સેવા કરતા નથી તે પેટ ભરઈયા વૈષ્ણવો કહેવાય છે. અરે એમને શરમ પણ નથી આવતી? પોતાના સ્વાદ માટે નવી નવી રસોઈ બનાવે છે અને પેટ ભરે છે? અરે પેટ તો પશુઓ પણ ભરે છે, વૈષ્ણવ થઈને, આવું પશુવત્ જીવન જીવવું તમને શોભું ખરૂં કે?

અને, સ્વાદ તો પ્રભુના અધરામૃત–પ્રસાદમાં જ હોય, સર્વ રસના ભોકતા તો શ્રી હરિજ છે. એમને પ્રથમ અંગીકાર કરાવવું જોઈએ તો જ સાચો સ્વાદ પ્રગટ થાય, ભૌતિક સ્વાદથી શું?

❊❊❊❊❊



પ.ભ. અંબાબેન વિરજીભાઈ ઝવેરી (અમદાવાદ)ના જય શ્રીકૃષ્ણ

# પ્રભુના તત્સુખનો વિચાર

ગોકુલમાં એક તાદશી વૈષ્ણવ રહેતા હતા. ભગવાન જે જીવને પોતાનો કરવા વિચારે છે, તેને સંસારની આસક્તિ બાધા ન કરે તે માટે સાંસારિક પદાર્થો કે સંબંધીઓથી તેને અલિપ્ત રાખે છે. આ વૈષ્ણવ પણ એ જ નિયમાનુસાર કુટુંબ પરિવાર રહિત અને અત્યંત નિષ્કિંચન હતા. તેમની આસક્તિ એક માત્ર શ્રી ઠાકોરજીમાં જ હતી. એકવાર શ્રીગોકુલનાથજીનો જન્મ દિવસ (મા. સુ. ૭) આવ્યો, ત્યારે આપશ્રીએ ગોકુલના બધા વૈષ્ણવોને મહાપ્રસાદ લેવાનું નોતરૂં મોકલાવ્યું. સમય થતાં બધા વૈષ્ણવોની સાથે પોતાની શ્રી....ની રાજભોગની સેવા પહોંચીને, આ તાદ્રશી વૈષ્ણવ પણ આવ્યા.

પાતળમાં મહાપ્રસાદ પીરસાઈ જતાં 'શ્રી ગિરિરાજધરન કી જય' બોલાવીને સૌ વૈષ્ણવો આનંદથી પ્રસાદ લેવા માંડ્યા. પણ પાતળમાંની નાના પ્રકારની–સખડી–અનસખડીની–સામગ્રી જોઈ આ નિષ્કિંચન વૈષ્ણવના નેત્રોમાંથી જલધારા ચાલી નીકળી અને અશ્રુ પડવા લાગ્યાં. પાસે બેઠેલા વૈષ્ણવો તેમની આસપાસમાં મશ્કરી કરવા લાગ્યા. જુઓ તો ખરા, આની મૂર્ખતા : "આજે મહોત્સવના બધા વૈષ્ણવો આનંદ માણે છે, ત્યારે આ નેત્રોમાંથી જલ પાડીને અમંગલ દર્શાવી રહ્યો છે!"

શ્રી ગોકુલનાથજીએ આજ્ઞા કરી "ઉનકો યહા સો ઉઠાય દો."

કલ્યાણભટ્ટજીએ તેમને ઉઠી જવાનું કહેતાં તેઓ પ્રસન્નતાથી ઉઠી ગયાં. વૈષ્ણવોને તેમની આ ઉલટી રીતથી નવાઈ લાગી.

ત્યાર પછી બધા વૈષ્ણવો પ્રસાદ લઈને ઉઠ્યા એટલે કલ્યાણભટ્ટજીએ શ્રી ગોકુલનાથજીને વિનંતી કરી :–

"કૃપાનાથ, આજે ગોકુલના બધા વૈષ્ણવો અહીં એકત્ર થયા છે, તો આમાંથી મને તાદ્રશી વૈષ્ણવનાં દર્શન કરાવો."

કલ્યાણભટ્ટજીની વિનંતી સાંભળતા બધાં વૈષ્ણવો આગળ



ગૌ.વા. લીલાવતીબેન વામનભાઈ વાળીયા (વેરાવળ)ના જય શ્રીકૃષ્ણ

આગળ આવવા લાગ્યા. પ્રત્યેકના મનમાં એમ કે હમણાં જ શ્રી ગોકુલનાથજી પોતાને જ તાદ્રશી કોટિમાં મૂકી દેશે.

બધા વૈષ્ણવોના અહંભાવ ભરેલા મુખનું નિરીક્ષણ કરી લીધા પછી શ્રીગોકુલનાથજીએ કલ્યાણભટ્ટજીને કહ્યું :– "તમે હમણાં જે વૈષ્ણવને પાતાળ ઉપરથી ઉઠાવી મૂક્યા તે જ તાદ્રશી વૈષ્ણવ છે."

આ વાક્ય સાંભળતા બધા વૈષ્ણવો એક બીજાના મોઢાં સામું આશ્ચર્યભરી દ્રષ્ટિએ જોઈ રહ્યાં. પછી આપશ્રીએ કારણ કહ્યું કે એ વૈષ્ણવ વિચાર કરતો હતો કે "શ્રીઠાકોરજીને તો દાળ–બાટી આરોગાવીને આવ્યો છું અને અહીં ભાતભાતના ભોજન છે, શ્રી ઠાકોરજી છોડીને આ કેમ લઈ શકાય? સ્વામીને સાધારણ સામગ્રી ધરીને, હું (સેવક) આ ઉત્તમ વસ્તુ લઉં તો મારા સેવક ધર્મને બાધ આવે અને ન લઉં તો ગુરૂની આજ્ઞાનું ઉલ્લંઘન થાય, હવે કરવું શું? આ મહાન ધર્મસંકટનો વિચાર કરતાં તેમનું હૃદય ભરાઈ આવ્યું અને એ રડતા હતા."

આ વાર્તા દ્વારા પ્રભુના તત્સુખનો વિચાર કેવી રીતે કરવો તેની જાણ પડે છે. પ્રભુને રૂખુસુખુ અને પોતે તરબોળ વસ્તુ? આ સેવાનો પ્રકાર નથી. સેવામાં તો પહેલા સ્વામી (પ્રભુ)ને ધરી પછી પ્રસાદી લઈ આનંદિત રહેવું જોઈએ.

હે ચંચલ મન, આનંદમય એવી પ્રભુ સેવામાં આવો પ્રમાદ–આળસ, બેદરકારી – શા માટે? રસરૂપ સેવાનો સ્વાદ માણવાને બદલે તું કંટાળે છે? હે મન તારી આ નિર્બલતા છે.

સ્વમાર્ગની રીતે સેવા કરવી. પોતાની સંપત્તિ પ્રમાણે, જ્યારે જેનાથી જેટલું થઈ શકે તેટલું વધુમાં વધું કરવું. વિલંબ ન કરતાં તત્ક્ષણ આવો વિચાર કરવો હિતાવહ છે.

અને, જો ઉદ્યમ કરીને ધન સંપત્તિ મેળવી હોય, પણ તેને સેવામાં ખર્ચે નહીં તો તે દાન અનેક અનર્થો–દુર્ગુણો ઉત્પન્ન કરે જ છે. પ્રભુ પ્રાપ્તિમાં એ બાધકરૂપ થાય છે. માટે જો ન હોય તો તેને પણ સેવામાં જોડવું. બ્રહ્મસંબંધ વખતે બધું જ પ્રભુને સમર્પ્યું છે. એને જીવનમાં ઉતારવાનો ઉપાય આ સેવા માર્ગ જ છે.



પ.ભ. પ્રવિણભાઈ ગોપાળદાસ કમાણી (અમદાવાદ)ના જય શ્રીકૃષ્ણ

લૌકિકમાં શેઠ નોકરનો સંબંધ જ જુઓને, જે સારી નોકરી બજાવતો હશે તેનું સમય આવે કામ કરી આપતાં પણ શેઠ અચકાશે નહીં. અને, કામ–ચોર નોકરનું, કંઈ નહીં કરે. સીધું જ ખડખડિયું કહેવત છે, કે :–

**"જેણે કામ કર્યું તેણે કામણ કર્યું"** – પ્રભુને પ્રસન્ન કરવાની પણ આ જ રીત છે. સ્વામીનું સુખ વિચારી સેવા કરો. એ સ્વતઃ પ્રસન્ન થશે જ.

હવે ઉપસંહાર કરતાં કહે છે :–

તમે ગૃહસ્થઆશ્રમી છો તો સેવા શક્ય છે. ધનિક હો કે નિર્ધન, સુખ હોય કે દુઃખ, પરંતુ આ દેહ કામ આપે ત્યાં સુધી, જીવન પર્યંત. હે વૈષ્ણવો! તમે ભગવત્સ્વરૂપ પધરાવીને, સેવા કરો, સેવા કરો.

શ્રીમહાપ્રભુજી તો આજ્ઞા કરે છે કે ઉંમરલાયક કન્યા પરણીને પતિની સેવા ન કરે તો પતિ અપ્રસન્ન થશે તેમ દેહ અને મન સેવા લાયક થવા છતાં, વૈષ્ણવ સેવાથી વિમુખ રહે તો પ્રભુ અવશ્ય અપ્રસન્ન થાય છે.

છેવટે, શ્રી હરિરાયજીના એક વચનનું સ્મરણ કરી લઈએ.

શ્રી કૃષ્ણની સેવા કરવી. જીવન પર્યંત નિષ્ઠાકામ ભાવે સેવા જ કરવી. એ જ અંશરૂપ જીવનો સ્વધર્મ છે, એજ ફલરૂપ છે, એજ સુખરૂપ છે, બીજા કોઈ ફલની ઈચ્છા નહીં, બીજા કોઈ ભોગની લાલસા નહીં લૌકિક મોટાઈ – પ્રતિષ્ઠાની પણ કામના નહીં.

પ્રિય વૈષ્ણવો, આ છે આપણા સંપ્રદાયની સર્વોત્તમ સેવાનું રસરૂપ સ્વરૂપ. આપનાથી જે કંઈ બને તે જરૂર કરજો અને પ્રભુની સેવા ભાવથી કરજો.

❊❊❊❊❊



પ.ભ. પ્રો. અરવિંદભાઈ ડી. દરજી (અમદાવાદ)ના જય શ્રીકૃષ્ણ

## ❁ નવનીત પ્રિયાજી તેમજ કડી ઘરની સેવા પ્રણાલિ મુજબ ❁

## ❁ ચૈત્ર ❁

### ચૈત્ર સુદ એકમ

**સંવત્સર**

**સાજ** : લાલ છાપાના (સોનેરી)

**વસ્ત્ર** : સૂથન, ખુલેબંધનો ચાકદાર (લાલ છાપાના)

**ઠાડું વસ્ત્ર** : મેઘશ્યામ

**શ્રીમસ્તક પર** : સોનેરી છાપાની લાલ કુલ્હે, પાંચ ચંદ્રિકાની જોડ, કુંડળ અને ચોટી ધરે

**આભૂષણ** : વનમાળાનો (ચરણારવિંદ સુધીનો ભારે શૃંગાર, મિલમા હીરા, મોતી, માણેક, પન્ના તથા સોનાના)

**નોંધ** : ખુલેબંધના વાગા હોય ત્યારે કટિ પરના પટુકા વાગા પર ન આવતા સૂથન પર કટિપેચ આવે.

**વિશેષ** : આજે નિજમંદિરના દ્વાર ઉપર આસોપાલવનું તોરણ બંધાય. રાજભોગના દર્શનમાં ફૂલમંડળી અવશ્ય આવે રાજભોગમાં લીમડાની ફૂપળ તથા મિશ્રીની કટોરી અવશ્ય ભોગમાં ધરવી. આજે અંભ્યગ થાય. રાજભોગ આરતી પછી નવા વર્ષનું પંચાગ વંચાય.

**સામગ્રી** : મનોહરના લાડુ

❁❁❁❁❁





### ચૈત્ર સુદ બીજ

**સાજ** : કેસરી છાપાના

**વસ્ત્ર** : લાલ રંગની ધોતી, કેસરી રંગનો ખુલે બંધનો ચાકદાર

**ઠાડુ વસ્ત્ર** : મેઘશ્યામ

**શ્રી મસ્તક પર** : લાલ કુલ્હે, પાંચ ચંદ્રિકાની જોડ, કુંડળ અને ચોટી ધરે

**આભૂષણ** : ઘૂંટણ સુધીનો શૃંગાર હીરાના તથા મોતીના.

❁❁❁❁❁

### ચૈત્ર સુદ ત્રીજ

**ગણગોર**

**સાજ** : ચોફૂલી ચુંદડીના (લાલ ધરતી પર પીળા ફૂલ)

**વસ્ત્ર** : સૂથન, ખુલ્લેબંધનો ચાકદાર (ચોફુલી ચુંદડીના)

**ઠાડુ વસ્ત્ર** : લીલા (સુવાપંખી)

**શ્રીમસ્તક પર** : ચોફૂલી ચુંદડીની પાગ, નાગફણીનો કતરો.

**આભૂષણ** : હીરા, મોતી તથા સોનાના. જો મુગટ ધરવો હોય તો કાછની ધરવી – ઘૂંટણ સુધીના શૃંગાર.

**વિશેષ સામગ્રી** : મીઠા અને ફીકા ગણાની, મોહનથાળ.

❁❁❁❁❁

### ચૈત્ર સુદ ચોથ

**સાજ** : પંચરંગી લહેરિયાનો

**વસ્ત્ર** : સૂથન, ખુલ્લેબંધનો ચાકદાર (પંચરંગી લહેરિયાનો)

**ઠાડુ વસ્ત્ર** : સફેદ

**શ્રી મસ્તક પર** : લહેરિયાની પાગ, ચમકની ચંદ્રિકા

**આભૂષણ** : મોતી, પન્ના તથા સોનાના કટિ સુધીનો શૃંગાર

❁❁❁❁❁

## ચૈત્ર સુદ પાંચમ

**સાજ** : ગુલાબી છાપાના
**વસ્ત્ર** : ચોળી, સૂથન, કાછની ગુલાબી છાપાના
**ઠાડુ વસ્ત્ર** : લીલા
**શ્રી મસ્તક પર** : છજ્જેદાર પાગ તેના ઉપર મુગટ ધરે, કુંડળ અને ચોટી ધરે
**આભૂષણ** : પન્ના અને મોતીના ધરે ચરણારવિંદ સુધીનો શૃંગાર. આજે શ્રી વ્રજભૂમિના ગોવર્ધનનાથજી તથા શ્રી ગોપાલલાલજી (કડી) અમદાવાદમાં સાથે છપ્પનભોગ આરોગ્યા હતા.

❊❊❊❊❊

## ચૈત્ર સુદ છઠ્ઠ

**શ્રી ગુસાંઈજીના છઠ્ઠાલાલજી શ્રીયદુનાથજીનો ઉત્સવ (૧૬૧૫), શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રીના જયેષ્ઠલાલજી**

**શ્રી યદુનાથજીનો જન્મ દિવસ**

**સાજ** : કેસરી છાપાના (રૂપેરી)
**વસ્ત્ર** : સૂથન, ખુલ્લેબંધનો ચાકદાર (કેસરી છાપાના)
**ઠાડુ વસ્ત્ર** : મેઘશ્યામ
**શ્રીમસ્તક પર** : રૂપેરી છાપાની કેસરી કુલ્હે, ઘેરો તથા કુંડળ અને ચોટી ધરે
**આભૂષણ** : વનમાલાનો ભારે શૃંગાર મિલમા : હીરા મોતી માણેક પન્ના તથા સોનાના જડાવ.
**વિશેષ સામગ્રી** : જલેબી, બુંદી, ચંદ્રકળા તથા પાટિયાની સેવ.
**નોંધ** : પલના થાય. રાજભોગમાં તિલક થાય તથા ચૂનની આરતી થાય. પલનામાં થાળીની આરતી આવે. રાજભોગના દર્શન સમયે દેહરી મંડાય તથા તોરણ બંધાય.

❊❊❊❊❊





## ચૈત્ર સુદ સાતમ

**સાજ** : કેસરી છાપાનો
**વસ્ત્ર** : સૂથન, ખુલ્લેબંધનો ચાકદાર (કેસરી છાપાના)
**ઠાડુવસ્ત્ર** : લાલ
**શ્રીમસ્તક પર** : છજ્જેદાર પાગ, ચમકની ચંદ્રિકા
**આભૂષણ** : કટિ સુધીના શૃંગાર મોતી તથા ફિરોઝાના.

❊❊❊❊❊

## ચૈત્ર સુદ આઠમ

**સાજ** : લાલ છાપાનો
**વસ્ત્ર** : સૂથન, ખુલેબંધનો ઘેરદાર (લાલ છાપાના)
**ઠાડુવસ્ત્ર** : પીળા
**શ્રીમસ્તકપર** : છજ્જેદાર ગોળ પાગ, ચંદ્રિકા
**આભૂષણ** : કટિ સુધીના, પન્નાનાં

❊❊❊❊❊

## ચૈત્ર સુદ નોમ

**રામનવમી**

**શ્રી વ્રજભૂમિમાં બિરાજતા શ્રી ગોવર્ધનનાથજીનો પાટોત્સવ**

**સાજ** : કેસરી સુતરાઉ
**વસ્ત્ર** : સૂથન, ખુલેબંધનો ચાકદાર (કેસરી મલમલના)
**ઠાડુ વસ્ત્ર** : સફેદ
**શ્રીમસ્તક પર** : કુલ્હે કેસરી, પાંચ ચંદ્રિકાની જોડ, કુંડળ તથા ચોટી ધરે હમેલ, હાંસ તથા વાઘનખા ધરે
**આભૂષણ** : ચરણારવિંદ સુધીનો શૃંગાર મિલમા, હીરા, મોતી, માણેક તથા પન્નાના આજે ભારે શૃંગાર થાય.

**વિશેષ સામગ્રી** : મેષ સંક્રાન્તિ થઈ ગઈ હોય તો સથવો, છુટી બુંદી, મનમનોહર, સક્કરપારા, સેવના લાડુ

આજથી પીઠક પાછળ પંખા આવે.

આજથી માળાજીની જોડ ધરે આજે અભ્યંગ થાય. રાજભોગ સર્યા બાદ પંચામૃતની તૈયારી કરવી દર્શન ખુલ્યા બાદ શ્રી શાલીગ્રામજીને પંચામૃત થાય. સ્નાન કરાવી ગાદી પર પધરાવી તિલક અક્ષત બધા સ્વરૂપોને કરવા પીતાબંર ઓઢાડવા પછી દર્શન બંધ કરી ઉત્સવ ભોગ ધરવા. ધૂપ-દીપ શંખોદક કરવા સમય થયે ભોગ સરાવી બીડી આરોગાવી. ખંડપાટ ચોકી માડી દર્શન ખોલવા વેણુ વેત્ર ધરાવી ચાંદીના દીવલાવાળી થાળીની આરતી કરવી. આજથી વૈશાખ સુદ બીજ સુધી બે ખંડની આરતી થાય.

આજથી શ્રી અંગનો વાગો ધરવાનું બંધ થાય (પિછોડા, સૂથન પટુકા, મલ્લકાછ, પટુકા, ધોતી, ઉપરણા, આડબંધ, પરદની ધરવાનું શરૂ થાય) પરંતુ શ્રી મહાપ્રભુજીનો ઉત્સવ, રથયાત્રા, જન્માષ્ટમી, જન્માષ્ટમી પછીની દશમી, રાધાષ્ટમીના દિવસે શ્રીઅંગનો વાગો ધરે)

### મેષ સંક્રાંતિ હોય તે દિવસના સાજ અને વસ્ત્ર

**સાજ** : ગુલાબી સુતરાઉ
**વસ્ત્ર** : પીછોડા (ગુલાબી મલમલના)
**ઠાડુ વસ્ત્ર** : સફેદ
**શ્રીમસ્તક પર** : છજ્જેદાર પાગ, ચંદ્રિકા
**આભૂષણ** : કટિ સુધીના મોતી અને પન્નાના
**વિશેષ સામગ્રી** : સથવો

❊❊❊❊❊



## ચૈત્ર સુદ દસમ

**સાજ** : કેસરી સુતરાઉ
**વસ્ત્ર** : પિછોડા (કેસરી મલમલના)
**ઠાડુ વસ્ત્ર** : સફેદ
**શ્રીમસ્તક પર** : કુલ્હે કેસરી, પાંચ ચંદ્રિકાની જોડ, કુંડળ તથા ચોટી ધરે
**આભૂષણ** : ચરણારવિંદ સુધીનો શૃંગાર મિલમા, હીરો, મોતી, માણેક અને પન્ના

❊❊❊❊❊

## ચૈત્ર સુદ અગિયારસ

**સાજ** : લાલ સુતરાઉ
**વસ્ત્ર** : સૂથન, પટુકા (પીળી મલમલના)
**ઠાડુવસ્ત્ર** : મેઘશ્યામ
**શ્રીમસ્તક પર** : લાલ રંગની ગોળ પાગ, ચમકની ચંદ્રિકા
**આભૂષણ** : કટિ સુધીનો, મોતીના તથા પન્નાના

❊❊❊❊❊

## ચૈત્ર સુદ બારસ

**સાજ** : પીળા સુતરાઉ
**વસ્ત્ર** : મલ્લકાછ, પટુકા (પીળા મલમલના)
**ઠાડુ વસ્ત્ર** : શ્યામ
**શ્રી મસ્તક પર** : છજ્જેદાર પાગ ઉપર ટિપારો ધરે, કુંડલ તથા ચોટી ધરે.
**આભૂષણ** : ઘૂંટણ સુધીના મોતીના તથા માણેકના

❊❊❊❊❊

## ચૈત્ર સુદ તેરસ

સાજ : શ્યામ સુતરાઉ
વસ્ત્ર : પિછોડા (શ્યામ મલમલના)
ઠાડુ વસ્ત્ર : ગુલાબી
શ્રી મસ્તક પર : ગોળ પાગ, મોર શિખા
આભૂષણ : મોતીના, કટિ સુધીના

❊❊❊❊❊

## ચૈત્ર સુદ ચૌદસ

સાજ : હબાસી સુતરાઉ
વસ્ત્ર : ધોતી, ઉપરણા (હબાસી મલમલના)
ઠાડુ વસ્ત્ર : પીળા
શ્રી મસ્તક પર : છજ્જેદાર પાગ, ચંદ્રિકા
આભૂષણ : કટિ સુધીના, મોતીના અને માણેકના

❊❊❊❊❊

## ચૈત્ર સુદ પૂનમ

સાજ : ચોફુલી ચુંદડી, સફેદ ધરતી લાલ ફુલ
વસ્ત્ર : સૂથન, કાછની પટુકા (ચોફલી ચુંદડીના)
ઠાડુ વસ્ત્ર : સફેદ
શ્રી મસ્તક પર : છજ્જેદાર પાગ, મુગુટ હીરાનો, કુંડળ તથા ચોટી ધરે
આભૂષણ : ચરણારવિંદ સુધીના હીરા, મોતીના કુંડળ તથા ચોટી ધરે.

❊❊❊❊❊


પ.ભ. ટીપારા ગજ્જર (અમદાવાદ)ના જય શ્રીકૃષ્ણ

## ચૈત્ર વદ એકમ

સાજ : લાલ ચોફુલી ચુંદડીના
વસ્ત્ર : પિછોડા (લાલ ચુંદડીના)
ઠાડુ વસ્ત્ર : સુવા પંખી
શ્રી મસ્તક પર : ફેંટો, ચમકની ચંદ્રિકા ગોળ
આભૂષણ : મોતી અને પન્નાના, કટિ સુધીના

❊❊❊❊❊

## ચૈત્ર વદ બીજ

સાજ : કેસરી ધનકના લહેરિયાનો
વસ્ત્ર : ધોતી ઉપરણા (કેસરી લહેરિયાના)
ઠાડુ વસ્ત્ર : મેઘશ્યામ
શ્રીમસ્તક પર : છજ્જેદાર પાગ, સેહરો, કુંડલ તથા ચોટી ધરે
આભૂષણ : ઘૂંટણ સુધીના, મોતી, માણેક અને પન્નાના
આજથી શ્રી મહાપ્રભુજીની વધાઈ બેસે.

❊❊❊❊❊

## ચૈત્ર વદ ત્રીજ

સાજ : ગુલાબી સુતરાઉ
વસ્ત્ર : સૂંથન, પટુકા (ગુલાબી મલમલના)
ઠાડુ વસ્ત્ર : ઘેરો લાલ (કથ્થઈ)
શ્રી મસ્તક પર : છજ્જેદાર પાગ, ચંદ્રિકા
આભૂષણ : કટિ સુધીના મોતી પન્નાના

❊❊❊❊❊


ગો.વા. પ.ભ. ચંદુલાલ મોહનલાલ કલ્યાણીના જય શ્રીકૃષ્ણ

## ચૈત્ર વદ ચોથ

સાજ : પીળા સુતરાઉ
વસ્ત્ર : પિછોડા (પીળી મલમલના)
ઠાડુ વસ્ત્ર : લાલ
શ્રી મસ્તક પર : ગોળ પાગ, દોહરા કતરા
આભૂષણ : કટિ સુધીના, પન્ના અને મોતીના

❊❊❊❊❊

## ચૈત્ર વદ પાંચમ

સાજ : કેસરી સુતરાઉ
વસ્ત્ર : સૂથન, ચોળી ખુલે બંધનો ચાકદાર (કેસરી મલમલના)
ઠાડુ વસ્ત્ર : સફેદ
શ્રી મસ્તક પર : કુલ્હે કેસરી, પાંચ ચંદ્રિકાની જોડ, કુંડળ, હાંસ ત્રવલ અને ચોટી ધરે.
આભૂષણ : વનમાળાનો શૃંગાર, ચરણારવિંદ સુધીનો શૃંગાર મિલમા : હીરા, મોતી, માણેક પન્ના તથા સોનાનો જડાવ.

❊❊❊❊❊

## ચૈત્ર વદ છઠ્ઠ

સાજ : બદામી રંગના સુતરાઉ
વસ્ત્ર : પિછોડા (બદામી મલમલના)
ઠાડુ વસ્ત્ર : આછા લીલા રંગના
શ્રી મસ્તક પર : છજ્જેદાર પાગ, નાગફણીનો કતરો
આભૂષણ : કટિ સુધીના, મોતી તથા પન્નાના

❊❊❊❊❊



પ.ભ. લીનાબેન જયેશભાઈ પરીખના જય શ્રીકૃષ્ણ

## ચૈત્ર વદ સાતમ

**શ્રી વિઠ્ઠલનાથજીનો પાટોત્સવ**

સાજ : અમરસી સુતરાઉ
વસ્ત્ર : ધોતી, ઉપરણા (અમરસી મલમલના)
ઠાડુ વસ્ત્ર : લહેરિયાનું, લીલા અને સફેદ
શ્રી મસ્તક પર : દુમાલો, સહેરો, કુંડળ તથા ચોટી ધરે
આભૂષણ : ઘૂંટણ સુધીના, મોતી તથા પન્ના

❊❊❊❊❊

## ચૈત્ર વદ આઠમ

સાજ : ગુલાબી સુતરાઉ
વસ્ત્ર : પિછોડા (ગુલાબી મલમલના)
ઠાડુ વસ્ત્ર : મેઘ શ્યામ
શ્રી મસ્તક પર : ગોળ પાગ, ચંદ્રિકા
આભૂષણ : કટિ સુધીનો શૃંગાર મોતીના તેમજ પન્નાના.

❊❊❊❊❊

## ચૈત્ર વદ નોમ

**શ્રી દ્વારકેશલાલજી મહોદયશ્રીના વહુજી**
**અ.સૌ. શ્રી દિવ્યશ્રી વહુજીનો જન્મ દિવસ**

સાજ : લાલ સુતરાઉ (કસુંબલ)
વસ્ત્ર : ધોતી, ઉપરણા (કેસરી મલમલના)
ઠાડુ વસ્ત્ર : પીળા (લીંબુ પીળા)
શ્રી મસ્તક પર : છજ્જેદાર પાગ, સાદી ચંદ્રિકા
આભૂષણ : ઘૂંટણ સુધીના શૃંગાર મોતી, પન્ના તેમજ સોનાના જડાવ.

આજે શૃંગારમાં પલના થાય તથા અધકિની સામગ્રી આરોગે.

❊❊❊❊❊



પ.ભ. જગદીશભાઈ મધુભાઈ ગાંધીના જય શ્રીકૃષ્ણ

## ચૈત્ર વદ દસમ

સાજ : કસુંબલ (લાલ સુતરાઉ)
વસ્ત્ર : પિછોડા (કસુંબલ મલમલના)
ઠાડુ વસ્ત્ર : પીળા
શ્રી મસ્તક પર : છજ્જેદાર પાગ, ચંદ્રિકા
આભૂષણ : કટિ સુધીના મોતીના તેમજ પન્નાના

❊❊❊❊❊

## ચૈત્ર વદ અગિયારસ

**શ્રી મહાપ્રભુજીનો પ્રાકટ્યોત્સવ (સંવત ૧૫૩૫)**

સાજ : કેસરી મલમલનો ભારે, રૂપેરી કિનારનો
વસ્ત્ર : સૂથન, બંડી, ચાકદાર કેસરી મલમલના, પટુકા લાલ
ઠાડુ વસ્ત્ર : સફેદ, જામદાની
શ્રી મસ્તક પર : કુલ્હે પાંચ ચંદ્રિકાની જોડ, કુંડલ, હાંસ, ત્રવલ, ચોટી ધરે, કપોલ પર કમલપત્ર થાય.
આભૂષણ : ચરણારવિંદ સુધીના. બે જોડીના મિલમા : હીરા, મોતી, માણેક, પન્ના તથા સોનાના જડાવ.
નોંધ : આજે નિજમંદિરના દ્વાર પર આસોપાલવનું તોરણ બંધાય, પલના થાય, રાજભોગના દર્શનમાં તિલક થાય તેમજ ચુનની આરતી આવે, દહેલી મંડાય વિશેષ સામગ્રી આરોગે, આજે અભ્યંગ થાય.
સામગ્રી : જલેબી, છુટી બુંદી, પાટિયાની સેવ, મન મનોહર, સથવો, ચંદ્રકળા, સેવના લાડુ, ઘેવર તથા સખડીની મેડમાં મેવા ભાત, દહીં ભાત, પકોડી વાળી કઢી.

❊❊❊❊❊


પ.ભ. ચંદ્રિકાબેન હર્ષદકુમાર શાહના જય શ્રીકૃષ્ણ

## ચૈત્ર વદ બારસ

સાજ : કેસરી સુતરાઉ
વસ્ત્ર : પિછોડા (કેસરી મલમલના)
ઠાડુ વસ્ત્ર : સફેદ
શ્રી મસ્તક પર : કુલ્હે, પાંચ ચંદ્રિકાની જોડ, કુંડલ, હાંસ, ત્રવલ તથા ચોટી ધરે
આભૂષણ : ચરણારવિંદ સુધીનો શૃંગાર મિલમા હીરા, મોતી, માણેક તથા પન્ના તથા સોનાનો જડાવ.

❊❊❊❊❊

## ચૈત્ર વદ તેરસ

સાજ : કેસરી સુતરાઉ
વસ્ત્ર : ધોતી ઉપરણા (પીળા મલમલના)
ઠાડુ વસ્ત્ર : લલા (સુવાપંખી)
શ્રી મસ્તક પર : છજ્જેદાર પાગ, સાદી ચંદ્રિકા
આભૂષણ : કટિ સુધીના, મોતી તથા પન્નાના

❊❊❊❊❊

## ચૈત્ર વદ ચૌદસ

સાજ : ગુલાબી સુતરાઉ
વસ્ત્ર : મલ્લકાછ અને પટુકા (ગુલાબી મલમલના)
ઠાડુ વસ્ત્ર : આછા જાંબલી રંગનું
શ્રી મસ્તક પર : વસ્ત્રનો ટિપારો, કતરા વસ્ત્રના, કુંડળ
આભૂષણ : ઘૂંટણ સુધીના મોતી, માણેક તથા પન્નાના

❊❊❊❊❊


ગો.વા. પ.ભ. પુષ્પાબેન ચંદ્રકાન્ત શાહના જય શ્રીકૃષ્ણ

## ચૈત્ર વદ અમાસ

**સાજ** : શ્યામ સુતરાઉ સોનેરી કિનારવાળો
**વસ્ત્ર** : પિછોડા (શ્યામ મલમલના)
**ઠાડુ વસ્ત્ર** : ગુલાબી
**શ્રી મસ્તક પર** : છજ્જેદાર પાગ, મોરશિખા
**આભૂષણ** : કટિ સુધીના, સોનાના.

❊ ❊ ❊ ❊ ❊

# ❁ વૈશાખ ❁

## વૈશાખ સુદ એકમ

**સાજ** : કસુંબલ સુતરાઉ
**વસ્ત્ર** : સૂથન, કાછની, પટુકા (કસુંબી મલમલના)
**ઠાડુ વસ્ત્ર** : સફેદ
**શ્રી મસ્તક પર** : છજ્જેદાર પાગ, મોતીનો મુગુટ, કુંડળ તથા ચોટી ધરે
**આભૂષણ** : ચરણારવિંદ સુધીનો મોતીના

❊ ❊ ❊ ❊ ❊

## વૈશાખ સુદ બીજ

**સાજ** : કસુંબલ સુતરાઉ
**વસ્ત્ર** : ધોતી, ઉપરણા (કસુંબલ મલમલના)
**ઠાડુ વસ્ત્ર** : લીંબુ પીળા
**શ્રી મસ્તક પર** : છજ્જેદાર પાગ, ચંદ્રિકા
**આભૂષણ** : ઘૂંટણ સુધીનો, મોતી અને પન્નાના

❊ ❊ ❊ ❊ ❊



પ.ભ. જીવાણી ધીરજભાઈ પ્રેમજીભાઈના જય શ્રીકૃષ્ણ

## વૈશાખ સુદ ત્રીજ

**અખાત્રીજ**

**સાજ** : સફેદ મલમલનો. ચંદનની છાપવાળો
**વસ્ત્ર** : પીછોડા (સફેદ મલમલનાં ચંદનની કોરવાળા)
**ઠાડુ વસ્ત્ર** : આછા પીળા રંગનું
**શ્રી મસ્તક પર** : સફેદ કુલ્હે (રૂપેરી) ત્રણ ચંદ્રિકાની જોડ. કુંડળ મોતીના
**આભૂષણ** : ઘૂંટણ સુધીના મોતીના

આજથી, શિરપેચ, હસ્તના કડા, ચરણારવિંદના નેપુર, કુંડલ વગેરે મોતીના આવે. રાજભોગ સર્યા બાદ ચંદનનું અધિવાસન થાય. આજથી ગુલાબદાની, ચંદનનો બંટો તથા માટીના કુંજા તથા કરવડી (ઝારી) આવે. આજથી ફુવારા છુટે ખસના પરદા લાગે, શીતકાલીન સામગ્રી આરોગે. આજથી એક ખંડની આરતી (ચાર બાતીની આરતી થાય) અષાઢ સુદ પૂનમ સુધી થાય.

**ચંદન ધરાવવાનો ક્રમ :** પહેલી ગોળી શ્રી.... ના વક્ષસ્થળ પર ધરાય. બીજી ગોળી જમણાશ્રી હસ્ત ઉપર, ત્રીજી ગોળી ડાબા શ્રી હસ્ત ઉપર, ચોથી ગોળી જમણા ચરણારવિંદ ઉપર, પાંચમી ગોળી ડાબા ચરણારવિંદ ઉપર. ત્યારબાદ બે નવા પંખા લઈ પ્રભુને પંખો કરી ગાદી પાછળ તકિયાની બે બાજુ ધરાય. સન્મુખમાં જળની પરાંત ધરવી. તેમાં જળભરી નાવ તથા જળના ખિલોના તથા ફૂલ તરાવવા. ચંદન ધરાવ્યા બાદ ટેરો લઈ શીતલ ભોગ તથા ઉત્સવ ભોગ ધરવો. (રાજભોગના દર્શનમાં કુંજો આવે જ્યારે કરવડી શય્યા મંદિરમાં પધારે.) સમય થયે ભોગ સરાવી ખંડ પાટ ચોકી માંડી દર્શન ખોલી થાળીની ચાંદીના દિવલાવાળી આરતી કરવી.



પ.ભ. કરણ કે. ગજ્જરના જય શ્રીકૃષ્ણ

નોંધ : જ્યારે ભોગ આવે ત્યારે માટીના કુંજા આવે નહીં, ભોગ સરે પછી આવે. આજથી રથયાત્રાના આગળા દિવસ સુધી સફેદ ગુંજામાળા આવે તેમજ રથયાત્રાના આગલા દિવસ સુધી મંગળામાં તેમજ શયનમાં આડબંધ ધરે.

વિશેષ સામગ્રી : સથવો, શિખરન, આબાંની બરફી વગેરે શીતકાલીન સામગ્રી, દહીંભાત, શિખરન ભાત આવે, ઉત્થાપન ભોગમાં ભીંજવેલી દાળ, પનો, ઠંડાઈ, બિલસારુ રથયાત્રા સુધી આવે.

❊❊❊❊❊

## વૈશાખ સુદ ચોથ

સાજ : સફેદ મલમલના ચંદનની છાપવાળો

વસ્ત્ર : ધોતી, ઉપરણા (સફેદ મલમલના)

ઠાડુ વસ્ત્ર : સફેદ

શ્રી મસ્તક પર : છજ્જેદાર પાગ, ગોળ ચંદ્રિકા મોતીની

આભૂષણ : કટિ સુધીના, મોતીના

❊❊❊❊❊

## વૈશાખ સુદ પાંચમ

સાજ : ગુલાબી સુતરાઉ

વસ્ત્ર : મલ્લકાછ અને પટુકા (ગુલાબી મલમલના)

ઠાડુ વસ્ત્ર : આછા પીળા રંગના

શ્રી મસ્તક પર : વસ્ત્રના ટિપારાની ટોપી તેની ઉપર મોરશિખા તેમજ દોહરા કતરા ધરે, કુંડલ ધરે.

આભૂષણ : કટિ સુધીના મોતીના

❊❊❊❊❊





## વૈશાખ સુદ છઠ્ઠ

સાજ : બદામી સુતરાઉ

વસ્ત્ર : સૂથન પટુકા ધોરાના (બદામી મલમલના)

ઠાડુ વસ્ત્ર : ગુલાબી

શ્રી મસ્તક પર : ફેંટો તેમજ મોરશિખા, તેમજ ડાબી બાજુનો કતરો

આભૂષણ : ઘૂંટણ સુધીના મોતીના, ઝુમખીવાળા કર્ણ ફૂલ ધરે.

❊❊❊❊❊

## વૈશાખ સુદ સાતમ

સાજ : પીળા સુતરાઉ

વસ્ત્ર : પિછોડા (પીળા મલમલના)

ઠાડુ વસ્ત્ર : આજથી ઠાડુ વસ્ત્ર ધરવું નહીં.

શ્રી મસ્તક પર : છજ્જેદાર પાગ, નાગફણીનો કતરો

આભૂષણ : આછા શૃંગાર, મોતીના

❊❊❊❊❊

## વૈશાખ સુદ આઠમ

સાજ : ચંદની રંગનો સુતરાઉ

વસ્ત્ર : ધોતી, ઉપરણા (ચંદની મલમલના)

શ્રી મસ્તક પર : ગોટી પગો, ચંદ્રિકા વસ્ત્રની

આભૂષણ : આછા શૃંગાર મોતીના

❊❊❊❊❊

## વૈશાખ સુદ નોમ

સાજ : ગુલાબી સુતરાઉ

વસ્ત્ર : પિછોડા (ગુલાબી મલમલના)

શ્રી મસ્તક પર : ગોળ પાગ, ચંદ્રિકા

આભૂષણ : આછા મોતીના, કટિ સુધીના

❊❊❊❊❊

## વૈશાખ સુદ દસમ

**શ્રી દ્વારકેશ લાલજીના બેટીજી શ્રી મીમાંસા રાજાનો જન્મ દિવસ**

**સાજ** : ચંપઈ સુતરાઉનો
**વસ્ત્ર** : ધોતી ઉપરણા (ચંપઈ મલમલના)
**શ્રી મસ્તક પર** : ગોળ પાગ, મોર શિખા, કર્ણ ફૂલ ચાર ધરવા
**આભૂષણ** : કટિ સુધીના મોતી તેમજ હીરાના
**નોંધ** : આજે પલના થાય. અને વિશેષ સામગ્રી આરોગે.

❊❊❊❊❊

## વૈશાખ સુદ અગિયારસ

**સાજ** : કેસરી સુતરાઉ
**વસ્ત્ર** : પિછોડા (કેસરી મલમલના)
**શ્રી મસ્તક પર** : દુમાલો મોતીનો સહેરો કુંડળ તથા ચોટી ધરે
**આભૂષણ** : ઘૂંટણ સુધીના, મોતીના

❊❊❊❊❊

## વૈશાખ સુદ બારસ

**સાજ** : આછા ગુલાબી સુતરાઉ
**વસ્ત્ર** : ધોતી, ઉપરણા (ગુલાબી મલમલના)
**શ્રી મસ્તક પર** : છજ્જેદાર પાગ, કતરા
**આભૂષણ** : ઘૂંટણ સુધી, મોતીના

❊❊❊❊❊

## વૈશાખ સુદ તેરસ

**સાજ** : ઘેરા ગુલાબી સુતરાઉ
**વસ્ત્ર** : પિછોડા (ઘેરા ગુલાબી મલમલના)
**શ્રી મસ્તક પર** : છજ્જેદાર પાગ, સફેદ ચંદ્રિકા
**આભૂષણ** : કટિ સુધીના, મોતીના

❊❊❊❊❊



પ.ભ. ભાનુબેન ત્રંબકભાઈ દવે (આંબાવાડી)ના જય શ્રીકૃષ્ણ

## વૈશાખ સુદ ચૌદસ

**નૃસિંહ જયંતિ**

**સાજ** : આછા કેસરી સુતરાઉ (ચોવાની છાપવાળા)
**વસ્ત્ર** : પિછોડા, (ચોવાની છાપવાળો કેસરી મલમલના)
**શ્રી મસ્તક પર** : કુલ્હે, (રૂપેરી) ત્રણની જોડ, કુંડળ હાંસ ત્રવલ તથા વાઘનખા અવશ્ય ધરે.
**આભૂષણ** : ચરણારવિંદ સુધીનો હીરાના અને મોતી. આજે અભ્યંગ અવશ્ય થાય.

સાંજના સંધ્યા આરતી કરીને શૃંગાર વડા ન કરવા શયન ભોગ ધરી દેવા. પંચામૃતની તૈયારી રાખવી. સમય થયે ભોગ સરે બીડી આરોગાવવી. આજે શાલિગ્રામજીને પંચામૃત થાય. સંકલ્પ કરી પંચામૃત કરાવવા. ચંદનથી સ્નાન કરાવી, અંગ વસ્ત્ર કરાવી ગાદી પર પધરાવવા અને તિલક કરવા અને પીતાંબર ધરાવવા. આજે જે સ્વરૂપને પંચામૃત થયું હોય તેજ સ્વરૂપને તિલક થાય, બીજા સ્વરૂપને તિલક થાય નહીં. પછી ટેરો લઈ શીતલ ભોગ તથા ઉત્સવ ભોગ ધરવો. સમય થયે ભોગ સરાવી શૃંગાર વડા કરવા શ્રી મસ્તક પર કુલ્હે રાખવી. કર્ણ ફૂલ તથા શ્રી કંઠમા વાઘનખ રહેવા દેવા. દર્શન ખોલી ચાંદીના દિવાલાની આરતી કરવી.

**વિશેષ સામગ્રી** : સથવો, સક્કરપારા, સેવના લાડુ, પપચી, વિગેરે.

❊❊❊❊❊

## વૈશાખ સુદ પૂનમ

**સાજ** : સફેદ સુતરાઉ કેસરની કોરવાળો
**વસ્ત્ર** : પરદની (સફેદ મલમલની)
**શ્રીમસ્તક પર** : ફેંટો, મોર પિંચ્છનો કતરો
**આભૂષણ** : કટિ સુધીના, મોતીના

❊❊❊❊❊



પ.ભ. રીતાબેન જરીવાલ (આંબાવાડી)ના જય શ્રીકૃષ્ણ

## વૈશાખ વદ એકમ

સાજ : સફેદ સુતરાઉ
વસ્ત્ર : આડબંધ (સફેદ મલમલના)
શ્રી મસ્તક પર : છજ્જેદાર પગ, કતરો જમણી બાજુનો
આભૂષણ : કટિ સુધીના, મોતીનાં

❊ ❊ ❊ ❊ ❊

## વૈશાખ વદ બીજ

સાજ : અરગજાઈ સુતરાઉ
વસ્ત્ર : પિછોડા (અરગજાઈ મલમલના)
શ્રી મસ્તક પર : ફેંટો, ચંદ્રિકા મોર પિચ્છની
આભૂષણ : ઘૂંટણ સુધીના, મોતીના

❊ ❊ ❊ ❊ ❊

## વૈશાખ વદ ત્રીજ

સાજ : સફેદ સુતરાઉ
વસ્ત્ર : પરદની (સફેદ મલમલના)
શ્રી મસ્તક પર : છજ્જેદાર પાગ, ચંદ્રિકા
આભૂષણ : કટિ સુધીના, મોતીના

❊ ❊ ❊ ❊ ❊

## વૈશાખ વદ ચોથ

સાજ : ગુલાબી સુતરાઉ
વસ્ત્ર : પિછોડા (ગુલાબી મલમલના)
શ્રી મસ્તક પર : છજ્જેદાર પાગ, કતરા જમણી બાજુના
આભૂષણ : ઘૂંટણ સુધીના, મોતીના

❊ ❊ ❊ ❊ ❊



પ.ભ. મંદાકીનીબેન કાર્તીકભાઈ મહેતાના જય શ્રીકૃષ્ણ

## વૈશાખ વદ પાંચમ

**શ્રી ગોપાલલાલજીનો પાટોત્સવ (કડી) પ્રથમ**
**આજે શ્રી ગોપાલલાલજી જોધપુરથી કડી પધાર્યા**

સાજ : કેસરી સુતરાઉ
વસ્ત્ર : ધોતી ઉપરણા (કેસરી મલમલના)
શ્રી મસ્તક પર : કુલ્હે પાંચ ચંદ્રિકાની જોડ, કુંડળ હાસ ત્રવલ તથા ચોટી ધરે.
આભૂષણ : ચરણારવિંદ સુધીનો શૃંગાર, મોતી તેમજ છીપના. શૃંગારમાં પલના થાય તથા રાજભોગમાં થાળીની આરતી આવે.

આજે વિશેષ સામગ્રી આરોગે.

❊ ❊ ❊ ❊ ❊

## વૈશાખ વદ છઠ્ઠ

સાજ : સફેદ જાળીવાળા
વસ્ત્ર : પિછોડા (સફેદ મલમલના)
શ્રી મસ્તક પર : ફેંટો, મોરશીખા
આભૂષણ : ઘૂંટણ સુધીના, મોતીના

❊ ❊ ❊ ❊ ❊

## વૈશાખ વદ સાતમ

સાજ : ચંપાઈ સુતરાઉ
વસ્ત્ર : પિછોડા (ચંપાઈ મલમલના)
શ્રી મસ્તક પર : છજ્જેદાર પાગ, કતરા મોતીના
આભૂષણ : કટિ સુધીના, મોતીના

❊ ❊ ❊ ❊ ❊



પ.ભ. એન. એમ. શાહ પરિવારના જય શ્રીકૃષ્ણ

## વૈશાખ વદ આઠમ

સાજ : સફેદ સુતરાઉ
વસ્ત્ર : આડબંધ (સફેદ મલમલનો)
શ્રી મસ્તક પર : છજ્જેદાર પાગ, કતરા સફેદ
આભૂષણ : કટિ સુધીના, મોતીના

❊❊❊❊❊

## વૈશાખ વદ નોમ

સાજ : સફેદ સુતરાઉ
વસ્ત્ર : પરદની મોતીની
શ્રી મસ્તક પર : છજ્જેદાર પાગ, મોતીની ચંદ્રિકા
આભૂષણ : કટિ સુધીના, મોતીના

❊❊❊❊❊

## વૈશાખ વદ દસમ

સાજ : અરગજાઈ સુતરાઉ
વસ્ત્ર : આડબંધ (અરગજાઈ મલમલના)
શ્રી મસ્તક પર : છજ્જેદાર પાગ, મોર પંખના કતરા દોહરા
આભૂષણ : કટિ સુધીના, મોતીના

❊❊❊❊❊

## વૈશાખ વદ અગિયારસ

સાજ : કેસરી સુતરાઉ
વસ્ત્ર : ધોતી, ઉપરણા (કેસરી મલમલના જાળીવાળા)
શ્રી મસ્તક પર : દુમાલો, સહેરો કુંડળ ધરે
આભૂષણ : ઘૂંટણ સુધીના, મોતીના

❊❊❊❊❊





## વૈશાખ વદ બારસ

સાજ : અરગજાઈ સુતરાઉ
વસ્ત્ર : આડબંધ (અરગજાઈ મલમલના)
શ્રી મસ્તક પર : છજ્જેદાર પાગ, સફેદ ચંદ્રિકા
આભૂષણ : કટિ સુધીનો મોતીના

❊❊❊❊❊

## વૈશાખ વદ તેરસ

સાજ : સફેદ સુતરાઉ
વસ્ત્ર : પરદની (સફેદ મલમલના)
શ્રી મસ્તક પર : ફેંટો, કતરા
આભૂષણ : કટિ સુધીના, મોતીના

❊❊❊❊❊

## વૈશાખ વદ ચૌદસ

સાજ : કેસરી સુતરાઉ
વસ્ત્ર : પિછોડા (કેસરી મલમલના)
શ્રી મસ્તક પર : છજ્જેદર પાગ, ચંદ્રિકા
આભૂષણ : ઘૂંટણ સુધીના, મોતીના

❊❊❊❊❊

## વૈશાખ વદ અમાસ

સાજ : ગુલાબી સુતરાઉ
વસ્ત્ર : સૂથન પટુકા (ગુલાબી મલમલના)
શ્રી મસ્તક પર : છજ્જેદાર પાગ, કતરા
આભૂષણ : કટિ સુધીના, મોતીના

❊❊❊❊❊

## ❁ જેઠ ❁

### જેઠ સુદ એકમ

| | | |
|---|---|---|
| સાજ | : | અરગજાઈ સુતરાઉ |
| વસ્ત્ર | : | પરદની (અરગજાઈ મલમલના) |
| શ્રી મસ્તક પર | : | ફેંટો, મોરશિખા |
| આભૂષણ | : | કટિ સુધીના, મોતીના |

❁❁❁❁❁

### જેઠ સુદ બીજ

| | | |
|---|---|---|
| સાજ | : | ચંપાઈ, સુતરાઉ |
| વસ્ત્ર | : | ધોતી, ઉપરણા (ચંપાઈ મલમલના) |
| શ્રી મસ્તક પર | : | છજ્જેદાર પાગ, સફેદ ચંદ્રિકા |
| આભૂષણ | : | ઘૂંટણ સુધીના, મોતીના |

❁❁❁❁❁

### જેઠ સુદ ત્રીજ

| | | |
|---|---|---|
| સાજ | : | ગુલાબી સુતરાઉ |
| વસ્ત્ર | : | પિછોડા (ગુલાબી મલમલના) |
| શ્રી મસ્તક પર | : | છજ્જેદાર પાગ, સફેદ ચંદ્રિકા |
| આભૂષણ | : | કટિ સુધીના, મોતીના |

❁❁❁❁❁

### જેઠ સુદ ચોથ

| | | |
|---|---|---|
| સાજ | : | સફેદ દોરિયાના |
| વસ્ત્ર | : | પિછોડા (સફેદ દોરિયાના) |
| શ્રી મસ્તક પર | : | છજ્જેદાર પાગ, કતરા |
| આભૂષણ | : | કટિ સુધીના, મોતીના |

❁❁❁❁❁



પ.ભ. ક્રિષ્નાબેન કિશનભાઈ પોરવાલાના જય શ્રીકૃષ્ણ

### જેઠ સુદ પાંચમ

| | | |
|---|---|---|
| સાજ | : | ગુલાબી સુતરાઉ |
| વસ્ત્ર | : | પરદની (ગુલાબી મલમલના) |
| શ્રી મસ્તક પર | : | ફેંટો, ગોળ મોતીની ચંદ્રિકા |
| આભૂષણ | : | કટિ સુધીના, મોતીના |

❁❁❁❁❁

### જેઠ સુદ છઠ્ઠ

| | | |
|---|---|---|
| સાજ | : | સફેદ સુતરાઉ કેસરી કોરના |
| વસ્ત્ર | : | ધોતી, ઉપરણા (સફેદ મલમલના) |
| શ્રી મસ્તક પર | : | પાગ, મોર પિચ્છની ચંદ્રિકા |
| આભૂષણ | : | કટિ સુધીના, મોતીના |

❁❁❁❁❁

### જેઠ સુદ સાતમ

| | | |
|---|---|---|
| સાજ | : | અરગજાઈ સુતરાઉ |
| વસ્ત્ર | : | આડબંધ (અરગજાઈ મલમલના) |
| શ્રી મસ્તક પર | : | છજ્જેદાર પાગ, મોરશિખા |
| આભૂષણ | : | કટિ સુધીના, મોતીના |

❁❁❁❁❁

### જેઠ સુદ આઠમ

| | | |
|---|---|---|
| સાજ | : | અરગજાઈ સુતરાઉ |
| વસ્ત્ર | : | પરદની (અરગજાઈ મલમલના) |
| શ્રી મસ્તક પર | : | ગોળ પાગ, કતરો |
| આભૂષણ | : | કટિ સુધીના, મોતીના |

❁❁❁❁❁



પ.ભ. એક વૈષ્ણવના જય શ્રીકૃષ્ણ

## જેઠ સુદ નોમ

**સાજ** : ચંપાઈ સુતરાઉ
**વસ્ત્ર** : પિછોડા (ચંપાઈ મલમલના)
**શ્રી મસ્તક પર** : છજ્જેદાર પાગ, કતરા
**આભૂષણ** : ઘૂંટણ સુધીના મોતી

❊❊❊❊❊

## જેઠ સુદ દસમ

ગંગા દશમી

**સાજ** : અરગજાઈ સુતરાઉ
**વસ્ત્ર** : પિછોડા (અરગજાઈ મલમલના)
**શ્રી મસ્તક પર** : છજ્જેદાર પાગ, લૂમ અને લૂમની કલગી ચાર કર્ણ ફૂલ
**આભૂષણ** : ઘૂંટણ સુધીના મોતીના
**નોંધ** : આજે શ્રી ઠાકોરજીને નાવમાં પધરાવવા.

આજે રાજભોગ આવે ત્યારે શ્રી ઠાકોરજીની સાથે ભાવનાજી પધારે, ભાવનાજીને માળા ધરાવી અત્તર સમર્પી ગુલાબ, અબીરથી ખેલાવવા અલગ થાળ સાજવો અલગ ઝારી ભરવી પછી દૂપ દીપ શંખોદક કરવા સમય થયે ભોગ સરે ત્યારે ભાવનાજી શય્યાજી મંદિરમાં પધારે. જે સંધ્યા આરતી પછી વડા થાય.

વિશેષ સામગ્રી : ઠોર, શીરો, કેરીનો મોહનથાળ, આમરસ, આમની બરફી તથા દૂધગરની છાબ.

❊❊❊❊❊

## જેઠ સુદ અગિયારસ

**સાજ** : પિસ્તાઈ સુતરાઉ
**વસ્ત્ર** : પિછોડા (પિસ્તાઈ મલમલના)
**શ્રી મસ્તક પર** : વસ્ત્રના ટિપારાની ટોપી, વસ્ત્રના કતરા
**આભૂષણ** : ઘૂંટણ સુધીના, મોતીના

❊❊❊❊❊



પ.ભ. સુનીતાબેન કે. અગ્રવાલના જય શ્રીકૃષ્ણ

## જેઠ સુદ બારસ

**સાજ** : કેસરી સુતરાઉ
**વસ્ત્ર** : પિછોડા (કેસરી મલમલના)
**શ્રી મસ્તક પર** : છજ્જેદાર પાગ, કતરા દોહરા
**આભૂષણ** : કટિ સુધીના મોતીના

❊❊❊❊❊

## જેઠ સુદ તેરસ

**સાજ** : આસમાની સુતરાઉ
**વસ્ત્ર** : પિછોડા (આસમાની મલમલના)
**શ્રી મસ્તક પર** : છજ્જેદાર પાગ, ચંદ્રિકા
**આભૂષણ** : કટિ સુધીના, મોતીના

❊❊❊❊❊

## જેઠ સુદ ચૌદસ

**સાજ** : ગુલાબી સુતરાઉ
**વસ્ત્ર** : આડબંધ (ગુલાબી મલમલના)
**શ્રી મસ્તક પર** : છજ્જેદાર પાગ, કતરા દોહરા
**આભૂષણ** : કટિ સુધીના મોતીના

આજે શયન પછી સ્નાન માટેનું જલ ભરાય તેનું અધિવાસન થાય.

❊❊❊❊❊



ગો.વા. પ.ભ. જયાબેન પ્રાણજીવનદાસ પોપટ (પાટણ)ના જય શ્રીકૃષ્ણ

## જેઠ સુદ પૂનમ (સ્નાન યાત્રા)

**સાજ** : સફેદ કેસરની કોરવાળા

**વસ્ત્ર** : પિછોડા (સફેદ મલમલના કેસરની કોરવાળા)

**શ્રી મસ્તક પર** : કુલ્હે સફેદ રૂપેરી કિનારની ત્રણ ચંદ્રિકાની જોડ કુંડળ ધરે

**આભૂષણ** : ચરણારવિંદ સુધીનો, હીરા અને મોતીના

**નોંધ** : આજે વહેલી સવારે શ્રી ઠાકોરજીને જયેષ્ઠાભિષેક સ્નાન થાય અને રાજભોગમાં આખા આંબા બની શકે તેટલા દુગની સંખ્યામાં ધરવા.

**વિશેષ સામગ્રી** : બુંદીના લાડુ, આંબાની બરફી, આંબાનો મોહનથાળ, આંબાની બુંદી.

❊❊❊❊❊

## જેઠ વદ એકમ

**સાજ** : ગુલાબી સુતરાઉ

**વસ્ત્ર** : પરદની (ગુલાબી મલમલની)

**શ્રી મસ્તક પર** : છજ્જેદાર પાગ, નાગફણીનો કતરો (મોતીનો)

**આભૂષણ** : કટિ સુધીનો, મોતીના

❊❊❊❊❊

## જેઠ વદ બીજ

**સાજ** : પતંગી સુતરાઉ

**વસ્ત્ર** : પિછોડા (પતંગી મલમલના)

**શ્રી મસ્તક પર** : ટિપારાની ટોપી વચ્ચે ચંદ્રિકા આજુબાજુ કતરા, કુંડળ ધરે.

**આભૂષણ** : ચરણારવિંદ સુધીના મોતીના

❊❊❊❊❊





## જેઠ વદ ત્રીજ

**સાજ** : સફેદ સુતરાઉ, ચંદની બુટ્ટીવાળા

**વસ્ત્ર** : પિછોડા (સફેદ જામદાની)

**શ્રી મસ્તક પર** : ગ્વાલપગા, મોરશિખા

**આભૂષણ** : કટિ સુધીના, મોતીના

❊❊❊❊❊

## જેઠ વદ ચોથ

**સાજ** : ગુલાબી સુતરાઉ

**વસ્ત્ર** : ધોતી, ઉપરણા (ગુલાબી મલમલના)

**શ્રી મસ્તક પર** : છજ્જેદાર પાગ, કતરા દોહરા

**આભૂષણ** : ઘૂંટણ સુધીના મોતીના

❊❊❊❊❊

## જેઠ વદ પાંચમ

**સાજ** : સફેદ સુતરાઉ

**વસ્ત્ર** : પિછોડા (સફેદ મલમલના)

**શ્રી મસ્તક પર** : ફેંટો, મોરશિખા, ડાબી બાજુનો કતરો

**આભૂષણ** : ઘૂંટણ સુધીના, મોતીના

❊❊❊❊❊

## જેઠ વદ છઠ્ઠ

**સાજ** : આછા પીળા સુતરાઉ

**વસ્ત્ર** : આડબંધ (આછા પીળા મલમલના)

**શ્રી મસ્તક પર** : છજ્જેદાર પાગ, મોતીની ગોળ ચંદ્રિકા

**આભૂષણ** : કટિ સુધીના, મોતીના

❊❊❊❊❊

## જેઠ વદ સાતમ

**સાજ** : આસમાની સુતરાઉ
**વસ્ત્ર** : પિછોડા (આસમાની મલમલના)
**શ્રી મસ્તક પર** : ફેંટો, મોરશિખા કતરા
**આભૂષણ** : ઘૂંટણ સુધીના, મોતીના

❊ ❊ ❊ ❊ ❊

## જેઠ વદ આઠમ

**સાજ** : કેસરી સુતરાઉ
**વસ્ત્ર** : પરદની (કેસરી મલમલની)
**શ્રી મસ્તક પર** : છજ્જેદાર પાગ, લૂમની કલગી
**આભૂષણ** : ઘૂંટણ સુધીના મોતીના.

❊ ❊ ❊ ❊ ❊

## જેઠ વદ નોમ

**સાજ** : બદામી સુતરાઉ
**વસ્ત્ર** : પિછોડા (બદામી મલમલના)
**શ્રી મસ્તક પર** : છજ્જેદાર પાગ, મોરશિખા
**આભૂષણ** : કટિ સુધીના મોતીના

❊ ❊ ❊ ❊ ❊

## જેઠ વદ દશમ

**સાજ** : પીળા સુતરાઉ
**વસ્ત્ર** : આડબંધ (પીળા મલમલના)
**શ્રી મસ્તક પર** : ફેંટો, ચંદ્રિકા
**આભૂષણ** : કટિ સુધીના મોતી

❊ ❊ ❊ ❊ ❊





## જેઠ વદ અગિયારસ

**સાજ** : સફેદ સુતરાઉ કેસરી કોરના
**વસ્ત્ર** : પિછોડા (સફેદ મલમલના કેસરી કોરના)
**શ્રી મસ્તક પર** : ટિપારાની ટોપી, મોતીની ચંદ્રિકા અને મોતીના કતરા, કુંડળ ધરે
**આભૂષણ** : ઘૂંટણ સુધીના મોતીના

❊ ❊ ❊ ❊ ❊

## જેઠ વદ બારસ

**સાજ** : સફેદ સુતરાઉ
**વસ્ત્ર** : પરદની (સફેદ મલમલની)
**શ્રી મસ્તક પર** : છજ્જેદાર પાગ, ચંદ્રિકા
**આભૂષણ** : કટિ સુધીના મોતીના

❊ ❊ ❊ ❊ ❊

## જેઠ વદ તેરસ

**સાજ** : ચંદની રંગના સુતરાઉ
**વસ્ત્ર** : પિછોડા (ચંદની મલમલના)
**શ્રી મસ્તક પર** : છજ્જેદાર પાગ, વસ્ત્રોના કતરા
**આભૂષણ** : કટિ સુધીના મોતીના

❊ ❊ ❊ ❊ ❊

## જેઠ વદ ચૌદસ

**સાજ** : પિસ્તાઈ સુતરાઉ
**વસ્ત્ર** : ધોતી ઉપરણા (પિસ્તાઈ મલમલના)
**શ્રી મસ્તક પર** : છજ્જેદાર પાગ, સફેદ ચંદ્રિકા
**આભૂષણ** : ઘૂંટણ સુધીના મોતીના
**નોંધ** : આજે ભોગના દર્શનમાં વનમાળા ધરે.

❊ ❊ ❊ ❊ ❊

## જેઠ વદ અમાસ

**સાજ** : ગુલાબી સુતરાઉ
**વસ્ત્ર** : આડબંધ (ગુલાબી મલમલના)
**શ્રી મસ્તક પર** : છજ્જેદાર પાગ, લૂમની કલગી (રેશમની)
**આભૂષણ** : ઘૂંટણ સુધીના મોતીના

❊❊❊❊❊

# ❊ અષાઢ ❊

## અષાઢ સુદ એકમ

**સાજ** : ગુલાબી સુતરાઉ
**વસ્ત્ર** : સૂથન પટુકા (ગુલાબી મલમલના)
**શ્રી મસ્તક પર** : છજ્જેદાર પાગ, સફેદ ચંદ્રિકા
**આભૂષણ** : ઘૂંટણ સુધીના મોતીના

❊❊❊❊❊

## અષાઢ સુદ બીજ

**રથયાત્રા**

**સાજ** : સફેદ દોરિયાનો સોનેરી કિનારનો (છડીનો)
**વસ્ત્ર** : સૂથન, બંડી, ચાકદાર પટુકા (સફેદ દોરિયાના)
**ઠાડુવસ્ત્ર** : કેસરી
**શ્રી મસ્તક પર** : કુલ્હે સફેદ સોનેરી કિનારની પાંચ ચંદ્રિકાની જોડ કુંડળ હાંસ ત્રવલ હમેલ, ચોટી ધરે
**આભૂષણ** : ચરણારવિંદ સુધીનો શૃંગાર હીરા, માણેક મોતી અને પન્ના.

આજે રથનું અધિવાસન થાય. શ્રીજી રથમાં બિરાજે ચાર ભોગ આવે. પ્રથમ ભોગ રાજભોગ સાથે આવે, રાજભોગ સર્યા પછી શ્રી.... ને ઝાલર ઘંટા સાથે રથમાં પધરાવવા. પછી ઝારી ભરી દર્શન ખોલવા રથ થોડો ચલાવવો કે કિર્તન થાય પછી દર્શન




બંધ થાય. રથની આગળ ભોગ ધરાવો, ભોગનો સમય અડધી ઘડી (૧૨ મિનિટ રહે) પછી આચમન મુખવસ્ત્ર કરી બે બીડા ધરવા પછી દર્શન ખોલવા પછી રથ ચલાવવો બે કિર્તન થાય પછી દર્શનનો ટેરો લઈ ઝારી ભરવી પછી ત્રીજો ભોગ ધરવો તેનો સમય એક ઘડી (૨૪ મિનિટ રહે) પછી આચમન મુખ વસ્ત્ર કરી ૪ બીડા ધરવા, માલા ધરાવી પછી દર્શન ખોલવા રથને ચલાવવો. કિર્તન થાય પંખા મોરછલ્લ ચમ્મર થાય. ચોથા ભોગ આવે તેમાં જલની એક હાંડી ધરવી તેમાં કટોરી તરાવવી તેના પર વસ્ત્ર ઢાંકવુ. ધૂપ, દીપ, શંખોદક કરવા ભોગનો સમય ૨ ઘડીનો રાખવો પછી ભોગ સરાવી ૧૦ બીડા આરોગવા રથને થોડો ચલાવવો. ચોથા કિર્તનની શરૂઆત થાય ત્યારે થાળીની ચાંદીના દિવડાવાળી આરતી કરવી. આરતી કરી રાઈ લૂણ કરી રથની ત્રણ પરિક્રમા કરવી પછી હાથ ખાસા કરી રથને નિજમંદિરના દ્વાર પાસે લાવી રાખવો. પછી ટેરો લઈ દર્શન બંધ કરી શૃંગાર વડા કરવા અને હલકો શૃંગાર કરવો.

**વસ્ત્ર** : પિછોડા
**શ્રી મસ્તક પર** : કુલ્હે ત્રણ ચંદ્રિકાની જોડ, કુંડળ
**આભૂષણ** : કટિ સુધીના મોતીના અને માણેકના

પછી અનોસર કરાવવા. અનોસરમાં પ્રભુને સિંહાસન પર પધરાવવા ઝારી ભરી ખંડ પાટ ચોકી માંડવા. શયનમાં શ્રીને રથમાં પધરાવવા શયનમાં રથને ઘોડા આવે નહીં છત્રી વડી થઈ જાય સંધ્યાભોગના દર્શન પછી આડબંધ ધરાવવું.

આજથી માટીના ઝારીકુંજા, ખસના પડદા, ફુઆરા વગેરે બંધ થાય.

**વિશેષ સામગ્રી** : ખડબુજાના બીજના લાડુ, ચિરોજીના બીજના લાડુ, મગની અંકુરી, જાંબુ, લીલા નારિયેળની કાતરી, આંબાની બરફી, ગુંજા, તવાપુરી, કેરીનો મોહનથાળ, પપચી

❊❊❊❊❊

## અષાઢ સુદ ત્રીજ

સાજ : સફેદ દોરિયાનો રથયાત્રાના દિવસનો
વસ્ત્ર : આડબંધ
શ્રી મસ્તક પર : કુલ્હે, સફેદ સોનેરી કિનારની, ત્રણ ચંદ્રિકાનો જોડ, કુંડળ
ઠાડુ વસ્ત્ર : આવે નહી
આભૂષણ : કટિ સુધીના હીરા, માણેક, પન્નાના.
નોંધ : આજથી દશેરાના આગલા દિવસ સુધી મંગળામાં તેમજ શયનમાં ઉપરણો ધરે.

❊ ❊ ❊ ❊ ❊

## અષાઢ સુદ ચોથ

સાજ : ગુલાબી સુતરાઉ
વસ્ત્ર : સૂથન પટુકા (ગુલાબી મલમલના)
ઠાડુ વસ્ત્ર : આવે નહીં
શ્રી મસ્તક પર : ફેંટો, મોરશિખા
આભૂષણ : કટિ સુધીના મોતીના

❊ ❊ ❊ ❊ ❊

## અષાઢ સુદ પાંચમ

**શ્રી દ્વારકાધીશ પ્રભુનો પાટોત્સવ**

સાજ : લીંબુ પીળા સુતરાઉ રૂપેરી કિનારના
વસ્ત્ર : દોહરો મલ્લકાછ (પીળા મલમલના)
ઠાડુ વસ્ત્ર : આવે નહીં
શ્રી મસ્તક પર : ટિપારો, જડાવ, કુંડલ તથા ચોટી ધરે.
આભૂષણ : કટિ સુધીના મોતીના, હીરાના

❊ ❊ ❊ ❊ ❊



વૈષ્ણવ યાત્રા સંઘ – વિમલ હિના પટેલના જય શ્રીકૃષ્ણ

## અષાઢ સુદ છઠ્ઠ

**કસુંબા છઠ્ઠ**

સાજ : કસુંબલ (લાલ) સુતરાઉ
વસ્ત્ર : પિછોડા (કસુંબલ મલમલના)
ઠાડુ વસ્ત્ર : સફેદ જામદાની
શ્રી મસ્તક પર : છજ્જેદાર પાગ, ચંદ્રિકા, કર્ણ ફૂલ ચાર ચોટી ધરે
આભૂષણ : ઘૂંટણ સુધીના મોતીના
વિશેષ સામગ્રી : માખણ વડા
નોંધ : આજે સાંજે ભોગના દર્શનમાં લાલ બંગલામાં બિરાજે.

❊ ❊ ❊ ❊ ❊

## અષાઢ સુદ સાતમ

સાજ : સફેદ સુતરાઉ
વસ્ત્ર : પરદની (સફેદ મલમલના)
ઠાડુ વસ્ત્ર : આવે નહીં
શ્રી મસ્તક પર : ગોળ પાગ, ચંદ્રિકા
આભૂષણ : કટિ સુધીના મોતીના

❊ ❊ ❊ ❊ ❊

## અષાઢ સુદ આઠમ

**શ્રી તાતજી ઘનશ્યામલાલજી મહારાજશ્રીનો ઉત્સવ**

સાજ : કેસરી સુતરાઉ
વસ્ત્ર : પિછોડા (કેસરી મલમલના)
ઠાડુ વસ્ત્ર : આવે નહીં
શ્રી મસ્તક પર : કુલ્હે, પાંચ ચંદ્રિકાની જોડ, કુંડળ તથા ચોટી ધરે
આભૂષણ : ચરણારવિંદ સુધીના, હીરા અને મોતીના.
નોંધ : આજે પલના થાય અને અધકિની સામગ્રી આરોગે.

❊ ❊ ❊ ❊ ❊



પ.ભ. ગીતાબેન રણજીતભાઈ કલ્યાણીના જય શ્રીકૃષ્ણ

## અષાઢ સુદ નોમ

**સાજ** : અરગજાઈ સુતરાઉ
**વસ્ત્ર** : પિછોડા (અરગજાઈ મલમલના)
**ઠાડુ વસ્ત્ર** : આવે નહીં
**શ્રી મસ્તક પર** : છજ્જેદાર પાગ, ગોળ ચંદ્રિકા
**આભૂષણ** : કટિ સુધીના મોતીના

❊❊❊❊❊

## અષાઢ સુદ દશમ

**રીંગણ દશમી**

**સાજ** : ફુલ ગુલાલી મલમલના
**વસ્ત્ર** : ધોતી ઉપરણા (ગુલાબી મલમલના)
**ઠાડુ વસ્ત્ર** : આવે નહીં
**શ્રી મસ્તક પર** : છજ્જેદાર પાગ, લુમની કલગી તથા લૂમ
**આભૂષણ** : ઘૂટણ સુધીના મોતીના
**નોંધ** : આજે બની શકે તેટલી રીંગણની સામગ્રી આવે.

❊❊❊❊❊

## અષાઢ સુદ અગિયારસ

**સાજ** : ગુલાબી સુતરાઉ
**ઠાડુ વસ્ત્ર** : સૂથન, કાછની પટુકા (ગુલાબી મલમલના)
**વસ્ત્ર** : સફેદ
**શ્રી મસ્તક પર** : છજ્જેદાર પાગ, મોતીનો મુગટ કુંડળ તથા ચોટી ધરે.
**આભૂષણ** : હીરા તથા મોતીના ઘૂંટણ સુધીના

❊❊❊❊❊



## અષાઢ સુદ બારસ

**સાજ** : પીસ્તાઈ રંગના સુતરાઉ
**વસ્ત્ર** : આડબંધ (પીસ્તાઈ મલમલના)
**ઠાડુ વસ્ત્ર** : આવે નહીં
**શ્રી મસ્તક પર** : ગોળ પાગ અને કતરા દોહરા
**આભૂષણ** : કટિ સુધીના મોતીના

❊❊❊❊❊

## અષાઢ સુદ તેરસ

**સાજ** : સફેદ સુતરાઉ
**વસ્ત્ર** : આડબંધ (સફેદ મલમલના)
**ઠાડુ વસ્ત્ર** : આવે નહીં
**શ્રી મસ્તક પર** : છજ્જેદાર પાગ અને કતરા
**આભૂષણ** : કટિ સુધીના મોતીના

❊❊❊❊❊

## અષાઢ સુદ ચૌદસ

**સાજ** : સફેદ સુતરાઉ
**વસ્ત્ર** : પરદની (સફેદ મલમલના)
**ઠાડુ વસ્ત્ર** : આવે નહીં
**શ્રી મસ્તક પર** : ગોળ પાગ, સફેદ ચંદ્રિકા
**આભૂષણ** : કટિ સુધીના મોતીના

❊❊❊❊❊

## અષાઢ સુદ પૂનમ

**સાજ** : એક ડાળી ચુંદડીનો સફેદ
**વસ્ત્ર** : સુથન બે રંગની કાછની (ઉપરની મેઘશ્યામ અને નીચેની લાલ ચુંદડીની) પટુકા લાલ
**ઠાડુ વસ્ત્ર** : સફેદ
**શ્રી મસ્તક પર** : પાગ અને મોતીનો મુગટ કુંડલ તથા ચોટી ધરે
**આભૂષણ** : ચરણારવિંદ સુધીના મોતીના
**વિશેષ સામગ્રી** : ચારોળીના લાડુ, શિખરન વડી, કચોરી, દહીં ભાત.

❊ ❊ ❊ ❊ ❊

## અષાઢ વદ એકમ

**સાજ** : લાલ સોનેરી કિનારનો
**વસ્ત્ર** : પિછોડા (લાલ મલમલના)
**ઠાડુ વસ્ત્ર** : પીળુ
**શ્રી મસ્તક પર** : લાલ-લીલી ખડકીની પાગ, હાંસ ત્રવલ તથા કર્ણફૂલ ચાર ધરે.
**આભૂષણ** : ચરણારવિંદ સુધીના મિલમા : હીરા માણેક, મોતી, પન્ના તથા સોનાના જડાઉ.

આજથી હિંડોળા શરૂ થાય અને હિંડોળામાં ચાંદીના દિવડાવાળી થાળીની આરતી આવે સંધ્યા આરતી ભીતર થાય. અષાઢ સુદ અગિયારસથી મનોરથના હિંડોળા શયનમાં શરૂ થાય તેમજ સંધ્યામાં નિત્યના હિંડોળે ઝૂલે.

❊ ❊ ❊ ❊ ❊




## અષાઢ વદ બીજ

**સાજ** : પીળા સુતરાઉ
**વસ્ત્ર** : પીછોડા (પીળા મલમલના)
**ઠાડુ વસ્ત્ર** : લાલ
**શ્રી મસ્ત પર** : પીળી અને સોસની ખીડકીની પાગ, લુમ, ચંદ્રિકા, કર્ણ ફૂલ ચાર
**આભૂષણ** : ચરણારવિંદ સુધીના, માણેક અને મોતીના

❊ ❊ ❊ ❊ ❊

## અષાઢ વદ ત્રીજ

**સાજ** : બેંજની (જાંબલી) સુતરાઉ
**વસ્ત્ર** : પીછોડા (બેંજની મલમલના)
**ઠાડુ વસ્ત્ર** : લીલુ
**શ્રી મસ્તક પર** : કુલ્હે, ઘેરો, કુંડળ તથા ચોટી ધરે
**આભૂષણ** : ચરણારવિંદ સુધીના હીરા અને મોતીના

❊ ❊ ❊ ❊ ❊

## અષાઢ વદ ચોથ

**શ્રી ગોકુલનાથ તથા શ્રી ગોકુલચંદ્રમાજીનો પાટોત્સવ**

**સાજ** : લીલા સુતરાઉ
**વસ્ત્ર** : પીછોડા (લીલા મલમલના)
**ઠાડુ વસ્ત્ર** : લાલ
**શ્રી મસ્તક પર** : ગોળ પાગ, નાગફણીનો કતરો
**આભૂષણ** : ઘુંટણ સુધીના, મોતી, માણેક તથા સોનાના

❊ ❊ ❊ ❊ ❊

## અષાઢ વદ પાંચમ

સાજ : અમરસી સુતરાઉ
વસ્ત્ર : પીછોડા (અમરસી મલમલના)
ઠાડુ વસ્ત્ર : મેઘ શ્યામ
શ્રી મસ્તક પર : દુમાલા, લુમતોરો સહેરા કુંડળ તથા ચોટી ધરે
આભૂષણ : ચરણારવિંદ સુધી હીરા તથા મોતીના.

❊ ❊ ❊ ❊ ❊

## અષાઢ વદ છઠ્ઠ

સાજ : શ્યામ સુતરાઉ
વસ્ત્ર : પીછોડા (શ્યામ મલમલના)
ઠાડુ વસ્ત્ર : લાલ
શ્રી મસ્તક પર : ગોળ પાગ, સોનેરી ચમકની ચંદ્રિકા
આભૂષણ : ઘુંટણ સુધીના સોનાના

❊ ❊ ❊ ❊ ❊

## અષાઢ વદ સાતમ

સાજ : ગુલાબી સુતરાઉ
વસ્ત્ર : સુથન, પટુકા (ધોરાના) (ગુલાબી મલમલના)
ઠાડુ વસ્ત્ર : શ્યામ
શ્રી મસ્તક પર : ફેંટો, મોરશીખા, કર્ણ ફૂલ ઝૂમખીવાળા
આભૂષણ : ઘુંટણ સુધીના, મોતી અને પન્નાના

❊ ❊ ❊ ❊ ❊




## અષાઢ વદ આઠમ

સાજ : કેસરી સુતરાઉ
વસ્ત્ર : પીછોડા (કેસરી મલમલના)
ઠાડુ વસ્ત્ર : મેઘ શ્યામ
શ્રી મસ્તક પર : કુલ્હે પાંચ ચંદ્રિકાની જોડ, કુંડળ હાંસ ત્રવલ અને ચોટી ધરે.
આભૂષણ : ચરણારવિંદ સુધીના, મિલમા, હીરા, માણેક, મોતી, પન્ના તથા સોનાના જડાઉ
નોંધ : આજથી જન્માષ્ટમીની વધાઈ બેસે

❊ ❊ ❊ ❊ ❊

## અષાઢ વદ નોમ

સાજ : પચરંગી લહેરીયાનો
વસ્ત્ર : પીછોડા (પચરંગી લહેરીયાનો)
ઠાડુ વસ્ત્ર : લીલા
શ્રી મસ્તક પર : છજ્જેદાર પાગ, નાગ ફણીનો કતરો
આભૂષણ : ચરણારવિંદ સુધીના હિરા અને મોતીના.

❊ ❊ ❊ ❊ ❊

## અષાઢ વદ દશમ

સાજ : અમરસી સુતરાઉ
વસ્ત્ર : સૂથન કાછની અને પટુકા (અમરસી મલમલના)
ઠાડુ વસ્ત્ર : સફેદ
શ્રી મસ્તક પર : પાગ અને મુગટ હીરાનો
આભૂષણ : ચરણારવિંદ સુધીના હીરા, મોતી તથા સોનાના જડાઉ

❊ ❊ ❊ ❊ ❊

## અષાઢ વદ અગિયારસ

**સાજ** : ગુલાબી સુતરાઉ
**વસ્ત્ર** : દોહરા મલ્લકાછ ઉપરના પટુકા ગુલાબી નીચેના પટુકા મેઘશ્યામ મલમલના
**ઠાડુ વસ્ત્ર** : મેઘશ્યામ
**શ્રી મસ્તક પર** : પાગ ઉપર ટીપારો, કુંડલ તથા ચોટી ધરે.
**આભૂષણ** : કટિ સુધીના મોતી તથા માણેક

પવિત્રા એકાદશી માટે સુતરના પવિત્રા તૈયાર કરી રાખવા.

❊ ❊ ❊ ❊ ❊

## અષાઢ વદ બારસ

**સાજ** : રાજ શાહી લહેરિયુ
**વસ્ત્ર** : સુથન, ગોળકાછની, પટુકા, મલમલના
**ઠાડુ વસ્ત્ર** : સફેદ
**શ્રી મસ્તક પર** : પાગ ઉપર મુગટ, કુંડળ તથા ચોટી ધરે
**આભૂષણ** : ચરણારવિંદ સુધીના મિલમા, હીરા, માણેક, મોતી તથા પન્ના તથા સોનાના જડાવ.

❊ ❊ ❊ ❊ ❊

## અષાઢ વદ તેરસ

**સાજ** : લાલ સુતરાઉ
**વસ્ત્ર** : ધોતી, ઉપરણા (લાલ મલમલના)
**ઠાડુ વસ્ત્ર** : સુવા પંખી
**શ્રી મસ્તક પર** : ગોળ પાગ, ચમકની ચંદ્રિકા સોનેરી
**આભૂષણ** : ઘૂંટણ સુધીના હીરા, માણેક અને પન્નાના

❊ ❊ ❊ ❊ ❊





## અષાઢ વદ ચૌદશ

**સાજ** : લાલ પીળા લહેરીયાના
**વસ્ત્ર** : પીછોડા (લાલ પીળા લહેરીયાના)
**ઠાડુ વસ્ત્ર** : લીલું
**શ્રી મસ્તક પર** : છજ્જેદાર પાગ, જડાઉ મોર શીખા
**આભૂષણ** : ઘૂંટણ સુધીનો શૃંગાર મોતી તથા ફીરોઝાના

❊ ❊ ❊ ❊ ❊

## અષાઢ વદ અમાસ

**સાજ** : લીલા સુતરાઉ
**વસ્ત્ર** : સૂથન, કાછની પટુકા લીલા મલમલના
**ઠાડુ વસ્ત્ર** : લીલુ
**શ્રી મસ્તક પર** : છજ્જેદાર પાગ અને પન્નાનો મુકુટ, કુંડલ તથા ચોટી ધરે
**આભૂષણ** : ચરણારવિંદ સુધીના મોતી તથા પન્નાના
**વિશેષ સામગ્રી** : દહીંના સેવના લાડું, મગનો મોહનથાળ

❊ ❊ ❊ ❊ ❊

## ❁ શ્રાવણ ❁

**નોંધ : શ્રાવણ મહિનામાં દર સોમવારે શ્રીજીને દાલબાટી તથા ચૂરમું આરોગાવવું.**

## શ્રાવણ સુદ એકમ

**સાજ** : લીલા સફેદ લહેરીયાના
**વસ્ત્ર** : પીછોડા (લીલા સફેદ લહેરીયાના)
**ઠાડુ વસ્ત્ર** : લાલ
**શ્રી મસ્તક પર** : છજ્જેદાર પાગ, નાગફણીનો કતરો
**આભૂષણ** : ઘૂંટણ સુધીના માણેક અને મોતીના
**નોંધ** : જન્માષ્ટમી માટે નવા વસ્ત્રની જોડ તથા કુલ્હે સિદ્ધિ કરાવી રાખવી.

❊ ❊ ❊ ❊ ❊

## શ્રાવણ સુદ બીજ

**સાજ** : કેસરી સુતરાઉ
**વસ્ત્ર** : સુથન પટુકા (કેસરી મલમલના)
**ઠાડુ વસ્ત્ર** : શ્યામ
**શ્રી મસ્તક પર** : ફેંટો, મોરશીખા
**આભૂષણ** : કટિ સુધીના મોતી અને પન્નાના.

❊❊❊❊❊

## શ્રાવણ સુદ ત્રીજ

(ઠકુરાણી ત્રીજ)

**સાજ** : ચોફુલી ચુંદડીનો, લાલ ધરતી પીળાફુલ
**વસ્ત્ર** : પીછોડા (ચોફુલી ચુંદડીના મલમલના)
**ઠાડુ વસ્ત્ર** : પીળું
**શ્રી મસ્તક પર** : ચુંદડીની પાગ, ચમકની ચંદ્રિકા, કર્ણફૂલ ચાર તથા ચોટી ધરે.
**આભૂષણ** : ચરણારવિંદ સુધીના મિલમા, હીરા, માણેક, મોતી, પન્ના તથા સોનાના જડાઉ.
**વિશેષ સામગ્રી** : ગોળના પૂવા અને બુંદીના લાડુ પાટિયાની સેવ, ચારોળીના લાડુ

❊❊❊❊❊

## શ્રાવણ સુદ ચોથ

**સાજ** : લાલ, સફેદ, લહેરીયાના
**વસ્ત્ર** : દોહરો મલ્લકાછ (લાલ સફેદ લહેરીયાના)
**ઠાડુ વસ્ત્ર** : લીલા
**શ્રી મસ્તક પર** : પાગ ઉપર ટીપારો, કુંડળ તથા ચોટી ધરે
**આભૂષણ** : કટિ સુધીના, માણેક, મોતી અને પન્નાના

❊❊❊❊❊





## શ્રાવણ સુદ પાંચમ

**સાજ** : શ્યામ લહેરીયાના
**વસ્ત્ર** : પીછોડા (શ્યામ લહેરીયાના)
**ઠાડુ વસ્ત્ર** : પીળુ
**શ્રી મસ્તક પર** : છજ્જેદાર પાગ, નાગફણીનો કતરો, કર્ણ ફુલચાર ધરે.
**આભૂષણ** : ઘુંટણ સુધીના હીરા તથા મોતીના.
**વિશેષ સામગ્રી** : ચોરીઠાના ફણાની, દીવલા તથા પાટિયાની ખીર તથા થુલીની સામગ્રી
**નોંધ** : આજે શ્રી ગિરિરાજજીને વિશેષ દૂધ ધરાવવું.

❊❊❊❊❊

## શ્રાવણ સુદ છઠ્ઠ

**સાજ** : શ્યામ ચુંદડીનો
**વસ્ત્ર** : સુથન પટકા (ધોરાના) (શ્યામ ચુંદડીના)
**ઠાડુ વસ્ત્ર** : પીળું
**શ્રી મસ્તક પર** : છજ્જેદાર પાગ, લુમતોરા
**આભૂષણ** : કટિ સુધીના મોતીના

❊❊❊❊❊

## શ્રાવણ સુદ સાતમ

**સાજ** : ફુલ ગુલાબી સુતરાઉ
**વસ્ત્ર** : ધોતી ઉપરણા (ફુલ ગુલાબી મલમલના)
**ઠાડુ વસ્ત્ર** : સુવા પંખી
**શ્રી મસ્તક પર** : ગોળ પાગ અને ચંદ્રિકા
**આભૂષણ** : કટિ સુધીના મોતી તથા પન્નાના

❊❊❊❊❊

## શ્રાવણ સુદ આઠમ

**બગીચાનો ઉત્સવ**

**સાજ** : મોઠડાના લહેરિયાના
**વસ્ત્ર** : સુથન કાછની અને પટુકા (લહેરિયાના)
**ઠાડુ વસ્ત્ર** : સફેદ
**શ્રી મસ્તક પર** : પાગ ઉપર મુગટ હીરાનો કુંડળ તથા ચોટી ધરે
**આભૂષણ** : ચરણારવિંદ સુધીના મિલમા, હીરા, મોતી, માણેક તથા પન્નાના તથા સોનાના જડાવ.
**વિશેષ સામગ્રી** : મનોહરના લાડુ, અડદની દાળની કચોરી, ચંદ્રકળા, માખણવડા તથા દૂધગર આરોગે.
**નોંધ** : આજે શયનમાં બગીચામાં ફૂલના હિંડોળે શ્રીજી ઝૂલે.

❊❊❊❊❊

## શ્રાવણ સુદ નોમ

**સાજ** : શ્યામ ચુંદડીના
**વસ્ત્ર** : પીછોડા (શ્યામ ચુંદડીના મલમલના)
**ઠાડુ વસ્ત્ર** : પીળા
**શ્રી મસ્તક પર** : ગોળ પાગ અને ચમકની ચંદ્રિકા
**આભૂષણ** : કટિ સુધીના સોનાના

❊❊❊❊❊

## શ્રાવણ સુદ દશમ

**સાજ** : લાલ સુતરાઉ
**વસ્ત્ર** : પીછોડા (લાલ મલમલના)
**ઠાડુ વસ્ત્ર** : પીળા
**શ્રી મસ્તક પર** : છજ્જેદાર પાગ અને ચંદ્રિકા
**આભૂષણ** : ઘુંટણ સુધીના મોતી તથા પન્ના

❊❊❊❊❊





## શ્રાવણ સુદ અગિયારસ

**શ્રી વલ્લભધામ નૈરોબીનો પાટોત્સવ, પવિત્રા એકાદશી**

**સાજ** : સફેદ દોરિયાનો, સોનેરી કિનારવાળો ધોરાનો
**વસ્ત્ર** : પીછોડા કેસરની કોરવાળા મલમલના
**ઠાડુ વસ્ત્ર** : લાલ
**શ્રી મસ્તક પર** : કુલ્હે, રૂપેરી કિનારની પાંચ ચંદ્રિકાની જોડ હાંસ ત્રવલ તથા કુંડળ તથા ચોટી ધરે.
**આભૂષણ** : ચરણારવિંદ સુધીનો શૃંગાર, મિલમા, હીરા, માણેક, મોતી, પન્ના તથા સોનાના જડાઉ
**નોંધ** : આજે પવિત્રા અને રાખીનું અધિવાસન કરવું અને મિશ્રી કેસર ઈલાયચીવાલી તૈયાર કરાવી રાખવી. જો પવિત્રા ધરાવવાનું મુહૂર્ત સવારના હોય તો શૃંગારમાં અને સાંજે હોય તો ભોગના સમયે પવિત્રા ધરાવવા. સૌ પ્રથમ વેણુ ધરાવી આરસી દેખાડી સુતરનું કેસરવાળું પછી રૂપેરી જરીનું પછી સોનેરી જરીનું પછી રેશમનું એમ ક્રમ અનુસાર પવિત્રા ધરવા પછી શ્રીફળ અને ભેટ અવશ્ય કરવા પછી ટેરો લઈ ઉત્સવ ભોગ ધરવા.
**વિશેષ સામગ્રી** : સકરપારા, કેસરવાળી મિશ્રી, તળેલા મેવા, ઓટેલું દૂધ તથા દૂધગરની છાબ.

❊❊❊❊❊

## શ્રાવણ સુદ બારસ

**પવિત્રા બારસ**

**સાજ** : ગુલાબી સુતરાઉ
**વસ્ત્ર** : સુથન, કાછની પટુકા (ગુલાબી મલમલના)
**ઠાડુ વસ્ત્ર** : સફેદ
**શ્રી મસ્તક પર** : સોનાનો મુગટ
**આભૂષણ** : ચરણારવિંદ સુધીના મિલમા, હીરા માણેક, પન્ના, મોતી તથા સોનાના જડાઉં.
**નોંધ** : આજે શ્રી ગુરૂદેવને પવિત્રા ધરવા.
**વિશેષ સામગ્રી** : સેવના લાડુ

❊❊❊❊❊

## શ્રાવણ સુદ તેરસ

**કંકોડા તેરસ (ચતુરા નાગાનો મનોરથ)**

**સાજ** : ચોફુલી પીળી ચુંદડીના, પીળી ધરતી, લાલ ફુલ
**વસ્ત્ર** : પીછોડા (ચોફુલી ચુંદડીના)
**ઠાડુ વસ્ત્ર** : લાલ
**શ્રી મસ્તક પર** : છજ્જેદાર પાગ, ચમકની ચંદ્રિકા
**આભૂષણ** : કટિ સુધીના મોતી તથા પન્નાના
**વિશેષ સામગ્રી** : શીરો તથા કંકોડાનું શાક અવશ્ય આવે.

❊❊❊❊❊

## શ્રાવણ સુદ ચૌદસ

**સાજ** : પીળા સુતરાઉ
**વસ્ત્ર** : પીછોડા (પીળા મલમલના)
**ઠાડુ વસ્ત્ર** : લાલ
**શ્રી મસ્તક પર** : કુલ્હે તથા ચમકનો જોડ, કુંડલ તથા ચોટી ધરે
**આભૂષણ** : ચરણારવિંદ સુધીના, માણેક તથા મોતીના

❊❊❊❊❊





## શ્રાવણ સુદ પૂનમ

**રક્ષા પૂનમ (રક્ષાબંધન)**

**સાજ** : લાલ મલમલ (કસુંબલ) સુતરાઉ
**વસ્ત્ર** : પીછોડા (લાલ મલમલના)
**ઠાડુ વસ્ત્ર** : પીળા
**શ્રી મસ્તક પર** : છજ્જેદાર પાગ ચંદ્રિકા, ચાર કર્ણ ફુલ ધરે
**આભૂષણ** : ચરણારવિંદ સુધીના, મીલમા, હીરા, માણેક, મોતી, પન્ના તથા સોનાના જડાઉ.
**વિશેષ સામગ્રી** : ગોળપાપડી, સેવના લાડુ, ખીરવડા
**નોંધ** : જો રાખી ધરાવવાનું મુહુર્ત સવારે હોય તો શૃંગારમાં, શૃંગાર થઈ ગયા પછી રોજની જેમ વેણું ધરાવી આરસી બતાવીને રાખી ધરવી. સૌ પ્રથમ શ્રીજીને તિલક અક્ષત કરી જમણા શ્રીહસ્તમાં તથા પોંચીની જગ્યાએ બે–બે રાખી પછી ડાબા શ્રી હસ્તમાં તથા પોંચીની જગ્યાએ બે – બે રાખી ધરવી. અને જો સાંજનું મુહુર્ત હોય, ભોગના દર્શનમાં રાખી ધરવી. રાખી ધરાવ્યા બાદ ટેરો આવે અને ઉત્સવ ભોગ આરોગે. સમય થયે ભોગ સરે આચમન મુખવસ્ત્ર થાય. ત્યારબાદ આરતી થાય.

❊❊❊❊❊

## શ્રાવણ વદ એકમ

**સાજ** : કેસરી સુતરાઉ
**વસ્ત્ર** : સુથન, કાછની, પટુકા, કેસરી મલમલનો
**ઠાડુ વસ્ત્ર** : સફેદ (જામદાની)
**શ્રી મસ્તક પર** : પાગ તથા રત્ન જડીત મુકુટ
**આભૂષણ** : ચરણારવિંદ સુધીના મિલમા, હીરા, માણેક, મોતી, પન્ના તથા સોનાના જડાઉ.

❊❊❊❊❊

## શ્રાવણ વદ બીજ

સાજ : લાલ સુતરાઉ
વસ્ત્ર : પીછોડા (લાલ મલમલના)
ઠાડુ વસ્ત્ર : પીળું
શ્રી મસ્તક પર : છજ્જેદાર પાગ, સાદી ચંદ્રિકા
આભૂષણ : ચરણારવિંદ સુધીના મિલમા, હીરા, માણેક, મોતી, પન્ના તથા સોના જડાઉ.

❊❊❊❊❊

## શ્રાવણ વદ ત્રીજ

સાજ : ધનકના લહેરિયાના
વસ્ત્ર : દોહરો મલ્લકાછ (લહેરીયાના)
ઠાડુ વસ્ત્ર : લાલ
શ્રી મસ્તક પર : ટીપારો, કુંડળ તથા ચોટી ધરે
આભૂષણ : કટિ સુધીના, માણેક તથા મોતી

❊❊❊❊❊

## શ્રાવણ વદ ચોથ

સાજ : ગુલાબી સુતરાઉ
વસ્ત્ર : ધોતી ઉપરણા (ગુલાબી મલમલના)
ઠાડુ વસ્ત્ર : લાલ
શ્રી મસ્તક પર : છજ્જેદાર પાગ, ગોળ ચંદ્રિકા
આભૂષણ : કટિ સુધીના મોતી ફિરોઝા તથા સોનાના

❊❊❊❊❊





## શ્રાવણ વદ પાંચમ

સાજ : પીળા એક ડાળી ચુંદડીના
વસ્ત્ર : પીછોડા (પીળા એક ડાળી ચુંદડીના)
ઠાડુ વસ્ત્ર : લીલુ
શ્રી મસ્તક પર : છજ્જેદાર પાગ, લુમની કલગી
આભૂષણ : કટિ સુધીના મોતી તથા પન્નાના

❊❊❊❊❊

## શ્રાવણ વદ છઠ્ઠ

સાજ : લીલા તથા સફેદ લહેરિયાના
વસ્ત્ર : પીછોડા (લીલા તથા સફેદ લહેરિયાના)
ઠાડુ વસ્ત્ર : લાલ
શ્રી મસ્તક પર : છજ્જેદાર પાગ, નાગફણીનો કતરો
આભૂષણો : કટિ સુધીના માણેક તથા મોતીના

❊❊❊❊❊

## શ્રાવણ વદ સાતમ

સાજ : પીળા સુતરાઉ
વસ્ત્ર : પીછોડા (કસુંબલ મલમલના)
ઠાડુ વસ્ત્ર : પીળુ
શ્રી મસ્તક પર : છજ્જેદાર પાગ અને ચંદ્રિકા
આભૂષણ : કટિ સુધીના હીરા તથા માણેકના

❊❊❊❊❊

## શ્રાવણ વદ આઠમ

**જન્માષ્ટમી**

**સાજ** : કેસરી મલમલના રૂપેરી કીનારના

**વસ્ત્ર** : સુથન, પટુકા લાલ, બંડી, ચાકદાર કેસરી મલમલના

**ઠાડુ વસ્ત્ર** : મેઘશ્યામ

**શ્રી મસ્તક પર** : કુલ્હે કેસરી રંગની પાંચ ચંદ્રિકાની જોડ, કુલ્હે પર પાન ધરે, હાંસ, ત્રવલ, વાઘનખ, કુંડળ તથા ચોટી ધરે, કપોલ પર કમલ પત્ર થાય.

**આભૂષણ** : ચરણારવિંદ સુધીના ત્રણ જોડીના નવરત્નના.

આજે દેહરી મંડાય, આસોપાલવનું તોરણ તથા બંદનવાર બંધાય. **જન્માષ્ટમીનો ક્રમ :** શ્રી ઠાકોરજીને જગાવી કેસરી મલમલના નવા વસ્ત્ર ધરાવવા મંગળ ભોગ સર્યા પછી થાળીની આરતી કરવી પછી ટેરો લઈ મંગળાના શૃંગાર વડા કરી ધોતી ઉપરણા ધરાવવા. અલંકાર, તિલક, હસ્તમાં સોનાના કડા ચરણમાં સોનાના નેપુર તથા કટિમાં સોનાનો કટિપેચ ધરાવવો. તિલક અક્ષત, તુલસી સમર્પીને સંકલ્પ કરી પંચામૃત કરાવવું. પ્રથમ દૂધથી પછી દહીં પછી ઘી પછી બુરૂ પછી મધ એમ એ ક્રમથી પંચામૃત થાય પછી જલથી સ્નાન કરાવી દર્શન બંધ કરવા પછી અભ્યંગ કરાવવું.

પછી ક્રમ મુજબના વસ્ત્ર શૃંગાર ધરી શ્રી ઠાકોરજીને સિંહાસન પર પધરાવવા.

## તિલકના દર્શન

એક થાળીમાં તિલક માટે કંકુ અક્ષત, ૨ શ્રીફળ ભેટના રૂપિયા, પીતાંબર તૈયાર રાખવા. ચૂનના દિવડાની આરતી તૈયાર રાખવી, પછી ભીની હળદરથી દેહરી માંડવી.



પ.ભ. જ્યોત્સનાબેન રમેશભાઈ સંધાણી (મોરબી)ના જય શ્રીકૃષ્ણ

શ્રી ઠાકોરજીને માળા ધરાવવી, પછી આરતી પ્રગટાવીને પડઘા ઉપર રાખવી પછી દર્શન ખોલવા શંખ ઝાલર તથા ઘંટા વાગે વેણુ ધરાવી આરસી દેખાડી તિલક અક્ષત કરવા બીડા ધરવા પછી બધા સ્વરૂપોને પીતાંબર ઓઢાડવા પછી મુઠિયાવાળી આરતી ઉતારાય રાયલોન ન્યોચ્છાવર થાય કંકુના થાપા લગાવાય પછી અરસ પરસ તિલક થાય.

સમય થયે ટેરો લઈ રાજભોગ ધરવા શયન આરતી સુધીની સેવા નિત્ય ક્રમ પ્રમાણે થાય. આજે આખા દિવસ દરમિયાન થાળીની આરતી પછી જાગરણના ભોગ ધરવા જાગરણ ભોગ સરાવ્યા પછી ખંડપાટ, ગેંદ ચોગાન ચોપટ ચોકી વગેરે સાજી જાગરણ કરાવવા જન્મ સમયથી અડધો કલાક પહેલા પંચામૃતની તૈયારી કરી નિજ મંદિરના દ્વાર બંધ કરવા. જન્મ સમયે જન્મ પ્રકરણના સાડા આઠ શ્લોક ત્રણ વાર વાંચી ત્રણ વાર ઘંટાનાદ કરવા મંદિરના દ્વાર ખોલવા. શ્રી શાલિગ્રામજીને પંચામૃત માટે પધરાવવા. પંચામૃત પૂર્વવત કરાવવા. પંચામૃત કરાવ્યા પછી સ્નાન અંગવસ્ત્ર કરાવી શ્રીને ઠાકુરજીના સિંહાસન પર ગાદીની જમણી બાજુ પધરાવવા, તિલક અક્ષત બધા સ્વરૂપોને કરવા તથા પીતાંબર ઓઢાડી દર્શન બંધ કરી શીતલ ભોગ ધરવા ઝારી ભરવી, શીતલ ભોગ સરાવ્યા પછી મહાભોગ ધરવા.

**નોંધ** : તિલકના સમયે દૂધઘરની છાબ, મેવો તથા એક કટોરીમાં દૂધમાં તલ તથા ગોળ મેળવીને ધરવા.

**મહાભોગ** :

**દૂધઘર** : પેંડા સફેદ તથા કેસરી, બરફી સફેદ તથા કેસરી, મલાઈ, દૂધ પૂરી, શિખરન, દહીં, બાસુંદી કેસરી, તળેલા મેવા, પાયેલા મેવા, ઓટેલું દૂધ, મેસુબ ચાર જાતના, ખોવા સફેદ તથા કેસરી, લીલો મેવો.



પ.ભ. રજનીકાન્ત પી. શાહના જય શ્રીકૃષ્ણ

| | | |
|---|---|---|
| **નાગરી** | : | ગોળપાપડી તથા મગસ ચાર જાતના (૧) બેસનનો (૨) ચોરીઠાનો (૩) અડદનો (૪) મગનો. પંજરીના લાડુ |
| **અનસખડી** | : | ઠોર, સકરપારા, સેવના લાડુ, બાબર, સુતરફેણી, મનોહર, ઈંદરસા, જલેબી, મેવા બાટી, ગુંજા, છુટી બુંદી, શીરો, ખીર, ઘેબર કેસરી, પાટિયાની સેવ, મોહનથાળ, પપચી, મન મનોહરના લાડુ. |
| **ફીકામાં** | : | ઝારાની સેવ, ગાંઠીયા, થપડી, સકરપારા, મેંદા પૂરી, મોણની પૂરી, ચણાની દાળના ફડફડિયા, તિલવડી, ઢેબરી. |
| **સખડીમાં** | : | મગની છડિયલ દાળ, ભાત, દહીં ભાત, મેવા ભાત, છોંકેલો ભાત, શિખરન ભાત, અડદની દાળના વડા, પકોડીવાળી કઢી, તુવેરની દાળ, આઠ જાતના શાક, આઠ જાતના ભજીયા, આઠ જાતના કઠોળ, પૂરી (રોટી આવે નહીં), સંધાનું લીંબુની ફાંડ, આદાપાચરી, મીઠાની કટોરી, મરીની કટોરી. |

❊ ❊ ❊ ❊ ❊

## શ્રાવણ વદ નોમ

**નંદ મહોત્સવ**

નંદ મહોત્સવમાં શૃંગાર જન્માષ્ટમી વ્રત રહે. સવારે મહાભોગ સર્યા પછી શ્રી ઠાકોરજીને સિંહાસન પર પધરાવી ખંડ પાટ ચોકી માંડવા પછી ચાંદીના દીવડાવાળી આરતી કરવી. પછી હાથ ખાસા કરી શ્રીઠાકોરજીને પલનામાં પધરાવવા.




માળા ધરાવવી, શ્રીફળ તથા ભેટ અવશ્ય કરવા પછી નંદ મહોત્સવનો ક્રમ કરવો પછી ચાંદીના દીવડાની આરતી કરવી. રાઈલોન અને ન્યોચ્છાવર કરી હાથ ખાસા કરી પલના આગળ જ મંગળભોગ ધરવો. સમય થયે ભોગ સરાવી શ્રી ઠાકોરજીને સિંહાસન પર પધરાવી મંગળા આરતી કરવી.

માળાજી સરાવી રાજભોગ ધરવો સમય થયે ભોગ સરાવી ખંડ, પાટચોકી માંડી દર્શન ખોલવા.

❊ ❊ ❊ ❊ ❊

## શ્રાવણ વદ દશમ

| | | |
|---|---|---|
| **સાજ** | : | કેસરી મલમલનો |
| **વસ્ત્ર** | : | સુથન પટુકા લાલ, બંડી ચાકદાર કેસરી |
| **ઠાડુ વસ્ત્ર** | : | મેઘશ્યામ |
| **શ્રી મસ્તક પર** | : | કેસરી રંગની કુલ્હે પાંચ ચંદ્રિકાની જોડ, કુંડલ, હાસ, ત્રવલ તથા ચોટી ધરે કુલ્હે પર પાન ધરે. |
| **આભૂષણ** | : | ચરણારવિંદ સુધીના શૃંગાર, નવરત્નના આભૂષણ |

❊ ❊ ❊ ❊ ❊

## શ્રાવણ વદ અગિયારસ

**બાળલીલાનો શૃંગાર**

| | | |
|---|---|---|
| **સાજ** | : | કેસરી મલમલનો |
| **વસ્ત્ર** | : | સુથન, ઝગુલી કેસરી મલમલના |
| **ઠાડુ વસ્ત્ર** | : | મેઘશ્યામ |
| **શ્રી મસ્તક પર** | : | ટોપી |
| **આભૂષણ** | : | કટિ સુધીના હિરા તથા મોતીના |

❊ ❊ ❊ ❊ ❊

## શ્રાવણ વદ બારસ

**શ્રી ગોવિંદલાલજી મહારાજશ્રીનો ઉત્સવ**

**સાજ** : કેસરી મલમલનો
**વસ્ત્ર** : સુથન પટ્કા લાલ, બંડી ચાકદાર કેસરી
**ઠાડુ વસ્ત્ર** : મેઘ શ્યામ
**શ્રી મસ્તક પર** : કેસરી રંગની કુલ્હે, પાંચ ચંદ્રિકાની જોડ, કુંડલ, હાસ, ત્રવલ તથા ચોટી ધરે, કુલ્હે પર પાન ધરે.
**આભૂષણ** : ચરણારવિંદ સુધીના શૃંગાર, નવરત્નના આભૂષણ
**નોંધ** : આજે પલના થાય તથા અધકિની સામગ્રી આરોગે.
**વિશેષ સામગ્રી** : જલેબી, બુંદીના લાડુ તથા સેવના લાડુ, દૂધગરની છાબ

❉❉❉❉❉

## શ્રાવણ વદ તેરસ

**સાજ** : ચોફુલી ચુંદડીના પીળી ધરતી લાલ ફુલ
**વસ્ત્ર** : પીછોડા પીળી ચુંદડીના મલમલના
**ઠાડુ વસ્ત્ર** : લાલ
**શ્રી મસ્તક પર** : ગ્વાલ પગો, લુમ તથા ચમકની ચંદ્રિકા રૂપેરી
**આભૂષણ** : કટિ સુધીના, હીરા, મોતી, માણેક

❉❉❉❉❉





## શ્રાવણ સુદ ચૌદસ

**શ્રી યદુનાથજીના અ.સૌ. શ્રી યશશ્રી વહુજીનો જન્મદિવસ**

**સાજ** : પીળા મલમલના રૂપેરી કિનારના
**વસ્ત્ર** : પીછોડા (પીળા મલમલના)
**ઠાડુ વસ્ત્ર** : મેઘ શ્યામ
**શ્રી મસ્તક પર** : કુલ્હે તથા ઘેરો, કુંડલ તથા ચોટી ધરે
**આભૂષણ** : કટિ સુધીના હીરા તથા મોતીના
**નોંધ** : આજે પલના થાય તથા વિશેષ સામગ્રી આરોગે.

❉❉❉❉❉

## શ્રાવણ વદ અમાસ

**સાજ** : શ્યામ સોનેરી કિનારનો
**વસ્ત્ર** : મલ્લકાછ દોહરો (શ્યામ મલમલના)
**ઠાડુ વસ્ત્ર** : સુવા પંખી
**શ્રી મસ્તક પર** : પાગ પર ટીપારો ધરવો, કુંડલ તથા ચોટી ધરે.
**આભૂષણ** : કટિ સુધીના મોતી, માણેક તથા હીરાના.

❉❉❉❉❉

# ❁ ભાદરવો ❁

## ભાદરવા સુદ એકમ

**સાજ** : કેસરી મલમલના, રૂપેરી કિનારના
**વસ્ત્ર** : ધોતી ઉપરણા (કેસરી મલમલના)
**ઠાડુ વસ્ત્ર** : સુવા પંખી
**શ્રી મસ્તક પર** : છજ્જેદાર પાગ, કતરા
**આભૂષણ** : કટિ સુધીના મોતી અને પન્નાના

આજથી રાધાષ્ટમીની વધાઈ બેસે.

❉❉❉❉❉

## ભાદરવા સુદ બીજ

સાજ : લાલ પીળા લહેરિયાના
વસ્ત્ર : પિછોડા (લાલ પીળા લહેરિયાના)
ઠાડુ વસ્ત્ર : લીલા
શ્રી મસ્તક પર : ગોળ પાગ, લૂમની કલગી તથા લૂમ
આભૂષણ : કટિ સુધીના મોતી અને હીરાના

❊ ❊ ❊ ❊ ❊

## ભાદરવા સુદ ત્રીજ

સાજ : ગુલાબી સુતરાઉ
વસ્ત્ર : પિછોડા (ગુલાબી મલમલના)
ઠાડુ વસ્ત્ર : પીળા
શ્રી મસ્તક પર : ગ્વાલ પગો, મોરશિખા
આભૂષણ : કટિ સુધીના, મોતી તથા સોનાના

❊ ❊ ❊ ❊ ❊

## ભાદરવા સુદ ચોથ

**દંડા ચોથ**

સાજ : ચોકૂલી ચુંદડીના
વસ્ત્ર : સૂથન, પટુકા (ચોકુલી ચુંદડીના)
ઠાડુ વસ્ત્ર : સુવા પંખી
શ્રી મસ્તક પર : છજ્જેદાર પાગ, ચંદ્રિકા
આભૂષણ : ઘુંટણ સુધીના મોતી તથા હિરાના
નોંધ : આજે શ્રી ઠાકોરજી પાસે દંડા આવે.

આજે સંધ્યા ભોગ સમયે શ્રી ઠાકોરજીની સન્મુખ શેકેલા ઘઉંના લાડુ આવે જે શયનના દર્શન ખુલ્યા બાદ શ્રી સન્મુખ ઉડાડવામાં આવે.

❊ ❊ ❊ ❊ ❊



પ.ભ. ભરતભાઈ કે. પરીખના જય શ્રીકૃષ્ણ

## ભાદરવા સુદ પાંચમ

**શ્રી ચંદ્રાવલીજીનો ઉત્સવ**

સાજ : પીળી એક ડાળની ચુંદડીના રૂપેરી કિનારના
વસ્ત્ર : પિછોડા પીળી ચુંદડીના મલમલના
ઠાડુ વસ્ત્ર : લાલ
શ્રી મસ્તક પર : કુલ્હે, ત્રણ તુર્રા, રૂપેરી, કુંડળ તથા ચોટી ધરે
આભૂષણ : ચરણારવિંદ સુધીના મિલમા હીરા, મોતી, માણેક, પન્ના તથા સોનાના જડાવ.
વિશેષ સામગ્રી : મનોહરના લાડુ

❊ ❊ ❊ ❊ ❊

## ભાદરવા સુદ છઠ્ઠ

સાજ : પચરંગી લહેરિયાના
વસ્ત્ર : પિછોડા લહેરિયાના
ઠાડુ વસ્ત્ર : સફેદ તથા લાલ લહેરિયાના
શ્રી મસ્તક પર : છજ્જેદાર પાગ, ચંદ્રિકા
આભૂષણ : કટિ સુધીના મોતીના
વિશેષ સામગ્રી : ગુંજાની

❊ ❊ ❊ ❊ ❊

## ભાદરવા સુદ સાતમ

સાજ : લાલ સુતરાઉ
વસ્ત્ર : પિછોડા (લાલ મલમલના)
ઠાડુ વસ્ત્ર : પીળા
શ્રી મસ્તક પર : છજ્જેદાર પાગ, ચંદ્રિકા
આભૂષણ : કટિ સુધીના મોતી તથા પન્ના

❊ ❊ ❊ ❊ ❊



પ.ભ. પન્નાબેન કમલભાઈ પટેલના જય શ્રીકૃષ્ણ

## ભાદરવા સુદ આઠમ

**રાધાષ્ટમી**

**સાજ** : કેસરી, સુતરાઉ રૂપેરી કિનારનો
**વસ્ત્ર** : સૂથન, પટુકા લાલ, બંડી, ચાકદાર કેસરી મલમલના
**ઠાડુ વસ્ત્ર** : મેઘશ્યામ
**શ્રી મસ્તક પર** : કેસરી રંગની કુલ્હે રૂપેરી કિનારની, પાંચ ચંદ્રિકાની જોડ કુલ્હે પર પાનધરે હાંસ ત્રવલ કુંડળ તથા ચોટી ધરે કપોલ પર કમલપત્ર થાય.
**આભૂષણ** : ચરણારવિંદ સુધીના ત્રણ જોડીના નવરત્નના.

આજે તિલક ભીતર થાય. શૃંગારનો ટેરો લીધા પછી રાજભોગ સજી જાય પછી શ્રી ઠાકોરજીની ડાબી બાજુ શ્રી સ્વામિનીજી ભાવનાજી પધારે શ્રી સ્વામિનીજીને માળાજી ધરાવી, અમર સમર્પી શ્રી ઠાકોરજી અને શ્રી સ્વામિનીજીને તિલક અક્ષત કરવા શ્રી સ્વામિનીજીને પિતાંબર ઓઢાડી શ્રીફળ અને ભેટ કરવી અને ચૂનના દિવલાની આરતી કરવી. રાઈલૂણ ન્યોચ્છાવર કરવા ત્યારબાદ તુલસીજી સમર્પી શંખોદક ધૂપદીપ કરી રાજભોગ ધરવા. સમય થયે રાજભોગ સર્યા પછી બીડી આરોગ્યા પછી ભાવનાજી શય્યા મંદિરમાં પધારે પછી ખંડપાટ ચોકી માંડી દર્શન ખોલવા રાજભોગમાં ચાંદીના દિવલાની થાળીની આરતી આવે.

વિશેષ સામગ્રી : જન્માષ્ટમી વત

❊ ❊ ❊ ❊ ❊

## ભાદરવા સુદ નોમ

**સાજ** : કેસરી મલમલનો રૂપેરી કિનારનો
**વસ્ત્ર** : સૂથન પટુકા લાલ બંડી ચાકદાર કેસરી
**ઠાડુ વસ્ત્ર** : મેઘ શ્યામ
**શ્રી મસ્તક પર** : કેસરી રંગની કુલ્હે રૂપેરી કિનારની, પાંચ ચંદ્રિકાની જોડ હાંસ ત્રવલ કુંડળ તથા ચોટી ધરે.
**આભૂષણ** : ચરણારવિંદ સુધીના ત્રણ જોડીના નવરત્નના.

❊ ❊ ❊ ❊ ❊



## ભાદરવા સુદ દશમ

**ગોસ્વામી શ્રી શશી પ્રભાજી ભાભીજી મહારાજનો જન્મદિવસ**

**સાજ** : બદામી મલમલના (અરગજાઈ)
**વસ્ત્ર** : પિછોડા
**ઠાડુ વસ્ત્ર** : કથ્થાઈ
**શ્રી મસ્તક પર** : ગ્વાલપગા, ચંદ્રિકા, કર્ણફૂલ ચાર
**આભૂષણ** : કટિ સુધીના મોતીના અને માણેકના
**વિશેષ સામગ્રી** : પૂરણ પોળી

❊ ❊ ❊ ❊ ❊

## ભાદરવા સુદ અગિયારસ

**દાન એકાદશી**

**સાજ** : દાનની પિછવાઈ, લહેરિયાનો
**વસ્ત્ર** : સૂથન, કાછની, પટુકા લાલ, કાછની લાલ ચુંદડીની તથા કોયલી (ઉપરની કાછની લાલ ચુંદડીની તથા નીચેની કોયલી)
**ઠાડુ વસ્ત્ર** : સફેદ જામદાની
**શ્રી મસ્તક પર** : પાગ ઉપર મુગુટ જડાઉ તથા કુંડળ ધરે.
**આભૂષણ** : ચરણારવિંદ સુધીના મિલમા, હીરા, મોતી, માણેક, પન્ના તથા સોનાના જડાવ.

જો દાન એકાદશી અને વામન દ્વાદશી ભેગા હોય તો શૃંગાર દાન એકાદશીના થાય, કાછની લાલ અને કેસરી ધરાય. ઉપરની કાછની લાલ અને નીચેની કાછની કેસરી ધરાય. પટુકા કેસરી ધરાય અને વામન દ્વાદશીના શૃંગાર બીજે દિવસે થાય. દાનના દિવસોમાં ચોટી ધરાય નહીં.

**નોંધ** : આજથી ભાદરવા વદ અમાસ સુધી ભોગમાં દૂધગરની છાબ, મીઠું અને ફીકું (નોન જીરાવાળું દહીં) હાંડીમાં ધરવું તેમજ સખડીમાં દહીં ભાત ધરવા.

**વિશેષ સામગ્રી** : ફેણીની

❊ ❊ ❊ ❊ ❊

## ભાદરવા સુદ બારસ

**શ્રી દ્વારકેશલાલજીના બેટીજી ચિ. ભક્તિરાજાનો જન્મદિવસ**
**વામન દ્વાદશી**

**સાજ** : કેસરી દોરીયાનો મલમલનો પિછવાઈ દાનની
**વસ્ત્ર** : ધોતી ઉપરણા (કેસરી મલમલના)
**ઠાડુ વસ્ત્ર** : સફેદ
**શ્રી મસ્તક પર** : કુલ્હે પાંચ ચંદ્રિકાની જોડ, હાંસ ત્રવલ કુંડળ ધરે
**આભૂષણ** : ઘુંટણ સુધીના મિલમા, હીરા, માણેક, મોતી, પન્ના અને સોનાના જડાવ.
**નોંધ** : આજે પલના થાય અને વિશેષ સામગ્રી આરોગે.

રાજભોગ સર્યા પછી શ્રી શાલિગ્રામજીને પંચામૃત થાય, પંચામૃત કરાવી શ્રી શાલિગ્રામજીને ગાદી પર મુખ્ય સ્વરૂપની આગળ પધરાવી તિલક અક્ષત કરવા. પીતાંબર ઓઢાડવું. આજે જે સ્વરૂપને પંચામૃત થયું હોય તેજ સ્વરૂપે તિલક થાય બીજા સ્વરૂપે તિલક થાય નહીં. પછી પંચામૃતનો સાજ ઉઠાવી દર્શન બંધ કરી શીતલ ભોગ તથા ઉત્સવ ભોગ ધરવા. ધૂપદીપ શંખોદક થાય, સમય થયે ભોગ સરાવી ખંડ પાટ ચોકી માંડી દર્શન ખોલવા, વેણુ વેત્રધરી ચાંદીના દિવલાવાળી થાળીની આરતી કરવી.

વિશેષ સામગ્રી : માવાના ગુંજા, સકરપારા, છુટી બુંદી, દહેરવડી

❊ ❊ ❊ ❊ ❊

## ભાદરવા સુદ તેરસ

**સાજ** : ગુલાબી સુતરાઉ, પિછવાઈ દાનની
**વસ્ત્ર** : ધોતી, પટુકા (ગુલાબી મલમલના)
**ઠાડુ વસ્ત્ર** : શ્યામ અથવા પીળા
**શ્રી મસ્તક પર** : ગોળ પાગ, લૂમની કલગી
**આભૂષણ** : કટિ સુધીના મોતી, પન્ના તથા સોનાના.

❊ ❊ ❊ ❊ ❊





## ભાદરવા સુદ ચૌદસ

**સાજ** : પંચરંગી લહેરિયાના, પિછવાઈ દાનની
**વસ્ત્ર** : પિછોડા લહેરિયાના
**ઠાડુ વસ્ત્ર** : મેઘ શ્યામ
**શ્રી મસ્તક પર** : ટિપારાની ટોપી તેની ઉપર ટિપારાના કતરા તથા ચંદ્રિકા, કુંડલ ધરે
**આભૂષણ** : કટિ સુધીના હીરા તથા મોતીના

❊ ❊ ❊ ❊ ❊

## ભાદરવા સુદ પૂનમ

**સાંજીનો આરંભ**

**સાજ** : દાનની પિછવાઈ, ગુલાબી સુતરાઉ
**વસ્ત્ર** : સૂથન, કાછની, પટુકા (ગુલાબી મલમલના)
**ઠાડુ વસ્ત્ર** : સફેદ
**શ્રી મસ્તક પર** : પાગ તથા મુકુટ જડાઉ ફિરોઝાનો
**આભૂષણ** : ચરણારવિંદ સુધીના ફિરોઝાના.

આજથી પંદર દિવસ સુધી સંધ્યા આરતી સમયે ચોર્યાસી કોસ વ્રજયાત્રાની લીલાની સાંઝી મંડાય છે. આજથી કોટની આર્તિ સુધી સંધ્યામાં થાળીની આરતી કરવી.

આજથી લઈને ભાદરવા વદ અમાસ સુધી ફૂલની બે છડી તથા ફૂલના બે ગેંદ શ્રી ઠાકોરજી પાસે ધરાય.

❊ ❊ ❊ ❊ ❊

## ભાદરવા વદ એકમ

**શ્રી યદુનાથજીના બેટીજી ચિ. શ્રુતિરૂપા રાજાનો જન્મ દિવસ**

**સાજ** : કેસરી અને સફેદ લહેરિયાના, પિછવાઈ દાનની
**વસ્ત્ર** : પિછોડા લહેરિયાના
**ઠાડુ વસ્ત્ર** : લાલ અને પીળા લહેરિયાના
**શ્રી મસ્તક પર** : છજ્જેદાર પાગ, ગોળ ચંદ્રિકા, કર્ણફુલ ચાર ધરે.
**આભૂષણ** : ઘુંટણ સુધીના મોતીના અને પન્નાના.

આજે પલના થાય અને વિશેષ સામગ્રી આરોગે.

❊❊❊❊❊

## ભાદરવા વદ બીજ

**સાજ** : દાનની પિછવાઈ રાજશાહી લહેરીયાના
**વસ્ત્ર** : સૂથન, કાછની પટુકા લહેરિયાના
**ઠાડુ વસ્ત્ર** : સફેદ લહેરિયાના
**શ્રી મસ્તક પર** : પાગ, મુગટ, પન્નાનો
**આભૂષણ** : ચરણારવિંદ સુધીના મોતી પન્ના તથા હીરાના.

❊❊❊❊❊

## ભાદરવા વદ ત્રીજ

**શ્રી દામોદર લાલજી મહારાજશ્રીનો ઉત્સવ**

**સાજ** : દાનની પિછવાઈ, કેસરી દોરીયાનો
**વસ્ત્ર** : ધોતી, પટુકા, કેસરી દોરિયાના
**ઠાડુ વસ્ત્ર** : લીલા
**શ્રી મસ્તક પર** : ગોળ પાગ, ચમકની ચંદ્રિકા
**આભૂષણ** : ઘુંટણ સુધીના ફિરોઝા અને નીલમના.

આજે પલના થાય અને અધકિની સામગ્રી આરોગે.

❊❊❊❊❊





## ભાદરવા વદ ચોથ

**સાજ** : ગુલાબી લહેરિયાના, દાનની પિછવાઈ
**વસ્ત્ર** : મલ્લકાછ દોહરો, ગુલાબી લહેરિયાના
**ઠાડુ વસ્ત્ર** : શ્યામ લહેરિયાના
**શ્રી મસ્તક પર** : પાગ ઉપર ટિપારો, જડાવ કુંડળ ધરે.
**આભૂષણ** : કટિ સુધીના માણેક, હીરા અને પન્નાના

❊❊❊❊❊

## ભાદરવા વદ પાંચમ

**શ્રી હરિરાયજીનો ઉત્સવ**

**સાજ** : પિછવાઈ દાનની, ચોકુલી ચુંદડીના
**વસ્ત્ર** : સૂથન, કાછની પટુકા (ચોકુલી ચુંદડીના)
**ઠાડુ વસ્ત્ર** : સફેદ (ચુંદડીના)
**શ્રી મસ્તક પર** : પાગ, મુગુટ જડાવ નવરત્નનો કુંડળ હાંસ ત્રવલ ધરે
**આભૂષણ** : ચરણારવિંદ સુધીના મિલમા. માણેક, મોતી, પન્ના, હીરા અને સોનાના જડાવ.

આજે મહાદાનનો મનોરથ થાય, પલના થાય.

**વિશેષ સામગ્રી** : મોહનથાળ, છુટી બુંદી, મન મનોહરના લાડુ, સકરપારા. દૂધગરમાં, શિખરન, બાસુદી, સફેદ – કેસરી પેંડા બની શકે તેટલા ધરવા.

❊❊❊❊❊

## ભાદરવા વદ છઠ્ઠ

**સાજ** : દાનની પિછવાઈ, લીલા અને સફેદ લહેરિયાના
**વસ્ત્ર** : પિછોડા લહેરિયાના
**ઠાડુ વસ્ત્ર** : લાલ અને પીળા લહેરિયાના
**શ્રી મસ્તક પર** : છજ્જેદાર પાગ, મોરશિખા
**આભૂષણ** : ઘુંટણ સુધીના, મોતીના અને માણેકના.

❊❊❊❊❊

## ભાદરવા વદ સાતમ

સાજ : દાનની પિછવાઈ, લાલ પીળા લહેરિયાના
વસ્ત્ર : ધોતી ઉપરણા લહેરિયાના
ઠાડુ વસ્ત્ર : લીલા અને સફેદ લહેરિયાના
શ્રી મસ્તક પર : છજ્જેદાર પાગ, ગોળ ચંદ્રિકા
આભૂષણ : કટિ સુધીના મોતીના, માણેકના

❊❊❊❊❊

## ભાદરવા વદ આઠમ

સાજ : દાનની પિછવાઈ, ગુલાબી સુતરાઉ
વસ્ત્ર : પિછોડા ગુલાબી મલમલના
ઠાડુ વસ્ત્ર : પીળા
શ્રી મસ્તક પર : છજ્જેદાર પાગ, ચંદ્રિકા
આભૂષણ : ઘૂંટણ સુધીના, હીરા માણેક મોતીના

❊❊❊❊❊

## ભાદરવા વદ નોમ

**ગો. શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રી (કડી–અમદાવાદ)નો જન્મદિવસ**

સાજ : કેસરી લહેરિયા અથવા કેસરી જરદોષી
વસ્ત્ર : સૂથન કાછની પટુકા, કાછની બે રંગની ઉપરની કાછની લાલ અને નીચેની કાછની કેસરી, પટુકા કેસરી
ઠાડુ વસ્ત્ર : સફેદ અને લાલ લહેરિયાના
શ્રી મસ્તક પર : પાગ, મુગુટ જડાવ, કુંડળ, હાંસ ત્રવલ ધરે
આભૂષણ : ચરણારવિંદ સુધીના મિલમા : હીરા માણેક, મોતી, પન્ના અને સોનાનો જડાવ.

આજે પલના થાય વિશેષ સામગ્રી આરોગે.

❊❊❊❊❊



ગો.વા. પ.ભ. હેમંતભાઈ નવીનભાઈ શાહના જય શ્રીકૃષ્ણ

## ભાદરવા વદ દસમ

સાજ : દાનની પિછવાઈ, કસુંબલ લહેરિયાનો
વસ્ત્ર : પિછોડા કસુંબલ લહેરિયાનું
ઠાડુ વસ્ત્ર : પીળા
શ્રી મસ્તક પર : છજ્જેદાર પાગ, ચંદ્રિકા
આભૂષણ : ઘુંટણ સુધીના હીરા તેમજ મોતીના

❊❊❊❊❊

## ભાદરવા વદ અગિયારસ

સાજ : દાનની પિછવાઈ, પીળા સુતરાઉ
વસ્ત્ર : સૂથન, કાછની, પટુકા (પીળા મલમલના)
ઠાડુ વસ્ત્ર : સફેદ
શ્રી મસ્તક પર : છજ્જેદાર પાગ, મુગુટ જડાવ, કુંડલ ધરે
આભૂષણ : ચરણારવિંદ સુધીનો, માણેક તથા મોતીના

❊❊❊❊❊

## ભાદરવા વદ બારસ

**શ્રી ગોપીનાથજીનો ઉત્સવ (શ્રી મહાપ્રભુજીના મોટાલાલજી)**

સાજ : આસમાની છાપાનો લાલ હાંસિયાવાળો
વસ્ત્ર : ધોતી ઉપરણો (કેસરી છાપાના)
ઠાડુ વસ્ત્ર : કુલ્હે લાલ, પાંચ ચંદ્રિકાની જોડ, કુંડળ તથા ત્રવલ ધરે.
આભૂષણ : ઘુંટણ સુધીના હીરા તથા માણેક

❊❊❊❊❊



પ.ભ. શાહ કનુભાઈ મગનલાલના જય શ્રીકૃષ્ણ

## ભાદરવા વદ તેરસ

સાજ : કેસરી સુતરાઉ દાનની પિછવાઈ
વસ્ત્ર : પિછોડા (કેસરી મલમલના)
ઠાડુ વસ્ત્ર : મેઘ શ્યામ
શ્રી મસ્તક પર : કુલ્હે, ઘેરો, કુંડળ, હાંસ, ત્રવલ ધરે
આભૂષણ : ચરણારવિંદ સુધીનો શૃંગાર, મિલવા, હીરા, મોતી, માણેક, પન્ના અને સોનાના જડાવ.

❊ ❊ ❊ ❊ ❊

## ભાદરવા વદ ચૌદસ

સાજ : પંચરંગી લહેરિયાનો
વસ્ત્ર : પિછોડા પીળા લહેરિયાના
ઠાડુ વસ્ત્ર : લીલા લહેરિયાના
શ્રી મસ્તક પર : છજ્જેદાર પાગ નાગફણીનો કતરો
આભૂષણ : ઘુંટણ સુધીના મોતી, માણેક તથા પન્નાના શૃંગાર

❊ ❊ ❊ ❊ ❊

## ભાદરવા વદ અમાસ

સાજ : શ્યામ મલમલના સોનેરી ભરતકામના.
વસ્ત્ર : સૂથન, કાછની પટુકા શ્યામ સોનેરી કિનારના
ઠાડુ વસ્ત્ર : સફેદ
શ્રી મસ્તક પર : પાગ તથા મુગુટ સોનાનો કુંડળ, હાંસ, ત્રવલ ધરે
આભૂષણ : ચરણારવિંદ સુધીના સોનાના

આવતીકાલે જવેરા વાવવાના હોવાથી માટી ખાતર તૈયાર કરી રખાવવા.

❊ ❊ ❊ ❊ ❊


પ.ભ. શાહ રમીલાબેન કિશોરચંદ્ર (ભરૂચ)ના જય શ્રીકૃષ્ણ

# ❊ આસો ❊

## આસો સુદ એકમ

સાજ : લાલ સોનેરી છાપાનો
વસ્ત્ર : સુથનલીલું અને ખુલેબંધનો ચાકદાર (લાલ છાપાનો)
ઠાડુ વસ્ત્ર : પીળું
શ્રી મસ્તક પર : લાલ છાપાની કુલ્હે, પાંચ ચંદ્રિકાની જોડ કુંડળ, હાંસ ત્રવલ, હમેલ તથા ચોટી ધરે.
આભૂષણ : ચરણારવિંદ સુધીનો શૃંગાર, મોતીના હીરાના તથા સોનાના જડાવ.

આજે જવેરા વાવવા.

વિશેષ સામગ્રી : મનોહરના લાડુ

❊ ❊ ❊ ❊ ❊

## આસો સુદ બીજ

સાજ : લીલા છાપાનો
વસ્ત્ર : મલ્લકાછ, લાલ છાપાનો અને ખૂલે બંધનો ચાકદાર લીલા છાપાનો
ઠાડુ વસ્ત્ર : પીળું
શ્રી મસ્તક પર : પાગ ઉપર ટીપારો, કુંડળ તથા ચોટી ધરે
આભૂષણ : કટિ સુધીના માણેક તેમજ મોતીના
વિશેષ સામગ્રી : બાબર

❊ ❊ ❊ ❊ ❊


પ.ભ. અરજણભાઈ રાવજીભાઈ જીવાણીના જય શ્રીકૃષ્ણ

## આસો સુદ ત્રીજ

**શ્રી ગોપાલ લાલજીનો પાટોત્સવ (કડી)**
**શ્રી ઠાકોરજીને શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રીએ**
**નૂતન નંદાલયમાં પધરાવ્યા.**

**સાજ** : પીળા છાપાના
**વસ્ત્ર** : ધોતી લાલ, ખુલે બંધનો ચાકદાર (કેસરી છાપાનો)
**ઠાડુ વસ્ત્ર** : મેઘશ્યામ
**શ્રી મસ્તક પર** : કુલ્હે તથા ઘેરો, કુંડલ તથા ચોટી ધરે.
**આભૂષણ** : ચરણારવિંદ સુધીના માણેકના, પન્નાના તથા સોનાના જડાઉ આવે.
**નોંધ** : આજે પલના થાય. રાજભોગમાં થાળીની આરતી આવે.
**વિશેષ સામગ્રી** : બુંદીના લાડુ

❊ ❊ ❊ ❊ ❊

## આસો સુદ ચોથ

**સાજ** : શ્યામ છાપાનો
**વસ્ત્ર** : ખુલેબંધનો ચાકદાર, સૂથન શ્યામ છાપાનો
**ઠાડુ વસ્ત્ર** : લાલ
**શ્રી મસ્તક પર** : છજ્જેદાર પાગ અને ચમકની ચંદ્રિકા સોનેરી
**આભૂષણ** : ઘુંટણ સુધીના સોનાના.
**વિશેષ સામગ્રી** : મનોહરના લાડુ, ફેણી

❊ ❊ ❊ ❊ ❊

## આસો સુદ પાંચમ

**શ્રી યદુનાથજીના બેટીજી ચિ. નિધિરાજાનો જન્મ દિવસ**

**સાજ** : કેસરી છાપાનો
**વસ્ત્ર** : ધોતી લાલ છાપાની ખુલેબંધનો ચાકદાર કેસરી છાપાનો
**ઠાડુ વસ્ત્ર** : મેઘ શ્યામ
**શ્રી મસ્તક પર** : છજ્જેદાર પાગ લુમ તથા લુમની કલગી





**આભૂષણ** : ઘુંટણ સુધીના પન્ના તથા હીરાના
**નોંધ** : આજે પલના થાય તથા વિશેષ સામગ્રી આરોગે.
**વિશેષ સામગ્રી** : મોહનથાળ, જલેબી

❊ ❊ ❊ ❊ ❊

## આસો સુદ છઠ્ઠ

**સાજ** : ગુલાબી છાપાના
**વસ્ત્ર** : સુથન તથા ખુલબંધનો ચાકદાર ગુલાબી
**ઠાડુ વસ્ત્ર** : શ્યામ
**શ્રી મસ્તક પર** : દુમાલો તથા સહેરો, કુંડળ તથા ચોટી ધરે
**આભૂષણ** : ચરણારવિંદ સુધીના હીરા, મોતી તથા પન્નાના
**વિશેષ સામગ્રી** : દૂધ પૂવા

❊ ❊ ❊ ❊ ❊

## આસો સુદ સાતમ

**સાજ** : ફિરોઝી છાપાના
**વસ્ત્ર** : ધોતી કેસરી, ચાકદાર ખુલે બંધનો ફિરોઝી
**ઠાડુ વસ્ત્ર** : મેઘ શ્યામ
**શ્રી મસ્તક પર** : ફેંટો તથા ચમકની ચંદ્રિકા તથા ડાબી બાજુનો કતરો.
**આભૂષણ** : કટિ સુધીના નિલમના
**વિશેષ સામગ્રી** : દહીંથરા

❊ ❊ ❊ ❊ ❊

## આસો સુદ આઠમ

**શ્રી ઘનશ્યામલાલજી મહારાજશ્રીનો ઉત્સવ**

**સાજ** : સોસની છાપાના
**વસ્ત્ર** : સુથન, કાછની પટુકા, કેસરી છાપાના
**ઠાડુ વસ્ત્ર** : સફેદ
**શ્રી મસ્તક પર** : પાગ તથા મુકુટ સોનાનો
**આભૂષણ** : ચરણારવિંદ સુધીના સોનાના

**નોંધ** : આજે પલના થાય તથા અધકિની સામગ્રી આરોગે.
**વિશેષ સામગ્રી** : મનોહરના લાડુ, સકરપારા

❊ ❊ ❊ ❊ ❊

## આસો સુદ નોમ

**સાજ** : સફેદ છાપાના
**વસ્ત્ર** : સુથન ખુલેબંધનો ચાકદાર
**ઠાડુ વસ્ત્ર** : લાલ
**શ્રી મસ્તક પર** : ગોળ પાગ, ચમકની ચંદ્રિકા
**આભૂષણ** : ઘુંટણ સુધી માણેક તથા પન્નાના.
**વિશેષ સામગ્રી** : પપચી

❊ ❊ ❊ ❊ ❊

## આસો સુદ દસમ

**વિજ્યા દશમી**

**સાજ** : સફેદ જરીનો
**વસ્ત્ર** : સુથન ચોળી તથા ઘેરદાર
**ઠાડુ વસ્ત્ર** : લીલા
**શ્રી મસ્તક પર** : સફેદ ચીરા, ચંદ્રિકા કર્ણફૂલ ચાર ધરે
**આભૂષણ** : કટિ સુધીના હીરા તથા માણેકના

હાંસ ત્રવલ ધરે શૃંગાર થઈ ગયા પછી કટિ પર તલવાર બાંધવી અને ઢાલ ઠાકોરજીની ડાબી બાજુ ગાદી ઉપર રહે. તલવાર એવી રીતે ધરવી કે તેની મૂઠ ઠાકોરજીની જમણીબાજુ રહે. જ્વારા ભોગના સમયમાં ધરવા. ઉત્થાપન ભોગ આવે ત્યારે દશહરા માંડીને તૈયાર રાખવા તેના ઉપર કેસરી /પીળું વસ્ત્ર ધરીને રાખવું. જ્વારાને શંખોદક કરી પીળા રેશમી દોરાથી કલગી બનાવી તૈયાર રાખવા. એક થાળીમાં કંકુ અક્ષત બીડાચૂનની આરતી વગેરે તૈયાર રાખવા સાંજે ઉત્થાપનના ભોગ સરાવી દર્શન ખોલવા ચૂનના દિવલાની


પ.ભ. શાહ છત્યાબેન સુમનભાઈના જય શ્રીકૃષ્ણ

આરતી પ્રગટાવીને પડઘા પર પધરાવવી. ઝાલર, ઘંટા શંખનાદ થાય. ઠાકોરજીને તિલક અક્ષત કરી ચંદ્રિકા વડી કરી જ્વારાની કલગી ધરાવવી થોડા જ્વારા ચરણારવિંદમાં સમર્પવા પછી ચૂનના આરતી મુઠિયાવાળીને ઉતારવી પછી દર્શન બંધ કરી ઉત્સવ ભોગ અને સંધ્યા ભોગ ભેગા ધરવા. ભોગ આવી જાય પછી ઢાલ અને તલવાર તેમજ શૃંગાર વડા થાય.

આજથી પંખા બંધ થાય, વાગો ધરવાનું શરૂ થાય.

**વિશેષ સામગ્રી** : માટ દસ નંગ તથા સેવના લાડુ

❊ ❊ ❊ ❊ ❊

## આસો સુદ અગિયારસ

**સાજ** : સોનેરી જરીના
**વસ્ત્ર** : સૂથન, ચોલી, કાછની, પટુકા સોનેરી જરીના
**ઠાડુ વસ્ત્ર** : સફેદ
**શ્રી મસ્તક પર** : પાગ ઉપર મુગુટ (પન્નાનો) કુંડળ તથા ચોટી ધરે
**આભૂષણ** : ચરણારવિંદ સુધીના પન્નાના

❊ ❊ ❊ ❊ ❊

## આસો સુદ બારસ

**સાજ** : લીલી જરીના
**વસ્ત્ર** : સૂથન, ચોલી, કાછની, બેરંગી ઉપરની કાછની લાલ રંગની, નીચેની કાછની લીલા રંગની, પટુકા ધરે (લીલા જરીના)
**ઠાડુ વસ્ત્ર** : સફેદ
**શ્રી મસ્તક પર** : પાગ ઉપર મુગુટ ધરે માણેકના કુંડલ તથા ચોટી ધરે.
**આભૂષણ** : ચરણારવિંદ સુધીના મોતી તેમજ માણેકના

❊ ❊ ❊ ❊ ❊


પ.ભ. ધ્રુવીબેન ચિંતનભાઈ પટેલ (બોપલ)ના જય શ્રીકૃષ્ણ

## આસો સુદ તેરસ

**સાજ** : પીળી જરીના
**વસ્ત્ર** : સૂથન, ચોલી, કાછની પટુકા પીળી જરીના
**ઠાડુ વસ્ત્ર** : સફેદ
**શ્રી મસ્તક પર** : પાગ ઉપર મુગુટ ફિરોઝાનો, કુંડલ તથા ચોટી ધરે
**આભૂષણ** : ચરણારવિંદ સુધીનો ફિરોઝાનો

❈ ❈ ❈ ❈ ❈

## આસો સુદ ચૌદસ

**સાજ** : શ્યામ જરીના
**વસ્ત્ર** : સૂથન, ચોલી, કાછની તથા પટુકા
**ઠાડુ વસ્ત્ર** : સફેદ
**શ્રી મસ્તક પર** : પાગ ઉપર મુગટ ધરે મુંગાનો, કુંડલ તથા ચોટી ધરે.
**આભૂષણો** : ચરણારવિંદ સુધીના મુંગાના.

❈ ❈ ❈ ❈ ❈

## આસો સુદ પૂનમ

**શરદ પૂર્ણિમા**

**સાજ** : સફેદ જરીના, રાસની પિછવાઈ
**વસ્ત્ર** : **સૂથન** : સફેદ જરીનું, **ચોલી** : મેઘ શ્યામ, **કાછની** : ઉપરની કાછની સોનેરી જરીની, નીચેની કાછની સફેદ જરીની, પીતાંબર : લાલ
**ઠાડુ વસ્ત્ર** : સફેદ જામદાની (ચીકન)
**શ્રી મસ્તક પર** : પાગ ઉપર હીરાનો મુગુટ, હીરાના કુંડળ, હાંસ ત્રલવ, ચોટી ધરે, કમલપત્ર થાય.
**આભૂષણ** : ચરણારવિંદ સુધીના હીરાના તેમજ મોતીના ભારે શૃંગાર થાય. ગુંજામાળા સફેદ ધરવી.



**નોંધ** : આજે સાંજે શયન ભોગ સરાવી પ્રભુને ચોકમાં પધરાવવા, સજાવટમાં ખંડપાટ, ચોકી ગેંદ છડી, ચોપડ, સખા અને સખીએ ધરવા. ઉત્સવ ભોગ ધરવા. સમય થાય ત્યારે ભોગ સરે ચાંદની મુખ પર આવે એટલે એક શયનની અને ઉત્સવની ચાંદીના દિવલાવાળી થાળીની આરતી કરવી.
**વિશેષ સામગ્રી** : દુધ પૌંઆ, ચંદ્રકળા, દહીં થરા, ચોરીઠાનો મગાજ, ખાજા, પાટિયાની સેવ, સખડીમાં અડધના વડા, મેંદાની પૂરી, બેસનની સેવ. દૂધગરમાં પેંડા, બરફી, શિખરન, બાસુંદી, માખણ, મિશ્રી, દહીં, કાજુનો મેસુબ, કાજુ કતરી, મખાણાની ખીર, લીલો મેવો, રાયતા

❈ ❈ ❈ ❈ ❈

## આસો વદ એકમ

**સાજ** : સફેદ જરીના
**વસ્ત્ર** : સૂથન સફેદ જરીનું ચોલી, મેઘ શ્યામ, કાછની. ઉપરની કાછની સોનેરી જરીની નીચેની કાછની સફેદ જરીની, પીતાંબર લાલ.
**ઠાડુ વસ્ત્ર** : સફેદ જામદાની (ચીકન)
**શ્રી મસ્તક પર** : પાગ ઉપર હીરાનો મુગુટ કુંડળ હીરાના, હાંસ ત્રવલ હીરાના ચોટી ધરે.
**આભૂષણ** : ચરણારવિંદ સુધીના હીરાનો તેમજ મોતીના ભારે શૃંગાર થાય, ગુંજામાળા સફેદ ધરે.

❈ ❈ ❈ ❈ ❈

## આસો વદ બીજ

**સાજ** : સફેદ જરીના
**વસ્ત્ર** : સૂથન, ચોલી, ઘેરદાર, સફેદ જરીના.
**ઠાડુ વસ્ત્ર** : લાલ
**શ્રી મસ્તક પર** : છજ્જેદાર ચીરા, લૂમની કલગી
**આભૂષણ** : કટિ સુધીના માણેકના

❊ ❊ ❊ ❊ ❊

## આસો વદ ત્રીજ

**સાજ** : સોસની જરીના
**વસ્ત્ર** : સૂથન, બંડી, ચાકદાર, પટુકા સોસની જરીના.
**ઠાડુ વસ્ત્ર** : ગુલાબી
**શ્રી મસ્તક પર** : છજ્જેદાર ચીરા, ચમકની ચંદ્રિકા
**આભૂષણ** : ઘુંટણ સુધીના મોતીના તેમજ હીરાના

❊ ❊ ❊ ❊ ❊

## આસો વદ ચોથ

**શ્રી જયદેવલાલજી મહોદયશ્રીના**
**વહુજી અ.સૌ. જ્યોતિકા વહુજીનો જન્મ દિવસ**

**સાજ** : પીળી જરીના
**વસ્ત્ર** : સૂથન, ચોલી, ઘેરદાર, કેસરી જરીના
**ઠાડુ વસ્ત્ર** : લીલા
**શ્રી મસ્તક પર** : છજ્જેદાર ચીરા, રૂપેરી ચમકની ચંદ્રિકા
**આભૂષણ** : કટિ સુધીના માણેકના.
**નોંધ** : આજે પલના થાય તથા વિશેષ સામગ્રી આરોગે.

❊ ❊ ❊ ❊ ❊




## આસો વદ પાંચમ

**સાજ** : લીલી જરીના
**વસ્ત્ર** : સૂથન, બંડી, ચાકદાર, પટુકા, લીલી જરીના
**ઠાડુ વસ્ત્ર** : લાલ
**શ્રી મસ્તક પર** : છજ્જેદાર ચીરા, ચંદ્રિકા
**આભૂષણ** : ઘુંટણ સુધીના હીરા, માણેક, મોતીના

❊ ❊ ❊ ❊ ❊

## આસો વદ છઠ્ઠ

**સાજ** : લાલ જરીના
**વસ્ત્ર** : સુથન, ચોલી, ઘેરદાર લાલ જરીના
**ઠાડુ વસ્ત્ર** : લીલા
**શ્રી મસ્તક પર** : છજ્જેદાર ચીરા, ચમકની ચંદ્રિકા સોનેરી
**આભૂષણ** : કટિ સુધીના હીરા તેમજ મોતીના

❊ ❊ ❊ ❊ ❊

## આસો વદ સાતમ

**સાજ** : સફેદ જરીના
**વસ્ત્ર** : સુથન, બંડી, ચાકદાર, પટુકા સફેદ જરીના
**ઠાડુ વસ્ત્ર** : કેસરી
**શ્રી મસ્તક પર** : કુલ્હે પાંચ ચંદ્રિકાની જોડ કુંડળ તથા ચોટી ધરે.
**આભૂષણ** : ચરણારવિંદ સુધીના હીરા, માણેક, મોતી તથા પન્નાના.

❊ ❊ ❊ ❊ ❊

## આસો વદ આઠમ

**સાજ** : લાલ જરીના

**વસ્ત્ર** : સૂથન, ચોલી, કાછની, પટુકા લાલ જરીના

**ઠાડુ વસ્ત્ર** : સફેદ

**શ્રી મસ્તક પર** : છજ્જેદાર પાગ ઉપર મુગુટ જડાવ

**આભૂષણ** : ચરણારવિંદ સુધીના હીરા માણેક મોતીના

❊ ❊ ❊ ❊ ❊

## આસો વદ નોમ

**સાજ** : સોનેરી જરીના

**વસ્ત્ર** : સૂથન, ચોલી, ઘેરદાર, સોનેરી જરીના

**ઠાડુ વસ્ત્ર** : લાલ

**શ્રી મસ્તક પર** : ગોળ ચીરા, લૂમ અને લૂમની કલગી

**આભૂષણ** : કટિ સુધીના મોતી અને પન્નાના

❊ ❊ ❊ ❊ ❊

## આસો વદ દશમ

**સાજ** : સફેદ જરીનો, સોનેરી કિનારના

**વસ્ત્ર** : સૂથન, ચોલી ઘેરદાર સફેદ જરીના

**ઠાડુ વસ્ત્ર** : લીલા

**શ્રી મસ્તક પર** : સફેદ છજ્જેદાર ચીરા, લૂમ તથા લૂમની કલગી

**આભૂષણ** : કટિ સુધીના મોતી અને પન્નાના

❊ ❊ ❊ ❊ ❊





## આસો વદ અગિયારસ

**સાજ** : શ્યામ જરીનો સોનેરી કિનારનો

**વસ્ત્ર** : સૂથન, બંડી, ચાકદાર, પટુકા. શ્યામ જરીના

**ઠાડુ વસ્ત્ર** : પીળા

**શ્રી મસ્તક પર** : શ્યામ છજ્જેદાર ચીરા, નાગફણીનો કતરો, કર્ણફૂલ ચાર ધરે

**આભૂષણ** : ઘુંટણ સુધીના હીરા તેમજ મોતીના

**નોંધ** : આજથી શ્રી ઠાકોરજી હટડીમાં બિરાજે તેમજ દિપમાલિકા થાય.

❊ ❊ ❊ ❊ ❊

## આસો વદ બારસ

**સાજ** : પીળી જરીનો

**વસ્ત્ર** : સૂથન, ચોલી, ઘેરદાર પીળા જરીના

**ઠાડુ વસ્ત્ર** : લીલા

**શ્રી મસ્તક પર** : પીળા છજ્જેદાર ચીરા, ચમકની ચંદ્રિકા, કર્ણફૂલ ચાર ધરે

**આભૂષણ** : ઘુંટણ સુધીના મોતી તેમજ પન્નાના.

❊ ❊ ❊ ❊ ❊

## આસો વદ તેરસ

**ધનતેરસ**

**શ્રી વ્રજપાલજી મહારાજશ્રીનો ઉત્સવ**

**સાજ** : લીલી જરીના

**વસ્ત્ર** : સૂથન, બંડી, ચાકદાર, પટુકા લીલા જરીના

**ઠાડુ વસ્ત્ર** : લાલ

**શ્રી મસ્તક પર** : લીલા છજ્જેદાર ચીરા, કર્ણફુલ ચાર, લૂમ તથા લૂમની કલગી

**આભૂષણ** : ચરણારવિંદ સુધીના હીરા, માણેક, મોતીના

**નોંધ** : આજે પલના થાય તથા અધકિની સામગ્રી આરોગે.

❊ ❊ ❊ ❊ ❊

## આસો વદ ચૌદસ

**રૂપ ચતુર્દશી**

**સાજ** : સોનેરી જરીનો અથવા લાલ જરીનો

**વસ્ત્ર** : સૂથન, ચોલી, ઘેરદાર લાલ અથવા સોનેરી જરીના

**ઠાડુ વસ્ત્ર** : મેઘશ્યામ

**શ્રી મસ્તક પર** : સોનેરી જરીની છજ્જેદાર પાગ, લૂમ, તોરા, કલગી અથવા મોરપિચ્છની ચંદ્રિકા કર્ણફૂલ ચાર.

**આભૂષણ** : ઘુંટણ સુધીના મિલમા, હીરા, માણેક, મોતી, પન્ના અને સોનાના જડાઉ.

**નોંધ** : મંગળા આરતી પછી અભ્યંગ થાય. (સૂર્યોદય પહેલા)

❊ ❊ ❊ ❊ ❊

## આસો વદ અમાસ

**દિવાળી**

**સાજ** : સફેદ જરીનો

**વસ્ત્ર** : સૂથન લાલ જરીનું, બંડી ચાકદાર સફેદ જરીના, પટુકા લાલ જરીના

**ઠાડુ વસ્ત્ર** : કેસરી (સિન્દૂરી)

**શ્રી મસ્તક પર** : કુલ્હે સફેદ જરીની, સાત ચંદ્રિકાની જોડ હાંસ, ત્રવલ હમેલ, કુંડળ ચોટી ધરે કમલપત્ર થાય.

**આભૂષણ** : ચરણારવિંદ સુધીનો શૃંગાર મિલવા હીરા, માણેક, મોતી, પન્ના અને સોનાના જડાઉ, ભારે ત્રણ જોડીના શૃંગાર થાય.



આસો વદ અગિયારસથી અમાસ સુધી હટડીમાં બિરાજે અને દિપમાલિકા થાય, સાંજે શયનમાં શૃંગાર વડા કરવા નહીં. ઠાકોરજી શય્યા મંદિરમાં હટડીમાં બિરાજે, શય્યા મંદિરમાં હટડીની સજાવટ થાય, ચોપાટ બિછાવાય. દૂધઘર તથા અનસખડી ભોગની સજાવટ થાય. ત્રાજવા ધરાય આજે શ્રીફળ અને ભેટ અવશ્ય થાય ત્યારબાદ ભીતર ચાંદીના દિવડાવાળી આરતી થાય.

❊ ❊ ❊ ❊ ❊

# ❊ કારતક ❊

## કારતક સુદ એકમ

વસ્ત્ર સાજ શૃંગાર આગલા દિવસનો જ રહે. ખાલી કુલ્હે ઉપર ગોકર્ણ ધરાય. આજે રાજભોગ ધર્યા પછી અન્નકૂટ ભોગ ધરાય.

### અન્નકૂટની સામગ્રી

**દૂધઘર** : પેંડા સફેદ અને કેસરી, બરફી સફેદ અને કેસરી, કોપરાપાક, કાજુ કતરી, દૂધનો હલવો, દૂધીનો હલવો, ઓટેલું દૂધ, રબડી, બાંસુદી, ગુલાબજાંબુ, બીજના લાડુ, ચારોળીના લાડુ, મગફળીના લાડુ, શિખરન, માખણ, મિશ્રી, દહીં.

**મેસુબ** : બદામનો, કાજુનો, પિસ્તાનો, સિંગદાણાનો, લીલા કોપરાનો, મલાઈનો

**સૂકો મેવો** : બદામ, કાજુ, પિસ્તા, કિસમિસ

**તળેલા મેવા** : બદામ, કાજુ, પિસ્તા, માખણ

**પાયેલા મેવા** : બદામ, કાજુ, પિસ્તા, મગફળી, ચારોળી

**બિલસાસ** : સૂકામેવાનું, સફરજનનું, પાકા કેળાનું, કેરીનું

**લીલો મેવો** : કેળા, ચીકુ, સફરજન, દાડમ, દ્રાક્ષ

**રાયતા** : કેળા, દ્રાક્ષ, કાકડી

| | | |
|---|---|---|
| **નાગરી** | : | મગસ ચાર જાતના, બેસનનો, અડદનો, ચોરીઠાનો, મગનો, ગોળપાપડી |
| **સંધાના** | : | કેરીનું ખાટું અને ગળ્યું, મુરબ્બો, આદુ, હળદર, લીલી અને આંબા, લીંબુનું અથાણુ, લીંબુની ફાંક અને કાચા સંધાના (બાફના) |
| **ચટણી** | : | કોથમીર, આંબોળિયાની<br>લૂણ અને મરીની કટોરી ધરવી. |
| **અનસખડી** | : | ખીર (ચાર પ્રકારની) ચોખાની, સેવની, સંજાબની અને મણકાની. બડી સેવા (શિખર અને ચાર ગુંજા) ગુંજા, દિવલા, સકરપારા, ઠોર, બુંદી, શીરો ઘઉંનો તેમજ રવાનો. પાટિયાની સેવ, ફાડા લાપસી, લાડુ, ગોળના અને ખાંડના માલપુઆ, બાબર, ઘેબર. ખરમંડા, તોતરી, લુચઈ, માખણવડા, દહીંવડા, ઈંદરસા, જલેબી, મોહનથાળ, ઉપરેટા, કપૂરનાડી, ખીરવડા, તવાપૂરી, સેવના લાડુ, બુંદીના લાડુ, મનોહરના લાડુ, ઢાંસના લાડુ, બુરા ભરકી, તવાપુરી, મેવાટી, બુડકલ, મનમનોહર, ચંદ્રકળા, ઘારી. |
| **અનસખડી ફીકા** | : | સુહારી સફેદ અને કેસરી, દહીંથરા, ગાંઠિયા, ઝીણી સેવ, જાડી સેવ, ફુલવડી, મેંદાની પૂરી, થપડી, ફરસી પૂરી, ખરખરી ચકુલી, સકરપારા, ઘઉંની પૂરી, ફડફડિયા, ચણાની દાળના, મગની દાળના અને વટાણાના. |
| **પાપડ** | : | અડદના, મગના, મઠના, ચોખાના |





| | | |
|---|---|---|
| **સખડી** | : | ભાત, શિખરન ભાત, દહીં ભાત, વડી ભાત, છોકેલા ભાત, મેવા ભાત |
| **દાળ** | : | મગની, અડદની, તુવેરની અને ચણાની, કઢી પકોડીવાળી |
| **કઠોળ** | : | મગ, ચોળા, તુવેર, વાલ, મઠ, ચણા, વટાણા, કાબુલી ચણા, આખા અડદ |
| **શાક** | : | ભીંડા, બટાકા, રવૈયા, ટિંડોળા, કારેલા, કાકડી |
| **શાક રસાવાળા** | : | દૂધી, બટાકા, તૂરિયા અને ગલકાનું |
| **ભાજી** | : | મેથીની ભાજી, સવાની ભાજી, પાલકની ભાજી અને તાંદળજો. |
| **ભજિયા** | : | બટાકાના, રીંગણ, કેળા, રતાળા, મરચાના, ઢોકળા : સફેદ અને પીળા, ખમણ, મુઠિયા, પતરવેલિયા, કચોરી, સમોસા, ખાંડવી, દહીંવડા, મેથીના ગોટા, અડદના વડા, ચોળાની દાળની વડી, અડદની દાળની વડી, મગની દાળની વડી, તિલવડી, બાજરીનો રોટલો, પૂરણપોળી. |

❊❊❊❊❊

## કારતક સુદ બીજ

**ભાઈબીજ**

| | | |
|---|---|---|
| **સાજ** | : | ગુલાબી જરીના |
| **વસ્ત્ર** | : | સુથન ચોળી, ઘેરદાર (ગુલાબી જરીના) |
| **ઠાડુ વસ્ત્ર** | : | પતંગી |
| **શ્રી મસ્તક પર** | : | ગુલાબી ચીરા, ચંદ્રિકા, કર્ણ ફુલ ચાર ધરે |
| **આભૂષણ** | : | કટિ સુધીના પન્નાના. |

આજે ભીતર તિલક થાય, રાજભોગ સજી જાય પછી હાથ ખાસા કરી ઝાલર, ઘંટા સાથે શ્રી ઠાકોરજીને તિલક અક્ષત થાય પછી ચૂનના દિવડાવાળી આરતી થાય પછી તુલસીજી સમર્પી શંખોદક કરી ભોગ ધરવા.

વિશેષ સામગ્રી : અનસખડીમાં પાટિયાની સેવ / મનોહરના લાડુ, સખડીમાં ખીચડી, પકોડીની કઢી, તીનકુડા, અડદની દાળના વડા, મીઠું શાક, પાપડ, કચરીયા ભુજેના

❊ ❊ ❊ ❊ ❊

## કારતક સુદ ત્રીજ

**સાજ** : લીલી જરીના

**વસ્ત્ર** : સુથન, ચોળી, ઘેરદાર (લીલા જરીના)

**ઠાડુ વસ્ત્ર** : લાલ

**શ્રી મસ્તક પર** : ગોળ લીલા ચીરા, ચમકની ચંદ્રિકા

**આભૂષણ** : કટિ સુધીના, મુંગાના

❊ ❊ ❊ ❊ ❊

## કારતક સુદ ચોથ

**સાજ** : ગુલાબી જરીના

**વસ્ત્ર** : સુથન, બંડી, ચાકદાર પટુકા (ગુલાબી જરીના)

**ઠાડુ વસ્ત્ર** : શ્યામ

**શ્રી મસ્તક પર** : ગોટી પગો, ગોળ ચમકની ચંદ્રિકા અને ડાબી બાજુનો કતરો.

**આભૂષણ** : ઘુંટણ સુધીના, સોનાના

❊ ❊ ❊ ❊ ❊



પ.ભ. જેઠાભાઈ રાઘવજીભાઈ વાઘેલાના જય શ્રીકૃષ્ણ

## કારતક સુદ પાંચમ

**સાજ** : પચરંગી જરીના

**વસ્ત્ર** : સુથન બંડી, ચાકદાર પટુકા (પચરંગી જરીના)

**ઠાડુ વસ્ત્ર** : પીળું

**શ્રી મસ્તક પર** : પાગ પર ટીપારો કુંડલ તથા ચોટી ધરે

**આભૂષણ** : ચરણારવિંદ સુધીના, મિલમા, હીરા માણેક, મોતી, પન્ના અને સોનાના જડાઉ

❊ ❊ ❊ ❊ ❊

## કારતક સુદ છઠ્ઠ

**સાજ** : ગુલાબી જરીના

**વસ્ત્ર** : સુથન ચોળી, ઘેરદાર, ગુલાબી જરીના

**ઠાડુ વસ્ત્ર** : સુવા પંખી (આછો લીલો)

**શ્રી મસ્તક પર** : ચીરા અને ચંદ્રિકા

**આભૂષણ** : કટિ સુધીના માણેક અને પન્નાના

❊ ❊ ❊ ❊ ❊

## કારતક સુદ સાતમ

**શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રીના તૃતીયલાલજી શ્રી જયદેવલાલજી મહોદયશ્રીનો જન્મ દિવસ**

**સાજ** : કેસરી જરીના

**વસ્ત્ર** : સુથન, બંડી, ચાકદાર પટુકા (કેસરી)

**ઠાડુ વસ્ત્ર** : મેઘ શ્યામ

**શ્રી મસ્તક પર** : દુમાલા સહેરા કુંડલ તથા ચોટી ધરે

**આભૂષણ** : ચરણારવિંદ સુધીના મિલમા, હીરા, માણેક, મોતી, પન્ના અને સોના જડાઉ.

**નોંધ** : આજે પલના થાય અને વિશેષ સામગ્રી આરોગે.

❊ ❊ ❊ ❊ ❊



પ.ભ. બીનાબેન દિપકભાઈ મહેતાના જય શ્રીકૃષ્ણ

## કારતક સુદ આઠમ

**ગોપાષ્ટમી**

**સાજ** : સોનેરી જરીના (ગોપાષ્ટમીની પીછવાઈ)
**વસ્ત્ર** : સુથન : કેસરી જરીનું, ચોલી : મેઘ શ્યામ, કાછની ઉપરની લાલ જરીની, નીચેની લીલી જરીની, પીતામ્બર લાલ.
**ઠાડુ વસ્ત્ર** : સફેદ
**શ્રી મસ્તક પર** : પાગ પર મુકુટ જડાઉ, કુંડલ તથા ચોટી ધરે.
**આભૂષણ** : ચરણારવિંદ સુધીના મિલમા, હીરા માણેક, મોતી, પન્ના અને સોનાના જડાઉ

આજે શૃંગાર પછી કુનવારો થાય.

**વિશેષ સામગ્રી** : સેવના લાડુ, શીરો, સંજાબની ખીર
**કુનવારની સામગ્રી** : સેવના લાડુ, મઠડી, શીરો, પાટિયાની સેવ અને દહીં ભાત

❊❊❊❊❊

## કારતક સુદ નોમ

**અક્ષય નવમી**

**સાજ** : સફેદ જરીનો
**વસ્ત્ર** : સૂથન લાલ જરીનું બંડી, ચાકદાર સફેદ જરીના, પટુકા લાલ
**ઠાડુ વસ્ત્ર** : કેસરી (સિન્દુરી)
**શ્રી મસ્તક પર** : કુલ્હે સફેદ જરીના, સાત ચંદ્રિકાની જોડ, હાંસ, ત્રવલ હમેલ કુંડલ ચોટી ધરે, ગોકર્ણ ધરે.
**આભૂષણ** : ચરણારવિંદ સુધીના મિલમા, હીરા, માણેક, મોતી, પન્ના અને સોનાના જડાઉ ભારે ત્રણ જોડીના શૃંગાર થાય.
**વિશેષ સામગ્રી** : બુંદીના લાડુ

❊❊❊❊❊





## કારતક સુદ દશમ

**શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રીના દ્વિતિય લાલજી**
**શ્રી દ્વારકેશલાલજી મહોદયશ્રીનો જન્મ દિવસ**

**સાજ** : કેસરી જરીના
**વસ્ત્ર** : સુથન, બંડી, ચાકદાર પટુકા (કેસરી જરીના)
**ઠાડુ વસ્ત્ર** : મેઘ શ્યામ
**શ્રી મસ્તક પર** : દુમાલા શહેરા, કુંડલ, હાંસ, ત્રવલ, હમેલ તથા ચોટી ધરે
**આભૂષણ** : ચરણારવિંદ સુધીના મિલમા, હીરા, માણેક, મોતી, પન્ના તથા સોનાના જડાઉ.
**નોંધ** : આજે પલના થાય અને વિશેષ સામગ્રી આરોગે.

❊❊❊❊❊

## કારતક સુદ અગિયારસ

**સાજ** : સોનેરી જરીના
